# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

## ૩. ઈટાવા અને મઘાનીસર (પંચમહાલ જિલ્લો)


: અહેવાલ લેખન :

મુસ્તાઅલી મસવી

ગૌરીશ પંડ્યા

સંપાદન

ડૉ. ભા. નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

63

૧૯૮૦

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧ | પ્રાસ્તાવિક : વિસ્તાર પરિચય, અભ્યાસનો હેતુ, કાર્યક્ષેત્ર અને અભ્યાસની પદ્ધતિ | ૧ |
| ૨ | ભીલ જાતિનો પરિચય : ઐતિહાસિક ભૂમિકા, વસતિ | ૧૯ |
| ૩ | ભૌતિક સંસ્કૃતિ | ૨૭ |
| ૪ | ઇટાવા : ૧૯૬૯ | ૪૩ |
| ૫ | ઇટાવા : ૧૯૬૯-૧૯૭૯ તુલનાત્મક સ્થિતિ | ૬૭ |
| ૬ | મધાનીસર : ૧૯૬૯ | ૯૩ |
| ૭ | મધાનીસર : ૧૯૬૯-૧૯૭૯ તુલનાત્મક સ્થિતિ | ૧૧૭ |
| ૮ | સામાજિક અને રાજકીય સંગઠન | ૧૩૭ |
| ૯ | સામાજિક રીતરિવાજ | ૧૫૨ |
| ૧૦ | ધાર્મિક જીવન | ૧૮૪ |
| ૧૧ | સારાંશ | ૧૯૭ |
| | પરિશિષ્ટ | ૨૦૩ |


...

## કોઠાની અનુક્રમણિકા


| ક્રમ | કોઠા નંબર | શીર્ષક | પૃષ્ઠ નંબર |
| --- | --- | --- | --- |
| | | **પ્રકરણ-૧** | |
| ૧ | ૧ | દાહોદ તાલુકામાં કામ કરતી વસતિનું ધંધાકીય વર્ગીકરણ(૧૯૬[illegible]) | ૮ |
| ૨ | ૨ | ઝાલોદ તાલુકામાં કામ કરતી વસતિનું ધંધાકીય વર્ગીકરણ(૧૯૭૧) | ૧૦ |
| ૩ | ૩ | ઇટાવા ગામની જન્મ-મરણ નોંધ | ૧૪ |
| ૪ | ૪ | ઇટાવા ગામની શાળામાં ધોરણવાર વિદ્યાર્થીઓની સંખ્યા | ૧૬ |
| ૫ | ૫ | મધાનીસર ગામની શાળામાં ધોરણવાર વિદ્યાર્થીઓની સંખ્યા | ૧૮ |
| | | **પ્રકરણ-૨** | |
| ૬ | ૧ | રાજ્યવાર ભીલોની વસતિ | ૨૧ |
| ૭ | ૨ | જિલ્લાવાર ભીલ વસતિ | ૨૨ |
| ૮ | ૩ | પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ભીલની વસતિ | ૨૩ |
| | | **પ્રકરણ-૩** | |
| ૯ | ૧ | ઘરવખરીનાં સાધનો ધરાવનાર કુટુંબની સંખ્યા (૧૯૬૯) | ૩૧ |
| | | **પ્રકરણ-૪** | |
| ૧૦ | ૧ | કુટુંબનું કદ પ્રમાણે વર્ગીકરણ | ૪૩ |
| ૧૧ | ૨ | વસતિનું વયજૂથ પ્રમાણ વર્ગીકરણ | ૪૪ |
| ૧૨ | ૩ | જમીન ધારણના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ | ૪૬ |
| ૧૩ | ૪ | એકરદીઠ ઉત્પાદન (કિલોમાં) | ૪૭ |
| ૧૪ | ૫ | નમૂનાનાં કુટુંબનું કુલ ખેતી ખર્ચ (રૂ.માં) | ૪૮ |
| ૧૫ | ૬ | જમીનના કદ પ્રમાણે ઘરવખરીનાં સાધનો ધરાવતાં કુટુંબોની સંખ્યા | ૫૧ |
| ૧૬ | ૭ | જમીનના કદ પ્રમાણે અને સાધનવાર કુટુંબદીઠ વાર્ષિક આવક(રૂ.માં) | ૫૪ |
| ૧૭ | ૮ | કુટુંબના કદ અને આવકજૂથ પ્રમાણે કુટુંબોની વહેંચણી (રૂ.માં) | ૫૫ |
| ૧૮ | ૯ | જમીનના કદ પ્રમાણે વાર્ષિક વપરાશ (રૂ.માં) | ૫૬ |
| ૧૯ | ૧૦ | આવકજૂથ પ્રમાણે વાર્ષિક વપરાશ | ૫૮ |

| | | | |
|---|---|---|---|
| ૨૦ | ૧૧ | જમીનના કદ પ્રમાણે સાધનવાર કુટુંબદીઠ દેવું | ૬૦ |
| ૨૧ | ૧૨ | જમીનના કદ પ્રમાણે હેતુવાર દેવું (રૂ.માં) | ૬૧ |
| ૨૨ | ૧૨:૧ | આવકજૂથ પ્રમાણે દેવું | ૬૨ |
| ૨૩ | ૧૩ | કુટુંબના કદ પ્રમાણે કુટુંબદીઠ અસ્કયામતો (રૂ.માં) | ૬૩ |
| ૨૪ | ૧૪ | આવકજૂથ પ્રમાણે હેતુવાર દેવું (રૂ.માં) | ૬૪ |


પ્રકરણ-૫


| | | | |
|---|---|---|---|
| ૨૫ | ૧ | ખાતેદારોની સંખ્યા અને જમીનનો વિસ્તાર | ૬૮ |
| ૨૬ | ૨ | ખાતેદારદીઠ જમીન (એકરમાં) | ૬૯ |
| ૨૭ | ૩ | ગામમાં જુદા જુદા પાક હેઠળનો વિસ્તાર (એકરમાં) | ૭૦ |
| ૨૮ | ૪ | કુટુંબના કદ પ્રમાણે કુટુંબની વહેંચણી | ૭૨ |
| ૨૯ | ૫ | કુટુંબના પ્રકાર પ્રમાણે કુટુંબની વહેચણી | ૭૨ |
| ૩૦ | ૬ | તપાસેલ કુટુંબોમાં શિક્ષણ | ૭૩ |
| ૩૧ | ૭ | વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ | ૭૪ |
| ૩૨ | ૮ | તપાસેલ કુટુંબોમાં કામ કરતી વસતિ | ૭૫ |
| ૩૩ | ૯ | જમીનના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ | ૭૭ |
| ૩૪ | ૧૦ | તપાસેલ કુટુંબોનું કુટુંબદીઠ અને માથાદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ(રૂ.માં) | ૮૧ |
| ૩૫ | ૧૧ | કુટુંબદીઠ પશુઓની સરેરાશ સંખ્યા | ૮૩ |
| ૩૬ | ૧૨ | ઘરવખરીનાં સાધનો ધરાવનાર કુટુંબોની સંખ્યા | ૮૪ |
| ૩૭ | ૧૩ | કુટુંબદીઠ ઘરવખરીનાં સાધનોની સંખ્યા (૧૯૬૯) | ૮૫ |
| ૩૮ | ૧૪ | ઘરવખરીનાં સાધનો (૧૯૭૯) | ૮૬ |
| ૩૯ | ૧૫ | દેવાદાર કુટુંબો (સંખ્યા) | ૮૭ |
| ૪૦ | ૧૬ | સાધનવાર દેવું | ૮૮ |
| ૪૧ | ૧૭ | હેતુવાર દેવું | ૮૯ |

પ્રકરણ-૬


| | | | |
|---|---|---|---|
| ૪૨ | ૧ | કુટુંબના કદ પ્રમાણે વહેંચણી | ૯૩ |
| ૪૩ | ૨ | વસતિનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ | ૯૪ |
| ૪૪ | ૩ | જમીનના કદ પ્રમાણે કુટુંબોની વહેંચણી અને કુટુંબદીઠ જમીન | ૯૬ |
| ૪૫ | ૪ | પાકવાર એકરદીઠ ઉત્પાદન (કિલોમાં) | ૯૭ |
| ૪૬ | ૫ | તપાસેલ કુટુંબોનું ખેતી ખર્ચ | ૯૮ |
| ૪૭ | ૬ | કુટુંબના કદ પ્રમાણે ઘરવખરીનાં સાધનો ધરાવનાર કુટુંબોની સંખ્યા | ૧૦૦ |
| ૪૮ | ૭ | જમીનના કદ પ્રમાણે સાધનવાર આવક | ૧૦૨ |
| ૪૯ | ૮ | જમીનના કદ અને વાર્ષિક આવકજૂથ પ્રમાણે કુટુંબોની સંખ્યા | ૧૦૫ |
| ૫૦ | ૯ | જમીનના કદ પ્રમાણે વાર્ષિક વપરાશી ખર્ચ | ૧૦૬ |
| ૫૧ | ૧૦ | આવકજૂથ પ્રમાણે વપરાશ | ૧૦૮ |
| ૫૨ | ૧૧ | જમીનના કદ પ્રમાણે સાધનવાર કુટુંબદીઠ દેવું (રૂ.માં) | ૧૧૦ |
| ૫૩ | ૧૨ | જમીનના કદ પ્રમાણે હેતુવાર દેવું | ૧૧૧ |
| ૫૪ | ૧૩ | આવકજૂથ પ્રમાણે સાધનવાર કુટુંબદીઠ દેવું | ૧૧૨ |
| ૫૫ | ૧૪ | આવકજૂથ પ્રમાણે કુટુંબદીઠ હેતુવાર દેવું | ૧૧૩ |
| ૫૬ | ૧૫ | જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ અસ્ક્યામત | ૧૧૫ |


પ્રકરણ-૭


| | | | |
|---|---|---|---|
| ૫૭ | ૧ | કુટુંબના કદ પ્રમાણે કુટુંબનું વર્ગીકરણ | ૧૧૭ |
| ૫૮ | ૨ | તપાસેલ કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ | ૧૧૮ |
| ૫૯ | ૩ | વૈવાહિક દરજ્જા પ્રમાણે વસતિનું વર્ગીકરણ | ૧૧૯ |
| ૬૦ | ૪ | કુલ વસતિમાં કામ કરતી વસતિ | ૧૧૯ |
| ૬૧ | ૫ | જમીનના કદ પ્રમાણે જમીન ધારણ કરનાર કુટુંબોની સંખ્યા | ૧૨૦ |
| ૬૨ | ૬ | ઘરવખરીનાં સાધનો ધરાવનાર કુટુંબોની સંખ્યા (૧૯૬૯) | ૧૨૨ |
| ૬૩ | ૭ | ઘરવખરીનાં સાધનો ધરાવનાર કુટુંબોની સંખ્યા (૧૯૭૯) | ૧૨૪ |
| ૬૪ | ૮ | કુટુંબદીઠ પશુધનની સંખ્યા (૧૯૬૯) | ૧૨૭ |
| ૬૫ | ૯ | કુટુંબદીઠ પશુધનની સંખ્યા (૧૯૭૯) | ૧૨૮ |

| | | | |
|---|---|---|---|
| ૬૬ | ૧૦ | જુદા જુદા સાધનમાંથી થતી આવક | ૧૨૯ |
| ૬૭ | ૧૧ | તપાસેલ કુટુંબનો કુટુંબદીઠ અને માથાદીઠ નિર્વાહ ખર્ચ | ૧૩૦ |
| ૬૮ | ૧૨ | તપાસેલ કુટુંબોનું કુટુંબદીઠ અને માથાદીઠ વપરાશી ખર્ચ | ૧૩૨ |
| ૬૯ | ૧૩ | સાધનવાર દેવાની પરિસ્થિતિ | ૧૩૪ |
| ૭૦ | ૧૪ | હેતુવાર દેવાની પરિસ્થિતિ | ૧૩૫ |

પ્રકરણ-૮

| | | | |
|---|---|---|---|
| ૭૧ | ૧ | ગોત્રો પ્રમાણે કુટુંબ સંખ્યા (૧૯૬૯) | ૧૪૧ |
| ૭૨ | ૨ | ગોત્રવાર સભ્યસંખ્યા | ૧૪૩ |
| ૭૩ | ૩ | કુટુંબનું કદ પ્રમાણે વર્ગીકરણ (૧૯૬૯) | ૧૪૪ |
| ૭૪ | ૪ | કુટુંબ પ્રકાર પ્રમાણે કુટુંબનું વર્ગીકરણ (૧૯૬૯) | ૧૪૨ |
| ૭૫ | ૫ | કુટુંબના માળખામાં થયેલ પરિવર્તન | ૧૪૫ |
| ૭૬ | ૬ | કુટુંબના કદમાં થયેલ ફેરફારો | ૧૪૬ |
| ૭૭ | ૭ | તપાસેલ કુટુંબના વડાની શૈક્ષણિક પરિસ્થિતિ (ઉંમર પ્રમાણે(૧૯૬૯) | ૧૫૦ |

~~૭૮~~ પ્રકરણ-૯

| | | | |
|---|---|---|---|
| ૭૮ | ૧ | તપાસેલ કુટુંબોમાં લગ્ન સમયની ઉંમર | ૧૫૭ |
| ૭૯ | ૨ | તપાસેલ કુટુંબોમાં વૈવાહિક દરજ્જો (૧૯૬૯) | ૧૫૮ |
| ૮૦ | ૩ | તપાસેલ કુટુંબમાં લગ્ન [illegible] થયું તે દર્શાવતો કોઠો | ૧૫૯ |


...

## પ્રકરણ - ૧

## પ્રાસ્તવિક - વિસ્તાર પરિચય

આદિવાસી કેન્દ્ર તરફથી ૧૯૬૯-૭૦ ના વરસોમાં ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ પર અભ્યાસગ્રંથ રચવાનું હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ માટે જુદા જુદા વિસ્તારમાંથી જુદી જુદી જાતિઓના ગામો પસંદ કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં સૌથી વધુ વસતિ ધરાવતી ભીલ જાતિના ગામો પણ જુદા જુદા વિસ્તારમાંથી પસંદ કરવામાં આવ્યા હતા.

ક્ષેત્ર કાર્ય પુરુ કર્યા પછી પ્રાસવ લેખન થયા પછી એના વિશે કશું થયું ન હતું. આ બધી માહિતી ફાઇલોમાં જ રહી ગઇ હતી. આ બધું જુનું થઇ ગયું હતું. આથી ફરીથી નવે એ સ્વરુપે છપાવવા માટે આ બધા ગામોની પુનઃ મોજણીનું કામ કેન્દ્રે હાથમાં લીધું હતું. મને દાહોદ તાલુકાના 'ઇટાવા' અને ઝાલોદ તાલુકાના 'મઘાનીસર'ગામની પુનઃ મોજણીના કામની જવાબદારી સોંપવામાં આવી હતી.

### તપાસનો ઉદ્દેશ :

તપાસ માટે જે તે ગામમાંથી દસ વરસ પહેલા જે કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા તેના તે જ કુટુંબો નુ તપાસવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો હતો. મુખ્યત્વે આ તપાસનો ઉદ્દેશ દસ વરસના ગાળા દરમ્યાન આ કુટુંબોની આર્થિક પરિસ્થિતિમાં કયા પ્રકારના ફેરફારો થયા છે તેમજ તેમની આર્થિક સ્થિતિ સુધરી છે કે કેમ તે જાણવાનો ખ્યાલ રખાયો છે.

**તપાસ પધ્ધતિ:**

આ ગામોની તપાસ સર્વે પધ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવી હતી. અને સાથોસાથ માનવશાસ્ત્રીય સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ તપાસમાં માત્ર સંખ્યાધિક દ્રષ્ટિએ માહિતી એકઠી કરી નથી પરંતુ ગુણાત્મક પાસાંને પણ સરખું મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ તપાસ માટે પહેલા સર્વેક્ષણની જેમ એક પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી અને તે દ્વારા તેમની જીવનના આર્થિક, સામાજિક પાસાંઓ વિષે પ્રશ્નાવલિ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી. (પ્રશ્નાવલિ સાથમાં જોડેલ છે.)

**વિસ્તાર પરિચય:**

જિલ્લાનો પરિચય:

પંચમહાલ જિલ્લો રાજ્યના વડોદરા વિભાગમાં આવેલો છે. તેની પૂર્વે મધ્યપ્રદેશ, પશ્ચિમે ખેડા જિલ્લો, ઉત્તરે રાજસ્થાન, અને દક્ષિણે વડોદરા જિલ્લો આવેલો છે. જિલ્લાનો કુલ વિસ્તાર ૮૮૬૬ ચો.મીટર છે. તેમાં કુલ ૯ શહેરો અને ૧૯૪૪ ગામડાઓ આવેલ છે. ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ જિલ્લાની કુલ વસ્તી ૧૮.૫ લાખની છે. જિલ્લાની વસતિની ઘનતા દર ચોરસ કિલોમીટરે ૨૦૯ માણસોની છે, જયારે રાજ્યની વસતિની ઘનતા દર ચો. કિ. મીટરે ૧૩૬ માણસોની છે. જિલ્લામાં શહેરી વસતિ ૧૧.૨ ટકા જેટલી છે. જયારે રાજયમાં આ પ્રમાણ ૨૮.૧ ટકા જેટલું છે. આખો જિલ્લો અગિયાર તાલુકાઓ (૧) ગોધરા (૨) શેહરા (૩) લુણાવાડા (૪) સંતરામપુર (૫) ઝાલોદ (૬) દાહોદ (૭) લીમખેડા (૮) દેવગઢબારીયા (૯) કાલોલ (૧૦) હાલોલ અને (૧૧) જાંબુઘોડાનો બનેલો છે.



જિલ્લાનો પૂર્વ ભાગ, દક્ષિણ ભાગ અને ઉત્તર ભાગ ડુંગરાઓનો અને જંગલોનો બનેલો છે. પૂર્વ ભાગમાં નાના મોટા અનેક ડુંગરો અને ટેકરાઓ આવેલી છે. તેથી સપાટ જમીન ઓછી છે. જિલ્લાના પશ્ચિમ ભાગમાં અને ડુંગરોની તળેટીમાં જમીન સપાટ અને ફળદ્રુપ છે. જિલ્લો દરિયાથી દૂર છે. ઉનાળો ખૂબ જ ગરમ હોય છે અને શિયાળામાં ખૂબ ઠંડી પડે છે. જિલ્લામાં વરસાદ અનિયમિત પડે છે. દર ચાર વર્ષે જિલ્લાના અમુક તાલુકાઓમાં દુષ્કાળની પરિસ્થિતિ સર્જાય છે. વરસાદ જૂનથી સપ્ટેમ્બર સુધીમાં પડે છે. સરેરાશ વરસાદ ૫૦૦ મીલીમીટર થી ૧૫૦૦ મી. મીટર પડે છે.

પંચમહાલ જિલ્લાના પાંચ આદિવાસી તાલુકાઓની જમીન પથ્થરાળ અને રેતાળ હોવાથી તેમાં મુખ્યત્વે મકાઇનો પાક થાય છે. અને આદિવાસીઓનો મુખ્ય ખોરાક પણ મકાઇ છે. ૧૯૭૦-૭૧ માં કુલ વાવેતર નીચેના વિસ્તારમાંથી ૮૦ ટકા વિસ્તાર ખાદ્ય પાકો હેઠળનો હતો. જ્યારે ૨૦ ટકા વિસ્તારમાં રોકડિયા પાકનું વાવેતર કરવામાં આવતું હતું.

જિલ્લામાં મુખ્યત્વે આદિવાસી અને બિનઆદિવાસીઓની વસતિ છે. બિનઆદિવાસીઓમાં હિન્દુ, મુસલમાન, જૈન વગેરે છે. જયારે આદિવાસીઓમાં ભીલ, પટેલીયા, રાઠવા અને નાયકાઓની વસતિ છે. જિલ્લાની કુલ (૧૮૪૯૦૦૦) વસતિમાં ૩૮.૫ ટકા વસતિ (૭૧૩૦૦૦) આદિવાસીઓની ૩.૭ ટકા વસતિ (૬૮૦૦૦) અનુસૂચિત જાતિની અને ૫૭.૮ ટકા વસતિ (૧૦૬૮૦૦૦) બિનઆદિવાસીઓની છે. રાજયની કુલ આદિવાસી વસતિમાં જિલ્લાની આદિવાસી વસતિ ૧૯ ટકા જેટલી છે.

શિક્ષણની દ્રષ્ટિએ જોઇએ તો ગુજરાત રાજય અન્ય રાજયની સરખામણીએ આગળ છે. ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ રાજયની કુલ વસતિમાં ૩૫.૮ ટકા લોકો શિક્ષિત છે. દેશમાં ગુજરાતનો અક્ષરજ્ઞાનની દ્રષ્ટિએ ચોથો નંબર આવે છે. રાજયમાં આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ

કુલ વસતિના ૧૪.૧૨ ટકા જેટલું છે. પંચમહાલ જિલ્લામાં શિક્ષણનું પ્રમાણ ૨૨.૮ ટકા જેટલું છે. જયારે જિલ્લાની આદિવાસી વસતિમાં શિક્ષણનું પ્રમાણ માત્ર ૯ ટકા જેટલું છે. પુરુષોમાં ૧૬ ટકા અને સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ માત્ર ૨ ટકા જેટલું છે. (શિક્ષણના આંકડામાં ૦.૪ વયજૂથનો વસતિનો પણ સમાવેશ થાય છે.)

જિલ્લામાં સિંચાઇનું મુખ્ય સાધન નહેરો, કૂવાઓ અને તળાવો છે. ૧૯૭૦-૭૧ માં કૂવાઓ (૫૯.૨ ટકા) નહેરો (૩૦.૫) અને તળાવો (૭.૭ ટકા) અને અન્ય સાધનો (૨.૬ ટકા) દ્વારા સિંચાઇ થતી હતી.

જિલ્લાના અમુક ભાગમાં જંગલો આવેલા છે. તેથી વનસ્પતિ નજરે પડે છે. સાગ, ખેર, આંબા, બાવળ, ખાખરાના ઝાડો છે. પરંતુ હાલમાં પંચમહાલનું જંગલ લગભગ મોટે ભાગે સાફ થઇ ગયું હોવાથી અમુક વિસ્તારમાં જંગલમાં લાકડાનું ઠુંઠું પણ મળતું નથી. છેલ્લા કેટલાંક વર્ષોમાં જંગલો કાપવાનું કામ એટલી ઝડપથી થયું છે કે જંગલ નીચે ગણાતા ઘણા વિસ્તારોમાં ઝાડનું એકાદ ઠુંઠું ખોળવાનું પણ મુશ્કેલ થયું છે. તેથી આ જિલ્લાની પ્રજા માટે બળતણના લાકડાનો પ્રશ્ન ઉભો થયો છે. જિલ્લાનો કુલ જંગલોના વિસ્તારોના ૧૪.૧ ટકા વિસ્તારમાં જંગલો આવેલા છે. રાજયમાં આ પ્રમાણ ૯.૦ ટકા જેટલું છે. જિલ્લામાં મુખ્યત્વે મકાઇ, ડાંગર, મગફળી, કપાસ, જુવાર, બાજરી અને શાકભાજીના પાકો થાય છે. સિંચાઇ યોજનાઓ અને પાણીની સગવડવાળા ભાગોમાં વર્ષના ત્રણ પાક લેવાય છે.

પંચમહાલ જિલ્લાની ત્રીજા ભાગની જમીન ડુંગરો અને જંગલોમાં રોકાયેલી છે. જમીન ઢોળાવવાળી અને ટેકરીઓવાળી હોવાથી નદી, ઝરણા અને તળાવો પુષ્કળ પ્રમાણમાં છે. અહીં બનાસ, પાનમ, અને ગોમા જિલ્લાની મુખ્ય નદીઓ છે. અનેક તળાવો આવેલા છે. જેમાંથી નહેરો વાટે ખેતી માટે પાણી અપાય છે. જિલ્લામાં મુખ્યત્વે (૧) પાટાડુંગરી



(૨) ટીંટોડીબંધ (૩) કરડબંધ (૪) કડાણા યોજના (૫) સૂકી નદી બંધ યોજના સિંચાઇ યોજનાઓ છે. સિંચાઇ યોજનાઓ હોવા છતાં સિંચાઇની બાબતમાં જિલ્લો ઘણો પછાત છે. ૧૯૭૦-૭૧ માં કુલ વાવેતર નીચેના વિસ્તારના ૫ ટકા વિસ્તાર સિંચિત હતો. આ સામે રાજયની ટકાવારી ૧૪ ટકાની હતી.

૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે કામ કરતી વસતિનું પ્રમાણ જિલ્લામાં ૩૬.૭ ટકા જેટલું છે જયારે એની સામે સમગ્ર રાજયમાં કામ કરતી વસતિનું પ્રમાણ ૩૨.૪ ટકા જેટલું હતું. આમ રાજય કરતા જિલ્લામાં કામ કરતી વસતિનું પ્રમાણ વિશેષ છે. આનું કારણ જિલ્લામાં સ્ત્રીઓમાં કામ કરનાર વસતિનું પ્રમાણ રાજય કરતા બમણું છે. રાજયમાં સ્ત્રીઓમાં કામ કરનારાઓનું પ્રમાણ ૧૦.૩ ટકા છે. જયારે પંચમહાલ જિલ્લામાં ૨૧.૨ ટકાનું છે.

જિલ્લાના લોકોનો મુખ્ય ધંધો ખેતી છે. ખેતી સિવાય ખેતમજૂરી, તેમજ પશુપાલનના ધંધામાંથી પૂરક રોજગારી મેળવે છે. ૧૯૭૦-૭૧ની એગ્રીકલ્ચરલ સેન્સસના આધારે જોઇએ તો જિલ્લામાં ૫૩.૨ ટકા લોકો ૨ હેકટર, ૩૪.૫ ટકા ૨ થી ૫ હેકટર, ૧૨.૨ ટકા ૫ થી ૨૦ હેકટર જમીન અને ૦.૧ ટકા ૨૦ હેકટરથી વધુ જમીન ધરાવતા હતા.

પંચમહાલ જિલ્લામાં કુલ પશુધન ૧૪.૬૭ લાખ છે જે રાજયના કુલ પશુધનના ૯.૭ ટકા જેટલું થાય છે. જયારે મરઘાની વસતિ રાજયની કુલ વસતિના ૧૭.૨ ટકા જેટલી છે.

આ સિવાય જિલ્લામાં તેલની મીલો, કાથાનો ઉધોગ, કાચનો ઉધોગ, ચોખા અને દાળ છડવાના ઉધોગો, કપચી બનાવવાનો ઉધોગ ચાલે છે. આ ઉપરાંત ઘાણીનો ગૃહઉધોગ લાકડા કાપવા, વહેરવા, હાથસાળ ઉધોગ ટાઇલ્સબનાવવાના નાના મોટા ઉધોગો ચાલે છે.

આ ઉપરાંત જિલ્લામાં પોસ્ટ, ટેલિગ્રાફ, તેમજ બેંકીંગ સેવાઓની પણ ઠીક ઠીક સુવિધાઓ ઉભી થયેલી છે.

તાલુકાઓનો પરિચય:

(દાહોદ તાલુકો)

ગુજરાત અને માળવા રાજ્યની હદ પર આ તાલુકો આવેલો હોઇ દો-હદ ઉપરથી દાહોદ નામ પડયું છે. તાલુકાનો વિસ્તાર ૮૭૪.૭ ચો.કી.મીટર છે. આ તાલુકાની પૂર્વે જાંબુઆ (મધ્યપ્રદેશ), પશ્ચિમે લીમખેડા તાલુકો અને ઉત્તરે ઝાલોદ તાલુકો અને દક્ષિણે રાજપુર (મધ્યપ્રદેશ) આવેલો છે. તાલુકામાં કુલ ૧૨૨ ગામો આવેલા છે.

તાલુકામાં કુલ વસતિ ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ ૨,૩૫,૮૨૮ માણસોની છે. જેમાં મુખ્યત્વે આદિવાસીઓની વસતિ ૭૦.૯ ટકા, ૨.૨ ટકા અનુસૂચિત જાતિની અને બાકીની બિનઆદિવાસીઓની ૨૬.૯ ટકા વસતિ છે. તાલુકાની કુલ વસતિમાં ૨/૩ ભીલ લોકોની છે. જંગલ અને ડુંગરોને લીધે અહીંની હવા ભેજવાળી છે. શિયાળામાં ઠંડી અને ઉનાળામાં ગરમી હોય છે. જુનથીઓકટોબર સુધીમાં ૭૫ સે.મી જેટલો વરસાદ પડે છે. દાહોદ તાલુકામાં વરસાદ અનિશ્ચિત છે. દર ત્રણ ચાર વર્ષે દાહોદ તાલુકામાં એક વર્ષ દુષ્કાળ પડે છે. છેલ્લા સેટલમેન્ટ રિપોર્ટમાં શ્રી એન્ડરસને નીચે મુજબનો શેરો માર્યો છે. તે અનુભવે સાચો પડે છે.

તાલુકામાં જેકોટનું ગીચ જંગલ આવેલું છે. તે ઉપરાંત ગડોઇની ઘાટી, અને ખરોદનો જંગલ વિસ્તાર છે. પરંતુ છેલ્લા ત્રીસ વર્ષ પહેલાનું પંચમહાલનું જંગલ આજે જોવા મળતું નથી. જંગલોમાં સાગ, રાયણ, ટીંબરવા, બાવળ અને મહુડાના ઉપયોગી ઝાડ થાય છે. લાખ, મીણ અને મધ અને બીજી જંગલની પેદાશ થાય છે. અહીં ચૂનાનો પથ્થર મળે છે. તેથી



ચુનાનો ઉધોગ ચાલે છે. ઘર તથા સડક બાંધવા માટેનો પથ્થર પણ ખોદી કાઢવામાં આવે છે.

તાલુકામાં મુખ્યત્વે ખાન, કાળીનદી, દુધમતી, બનાસ અને પાટ નદીઓ આવેલી છે. પાટા ડુંગરીની મધ્યમકદની સિંચાઇ યોજના દ્વારા સિંચાઇ કરવામાં આવે છે. તાલુકામાં અનેક નાના-મોટા તળાવો છે જેના દ્વારા સિંચાઇ થાય છે.

ગોધરાથી રતલામ જતી પશ્ચિમ રેલ્વે આ તાલુકામાંથી પસાર થાય છે. તદુપરાંત દાહોદથી ઈંદોર, દાહોદથી અલીરાજપુર, દાહોદથી ઝાલોદ, જેસાવાડ, ગરબાડા જવાના પાકા રસ્તાઓ આવેલા છે. જેનો લાભ તાલુકાની પ્રજાને મળે છે.

તાલુકાનો જમીન વપરાશ જોઇએ તો જણાય છે કે કુલ ભૌગોલિક વિસ્તારના ૨૧.૪ ટકા જંગલ હેઠળ છે. ૫૭.૧ ટકા ખેડાણ હેઠળનો વિસ્તાર છે. ૭.૫ ટકા ખેડાણલાયક પડતર અને ૧૪ ટકા બિનખેડાણ લાયક વિસ્તાર છે. કુલ ખેડાણલાયક વિસ્તારના ૪.૫ ટકા વિસ્તારમાં સિંચાઇની સગવડ ઉપલબ્ધ છે. તાલુકામાં મુખ્યત્વે મકાઇ, ડાંગર, ઘઉં, ચણા, મગફળી, તુવેર, અને કપાસનો પાક થાય છે. કુલ વાવેતરના ૪૭ ટકા વિસ્તારમાં મકાઇનું વાવેતર થાય છે. આ વિસ્તારના લોકોનો મુખ્ય ખોરાક પણ મકાઇનો છે.

તાલુકાની વસતિનું ધંધાકીય રીતે વર્ગીકરણ જોઇએ તો જણાય છે કે કુલ વસતિમાં ૩૨ ટકા વસતિ એક યા બીજા ધંધામાં રોકાયેલ હતી. કુલ પુરુષ વસતિમાં કામ કરતી વસતિ ૫૩.૩ ટકા હતી જ્યારે કુલ સ્ત્રી વસતિમાં કામ કરતી સ્ત્રીઓનું પ્રમાણ ૧૧.૧ ટકા જેટલું હતું.

કોઠો - ૧

તાલુકામાં કામ કરતી વસતિનું ધંધાકીય વર્ગીકરણ (૧૯૭૬)

| ક્રમ | વસતિ | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | ખેતી | ૪૪૬૦૦ | ૮૦૬૩ | ૫૨૬૬૩ | ૬૯.૫ |
| ૨. | ખેતમજૂરી | ૩૧૦૯ | ૨૪૯૦ | ૫૫૯૯ | ૭.૪ |
| ૩. | પશુપાલન, જંગલકામ, મત્સ્ય ઉદ્યોગ, પ્લાન્ટેશન | ૨૪૬ | ૪૨ | ૨૮૮ | ૦.૪ |
| ૪. | ખનીજ, ખાણકામ | ૩૧ | - | ૩૧ | ૦.૧ |
| ૫. | ઉત્પાદન પ્રક્રિયા, સમારકામ (અ) ગૃહ ઉદ્યોગ | ૮૩૬ | ૧૨૫ | ૯૬૧ | ૧.૩ |
| | (બ) ગૃહ ઉદ્યોગ સિવાય | ૧૬૬૯ | ૪૦ | ૧૭૧૯ | ૨.૩ |
| ૬. | બાંધકામ | ૪૩૦ | ૧૬ | ૪૪૬ | ૦.૬ |
| ૭. | વેપાર વાણિજય | ૩૯૨૬ | ૧૧૨ | ૪૦૩૮ | ૫.૩ |
| ૮. | વાહન-વ્યવહાર સંગ્રહ | ૫૬૯૧ | ૨૧ | ૫૭૧૨ | ૭.૫ |
| ૯. | અન્ય સેવાઓ | ૩૪૩૫ | ૭૮૭ | ૪૨૪૨ | ૫.૬ |
| | | ૬૩૯૭૩ | ૧૧૬૯૬ | ૭૫૬૬૯ | ૧૦૦.૦ |

પ્રાપ્તિસ્થાન: તાલુકા પંચાયત કચેરી, દાહોદ.



શિક્ષણની દૃષ્ટિએ જોઇએ તો તાલુકામાં શિક્ષણનું પ્રમાણ ૨૪ ટકા છે. જેમાં પુરુષોમાં સાક્ષરતાનું પ્રમાણ ૩૩ ટકા અને સ્ત્રીઓમાં ૧૬ ટકા જેટલું છે. જ્યારે તાલુકાની આદિવાસી વસતિમાં સાક્ષરતાનું પ્રમાણ માત્ર ૯.૫ ટકા છે. અને એમાંય પુરુષોમાં ૧૬.૫ ટકા અને સ્ત્રીઓમાં ૨ ટકા જેટલું છે. આમ શિક્ષણ ક્ષેત્રે તાલુકાની આદિવાસી વસતિ અન્ય સમુદાયથી પાછળ છે.

ઝાલોદ તાલુકો:

ઝાલોદ તાલુકાનો કુલ વિસ્તાર ૪૫૦ ચો.કી.મી. છે. તાલુકાની પૂર્વે રાજસ્થાન, પશ્ચિમે ગોધરા, અને સંતરામપુર તાલુકો, ઉત્તરે સંતરામપુર અને રાજસ્થાન, દક્ષિણે લીમખેડા અને દાહોદ તાલુકો આવેલ છે. તાલુકામાં કુલ ૧૫૨ ગામો છે.

૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે તાલુકાની કુલ વસતિ ૧,૫૮,૮૬૦ છે. જેમાં આદિવાસીઓની વસતિ ૮૫ ટકા (૧,૩૫,૦૩૮) જેટલી છે. તાલુકાની જમીન ડુંગરાળ, પથરાળ, ઢાળવાળી અને કસ વગરની છે. ડુંગરો અને જંગલોને લીધે હવા ભેજવાળી અને રોગિષ્ટ છે. શિયાળો ઠંડો અને ઉનાળો ગરમ હવામાનવાળો રહે છે. પથરાળ જમીનને લીધે ડુંગરો થોડા છે. નીચાણવાળા ભાગો, લીમડી, સંજેલી, તરફ જંગલો આવેલા છે. સાગ, વાંસ, ખેર, અને અંબાના ઝાડો આવેલા છે. તાલુકામાં વરસાદ અનિયમિત છે. દર પાંચ વર્ષે એકાદ વર્ષ ખરાબ આવે છે.

તાલુકામાં અનાસ, ટીટોડી, માછણ અને કાળી મુખ્ય નદીઓ છે. કેટલાક નાના-મોટા તળાવો આવેલા છે, જે સિંચાઇના કામમાં આવે છે. તદુપરાંત ઝાલોદની પશ્ચિમે ૬ કીલોમીટર દૂર ટીટોડી નદી પર કંદવાલ આગળ ૧૬ મીટર ઉંચો અને ૧૫૦ મીટર લાંબો બંધ બાંધી

જળાગાર બનાવવામાં આવેલું છે. તેમાંથી નહેર વાટે આ તાલુકામાં આશરે ૨૦૦૦ હેકટર જમીનને પાણી અપાય છે.

તાલુકાનો જમીનનો વપરાશ જોઇએ તો જણાય છે કે કુલ ભૌગોલિક વિસ્તારમાં ૧૭.૧ ટકા જંગલ, ૬૨.૬ ટકા ખેડાણ હેઠળ, ૧૧.૨ ટકા ગૌચર અને ૯.૧ ટકા ખેડાણમાં ન લઇ શકાય તેવી જમીન હતી. તાલુકામાં મુખ્યત્વે મકાઇ, મગફળી, ઘઉં કઠોળ અને ડાંગરના પાકો થાય છે.

તાલુકાનું ધંધાકીય રીતે વર્ગીકરણ કરીએ તો જણાય છે કે કુલ વસતિમાં ૩૯ ટકા કામ કરનારાઓ હતા. ધંધાકીય વર્ગીકરણ નીચે મુજબનું હતું.

કોઠો- ૨

તાલુકામાં કામ કરતી વસતિનું ધંધાકીય વર્ગીકરણ(૧૯૭૧)

| ક્રમ | વિગત | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | ખેતી | ૩૭૭૦૬ | ૧૭૩૪૫ | ૫૫૦૫૧ | ૮૮.૬ |
| ૨. | ખેતમજૂરી | ૧૧૩૫ | ૯૫૩ | ૨૦૮૮ | ૩.૩ |
| ૩. | પશુપાલન/જંગલકામ | ૨૫૧ | ૭૮ | ૩૨૯ | ૦.૫ |
| ૪. | મત્સ્ય ઉધોગ | ૧ | - | ૧ | - |
| ૫. | ઉત્પાદન પ્રક્રિયા | | | | |
| | અ.ગૃહ ઉધોગ | ૭૬૪ | ૨૧૪ | ૯૭૮ | ૧.૬ |
| | બ.ગૃહ ઉધોગ સિવાય | ૩૫૭ | ૧૧ | ૩૬૮ | ૦.૬ |
| ૬. | બાંધકામ | ૯૮ | ૨૪ | ૧૨૨ | ૦.૧ |
| ૭. | વેપાર-વાણિજ્ય | ૧૨૨૦ | ૧૫ | ૧૨૩૫ | ૧.૯ |
| ૮. | વાહન-વ્યવહાર | ૨૦૦ | ૧ | ૨૦૧ | ૦.૩ |
| ૯. | અન્ય સેવાઓ | ૧૪૬૮ | ૨૩૯ | ૧૭૦૭ | ૩.૧ |
| | | ૪૩૨૦૦ | ૧૮૮૮૦ | ૬૨૦૮૦ | ૧૦૦.૦ |



તાલુકાની શિક્ષણની પરિસ્થિતિ જોઇએ તો જણાય છે કે કુલ વસતિમાં સાક્ષરતાનું પ્રમાણ ૧૫.૫ ટકા હતું જેમાં પુરુષોમાં ૨૩ ટકા અને સ્ત્રીઓમાં ૭ ટકા જેટલું હતું. જ્યારે તાલુકાની આદિવાસી વસતિમાં સાક્ષરતાનું પ્રમાણ ૧૦ ટકા જેમાં પુરુષોમાં ૧૭ ટકા અને સ્ત્રીઓમાં ૨.૫ ટકા હતું. આમ સામાન્ય વસતિની સરખામણીમાં આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે.

ગામનો પરિચય:

ઇટાવા

'ઇટાવા' ગામ પંચમહાલ જિલ્લાના દાહોદ તાલુકામાં આવેલું છે. પંચમહાલ જિલ્લો ગુજરાતની પૂર્વે સરહદે આવેલા જિલ્લાઓ પૈકીનો છે. ઇટાવા દાહોદ તાલુકાની પૂર્વમાં દાહોદ (તાલુકાના મુખ્યમથક) થી ૧૪ માઇલ દૂર આવેલું છે. દાહોદ તાલુકાનો પૂર્વ ગાળો ઘણો જ પછાત છે. અને પૂર્વ વિભાગમાં આવેલા લગભગ ૩૬ ગામડાઓ આર્થિક રીતે ઘણા જ

પછાત છે. આ વિભાગ મધ્યપ્રદેશના ઝાબવા જિલ્લાની સરહદની નજીકમાં છે. આ વિભાગ કઠલા વિભાગ તરીકે ઓળખાય છે.

ઇટાવા ગામ કઠલા ગામની ૩ માઇલ દુર આવેલું છે. દાહોદ-ઇંદોર બસમાર્ગ પર કઠલા આવેલું છે. જ્યાં પોસ્ટઓફીસ, સસ્તા અનાજની દુકાન, વગેરે છે. કઠલાની બાજુમાં કઠલા આશ્રમશાળા આવેલી છે, જે ભીલ સેવા મંડળ ચલાવે છે.

ઇટાવા ગામ પર જવા માટે દાહોદથી કોઇ સીધો બસ માર્ગ નથી. ઇટાવા ગામ પર જવા માટે દાહોદ-અનાસ જતી બસોનો લાભ મળે છે. ઇટાવા ગામ પર સીધેસીધી કોઇ બસ જતી નથી. પરંતુ 'લીમડાબરા' બસસ્ટેન્ડથી ઉતરીને ઇટાવા ગામ પર જઇ શકાય છે. ઇટાવા ગામ લીમડાબરા બસસ્ટેન્ડથી ૧/૨ માઇલ દૂર છે. કઠલાથી અનાસ મેટલ રોડ છે. ઇટાવા ગામ પર જવા માટે દાહોદથી અનાસ અને દાહોદથી ખંગેલા તરફ જતી બસમાં લીમડાબરા બસ સ્ટેન્ડ પર ઉતરી શકાય છે. દાહોદથી અનાસ અને ખંગેલાની બસો દિવસમાં અનેકવાર જાય છે. ઇટાવા ગામની નજીક રેલવે સ્ટેશન 'બોરડી' અને 'અનાસ' છે. અને રેલવે સ્ટેશનો બે થી અઢી માઇલ દૂરઆ અંતરે આવેલા છે. દાહોદ અનાસ અને દાહોદ ખંગેલા બસ બારે માસ ચાલુ રહે છે. પરંતુ કોઇક વખત ચોમાસામાં વધુ વરસાદને કારણે નાળા ભરાઇ જાય તો થોડા દિવસ માટે બસ બંધ રહે છે. ઇટાવા ગામ આગળથી કાળી નદી પસાર થાય છે. આ નદીગામને બે વિભાગમાં વહેંચી નાખે છે. ચોમાસામાં આ નદીમાં ભરપૂર પાણી રહે છે. શિયાળામાં ઓછું રહે છે અને ઉનાળામાં સૂકાઇ જાય છે. આથી ઉનાળામાં આ ગામમાં પીવાના પાણીની ખેંચ રહે છે. ઇટાવા ગામ કઠલાથી ઉત્તરમાં આવેલું છે. દક્ષિણમાં કઠલા છે. જ્યા બિનઆદિવાસીઓની (લુહાણા જાતિની) વસતિવધુ છે. ઇટાવાની દક્ષિણમાં કઠલા, ચંદવાણા અને બાંડીબાર ગામો આવેલા છે, પશ્ચિમે તરવાડીયા



અને પૂર્વમાં 'લીમડાબરા' ગામ આવેલું છે.

ઇટાવા ગામનો વિસ્તાર ઘણો જ મોટો છે. ઇટાવા ગામ પરજવા માટે કઠલાની ત્રણ ચાર વખત કાળીનદીને ઓળંગવી પડે છે. ભીલોના ઘરો ડુંગરોમાં છેડા ઉપર [illegible] આવેલા છે. ઇટાવા ગામનો વિસ્તાર લાંબો હોવાથી ઇટાવાનું છેલ્લું ઝુંપડું છેક ૩ા માઇલ દૂર છે. ૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે ઇટાવા ગામનું ક્ષેત્રફળ ૨૦૭૧ એકર અને ૩૬ ગુંઠા હતું. ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ ગામમાં કુટુંબોની સંખ્યા ૧૯૨ ની હતી. જયારે ૧૯૬૧ માં આ સંખ્યા ૧૫૯ ની હતી. આમદાયકા દરમ્યાન ૩૩ કુટુંબોનો વધારો નોંધાયો હતો. તપાસ સમયે ગામમાં કુલ કુટુંબોની સંખ્યા ૨૧૦ ની હતી. ૧૯૬૧ ની વસતિ ગણતરી પ્રમાણે ગામમાં કુલ વસતિ ૯૨૫ ની હતી (૪૫૭ પુરુષો અને ૪૬૮ સ્ત્રીઓ) જયારે ૧૯૭૧ ની વસતિ ૧૧૯૭ ની (૫૮૯ પુરુષો અને ૬૦૮ સ્ત્રીઓ) હતી. આમ દાયકા દરમ્યાન ૨૭૨ વ્યકિતઓનો વધારો થયો હતો. આમ દાયકા દરમ્યાન ગામમાં ૨૯.૪ ટકા વસતિ વધારો નોંધાયો હતો. ગામના જન્મમરણ પત્રક પરથી જન્મ અને મરણના ૧૯૬૯ થી ૧૯૭૯ ના આંકડાકિય માહિતી મેળવવામાં આવી હતી. આંકડાઓ મુજબ દસ વર્ષમાં ૨૭૫ વ્યકિતનો વધારો થયો હતો. જયારે ૪૮ [illegible] વ્યકિતઓના મરણ નોંધાયા હતા. આમ જન્મનું પ્રમાણ વિશેષ હતું. અને મરણનો દર ઘણો જ ઓછો છે એ જોઇ શકાય છે. આમ આદિવાસીઓમાં વસતિ વધવાનો દર વિશેષ છે તે જોઇ શકાય છે. (જુઓ કોઠો નં. ૩)

## કોઠો — ૩

ઇટાવા ગા.ની જન્મમરણની નોંધ

| વર્ષ | જન્મ | | | મરણ | | | |
|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | |
| ૧૯૬૯ | ૨૦ | ૨૬ | ૪૬ | ૩ | ૬ | ૯ | |
| ૧૯૭૦ | ૨૨ | ૧૮ | ૪૦ | ૪ | ૨ | ૬ | |
| ૧૯૭૧ | ૨૦ | ૧૬ | ૩૬ | ૬ | - | ૬ | |
| ૧૯૭૨ | - | - | - | - | - | - | (માહિતી ઉપલબ્ધ નથી) |
| ૧૯૭૩ | ૨૭ | ૨૦ | ૪૭ | ૩ | - | ૩ | |
| ૧૯૭૪ | ૪ | ૬ | ૧૦ | ૨ | ૦ | ૨ | |
| ૧૯૭૫ | ૮ | ૯ | ૧૭ | ૬ | ૬ | ૧૨ | |
| ૧૯૭૬ | ૯ | - | ૯ | ૩ | - | ૩ | |
| ૧૯૭૭ | ૧૮ | ૨૨ | ૪૦ | - | ૩ | ૩ | |
| ૧૯૭૮ | ૮ | ૨૨ | ૩૦ | ૩ | ૧ | ૪ | |
| | ૧૩૬ | ૧૩૯ | ૨૭૫ | ૩૦ | ૧૮ | ૪૮ | |

પ્રાપ્તિસ્થાન:- ગામના (ઇટાવા ગામ) જન્મમરણના પત્રકના આધારે તલાટીના રેકર્ડ પરથી.



## શિક્ષણ:-

૧૯૬૯માં ઇટાવા ગામમાં ધોરણ ૧ થી ૪ સુધીની શાળા હતી. ગામમાં શાળાનું મકાન નહોતું. શાળા સરપંચશ્રીના મકાનમાં ચાલતી હતી. સરપંચશ્રીનુ મકાન ગામની એક બાજુએ આવેલહતું જેને કારણે પૂર્વ ભાગમાં રહેતા બધા લોકોને કાળી નદી ઓળંગવી પડતી. આને કારણે ચોમાસામાં નદી ઓળંગીઅભ્યાસ માટે આવવાનું મુશ્કેલ બનતું. તેથી તે સમયે ૧ થી ૪ ધોરણની શાળા નિયમિત રીતે ચાલતી નહોતી. તે સમયે ગામમાં ચાર ધોરણથી વધુ અભ્યાસ કરતા છોકરાઓની સંખ્યા માત્ર ૪ ની હતી. ગામમાં ૬ ધોરણથી વધુ અભ્યાસ કર્યાહોય તેવી કોઇ વ્યકિત નહોતી. આજે પણ લગભગ એવી જ પરિસ્થિતિ છે. માત્ર શાળાનું એક ઓરડાનુંમકાનનવું છે. આજે પણ ચાર ધોરણની જ શાળા છે. અને એક શિક્ષક કામ કરે છે. હાલમાં ગામમાંથી બે છોકરાઓ કઠલા આશ્રમશાળામાં ભણવા જાય છે. ૧૯૬૧ની વસતિ ગણતરી મુજબ ગામમાં શિક્ષણનું પ્રમાણ માત્ર ૧.૭૦ ટકા જેટલું હતું. એકેય સ્ત્રી શિક્ષિત નહોતી. ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ કુલ ૧૧૯૭ ની વસતિમાંથી માત્ર ૧૨ વ્યકિતઓ શિક્ષિત હતી. જેમાં એક સ્ત્રીનો સમાવેશ થાય છે. આમ દાયકા દરમિયાન શિક્ષણમાં કોઇ ખાસ ફેરફાર થયો નથીતે સૂચક છે.

ગામમાં શાળાની શરુઆત ૧૯૫૨-૫૩ માં થઇ હતી. શાળાના શિક્ષક ૧૯૬૮થી કામ કરે છે. પહેલાં તપાસ સમયે પણ જે શિક્ષક હતા. તે હાલમાં પણ ચાલુ છે. ધોરણવાર વિદ્યાર્થીઓની સંખ્યા નીચે દર્શાવવામાં આવી છે. શાળામાં તપાસ સમયે કુલ ૫૭ બાળકો હાજરી પત્રક પર હતા. સરેરાશ હાજર સંખ્યા ૧૫ થી ૧૮ ની રહે છે.

કોઠો — ૪

ગામની શાળામાં ધોરણવાર વિદ્યાર્થીઓની સંખ્યા

| | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ધોરણ ૪ | ૨ | ૦ | ૨ |
| ધોરણ ૩ | ૫ | ૧ | ૬ |
| ધોરણ ૨ | ૧૨ | ૧ | ૧૩ |
| ધોરણ ૧ | ૨૪ | ૧૨ | ૩૬ |
| | ૪૩ | ૧૪ | ૫૭ |

શાળાના રેકર્ડ પરથી જાણવા મળ્યુ કે સ્થાપના વર્ષે સમયે શાળામાં ૨૫ રજીસ્ટર્ડ સંખ્યા હતી. જ્યારે સરેરાશ હાજર સંખ્યા ૧૪ ની હતી. આ આંકડાઓ સ્પષ્ટપણે આદિવાસીઓનું શિક્ષણનું પછાતપણું છતું કરે છે. આ આંકડાઓ પરથી સ્પષ્ટ જણાઇ આવે છે કે આ વિસ્તારની પ્રજામાં શિક્ષણનો ફેલાવો કરવા માટેના જે કોઇ પ્રયત્નો થયા છે તેને હજુ સુધી સફળતા મળી નથી. એક રીતે જોઇએ તો તે શિક્ષણ અંગેની ભૂખ તેમનામાં આપણે જગાવી શકયા નથી. ભીલ સેવા મંડળે ઘણા વર્ષોથી તેમના માટે કામ કર્યું છે તે જોતાં પણ શિક્ષણક્ષેત્રે કાંઇ થયુ નથી એમ જણાય છે.

મધાનીસર ગામ:

મધાનીસર ગામ ઝાલોદ તાલુકાના પંચમહાલ જિલ્લામાં આવેલું છે. આ ગામ ઝાલોદથી કુશલગઢના માર્ગ પર આવેલું છે. ગામ પર જવા માટે કોઇ સીધો બસ વ્યવહાર



નથી. ગામ પર જવા માટે મહુડી ગામ સુધી જવું પડે છે. જ્યાથી ગામ ૧/૨ કી.મી. દૂર છે. ૧૯૬૯માં મહુડી સુધી જે રસ્તો કાચો હતો જે હાલમાં પાકો કરવામાં આવ્યો છે. એક બીજો માર્ગ તાલુકા સ્થળેથી ભીમપુરી સુધી બસમાં જઇ શકાય છે. આ રસ્તો કાચો છે. ભીમપુરીથી મધાનીસર ૨ાા કી.મી. દૂર છે. તાલુકાનામુખ્ય મથકેથી ગામનું અંતર ૯ કી.મી. જેટલું છે.

ગામનો કુલ વિસ્તાર ૧૪૩ હેકટર છે. કુલ કુટુંબ સંખ્યા ૬૦ છે. જ્યા આદિવાસીઓની મુખ્યત્વે વસ્તી છે. ગામની ઉત્તરે છાછીયા ગામ, દક્ષિણે હડમંતપુડા, પશ્ચિમે મહુડી અને પૂર્વમાં ભામપુરી ગામો આવેલા છે. ગામ તાલુકાથી ૯ કી.મી. દૂર છે. ગામમાં દવાખાનાની, ચિકિત્સાલય કે અન્ય કોઇ સગવડ નથી. દવાખાના માટે ઝાલોદ આવવુ પડે છે. ગામમાં ચાર ધોરણની શાળા છે. ગામ મહુડી સેવા સહકારી મંડળી સાથે જોડાયેલું છે. ગામમાં ઘણા ખાતેદારો સહકારી મંડળીના સભાસદો છે.

ગામમાં મુખ્યત્વે મકાઇ, ડાંગર, મગફળી, અને અડદના પાકો થાય છે. ગામમાં પિયત કુવાઓ દ્વારા થાય છે. તદુપરાંત સદગુરુ સેવા સંઘ દ્વારા શંકરપુરા ગામમાં થયેલ ઉદ્વહન સિંચાઇની યોજનાનો થોડો ઘણો લાભ આ ગામના લોકોની જમીનને મળે છે તેની તે દ્વારા સિંચાઇની સગવડ છેલ્લા બે વર્ષથી થઇ છે.

ગામના લોકોનો મુખ્ય ધંધો ખેતી છે. ખેતી સિવાય ખેતમજૂરી કરે છે. પરંતુ ગામમાં તેમજ આજુબાજુના વિસ્તારોમાં મજુરી મળતી નથી તેથી ગામમાંથી લગભગ ૭૦ ટકા કુટુંબો મજુરી માટે ગુજરાતના અન્ય વિસ્તારોમાં શિયાળા અને ઉનાળામાં મજુરી કરવા બહારગામ જાય છે. આમ ગામમાં સ્થળાંતર કરતા કુટુંબોનું પ્રમાણ વિશેષ જોવા મળે છે.

શિક્ષણ:

૧૯૬૧ની વસતિ ગણતરી પ્રમાણે ગામમાં કુલ ૨૭૨ની વસતિમાંથી અક્ષરજ્ઞાન પામેલ વ્યક્તિઓની સંખ્યા ૨૩ની હતી. તેમાં બધા પુરુષો હતા. પહેલી તપાસ સમયે ગામમાં ચાર ધોરણની શાળા હતી. જેમાં ૨૪ બાળકો ભણતા હતા. દરરોજની સરેરાશ હાજરી ૧૫ની રહેતી. મહુડી ગામમાંથી શિક્ષક ગામ પર આવજા કરતા હતા. ગામના કેટલાક બાળકો વધુ શિક્ષણ માટે ૧ માઇલના અંતરે આવેલ મહુડી ગામમાં શાળાએ જતા હતા. આઠ ધોરણથી વધુ અભ્યાસ માટે ચારેક બાળકો ઝાલોદ માધ્યમિક શાળામાં જતા હતા. પહેલી તપાસ સમયે ગામમાં શાળાનું મકાન નહોતું. શાળા પોલીસપટેલના ઘરમાં ચાલતી હતી.

૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે ગામની કુલ ૩૩૪ની વસતિમાંથી ૪૮ લોકો ભણેલા હતા. જેમાં ત્રણ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. વધુ અભ્યાસ માટે બાજુમાં મહુડી ગામમાં આવેલ માધ્યમિક શાળામાં ભણવા જતા હતા. ગામમાં આવેલ ચાર ધોરણની શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા નીચેના કોઠામાં દર્શાવવામાં આવી છે. બીજી તપાસ સમયે શાળામાં કુલ ૪૦ બાળકો ભણતા હતા અને સરેરાશ હાજરી ૨૪ બાળકોની રહેતી હતી.

કોઠો-૫

ગામની શાળામાં ધોરણવાર વિદ્યાર્થીઓની સંખ્યા

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| પહેલું | ૧૪ | ૮ | ૨૨ |
| બીજું | ૮ | ૨ | ૧૦ |
| ત્રીજું | ૩ | ૧ | ૪ |
| ચોથું | ૪ | ૦ | ૪ |
| | ૨૯ | ૧૧ | ૪૦ |



## પ્રકરણ - ૨

### ભીલ જાતિનો પરિચય

ઐતિહાસિક ભૂમિકા

પંચમહાલનો ઇતિહાસ ચાંપાનેર શહેરની આસપાસ ગુંથાયેલ છે. વલ્લભીના શિલાદિત્ય ૫ માંના સંવત ૪૦૪-૪૪૧ (ઇ.સ.૩૪૮-૩૮૫) ના તામ્રલેખમાં ગોધ્રહક એટલે હાલના ગોધરા ખાતે નંખાયેલ વિજયી છાવણીનો ઉલ્લેખ છે. અણહિલવાડના પ્રથમ રાજયકર્તા વનરાજના રાજયકાળ દરમિયાન ૭ મી સદીમાં (ઇ.સ. ૬૪૭માં) ચાંપાનેરની સ્થાપના થઇ હોવાનું કહેવાય છે. ૧૩ મી સદીના (૧૨૯૭) અંતમાં અલ્લાઉદ્દીન ખીલજીની સરદારી હેઠળના મુસલમાનો સામે ખીચીવાડાથી પાછા હઠતા ચૌહાણો આ દેશના રાજયકર્તા બન્યા. સને ૧૪૮૪ માં મહમદ બેગડાએ ચાંપાનેર જીતી લીધું. ત્યાં સુધી ચૌહાણોની સત્તા ચાલુ રહી હતી. મિરત-એ-સિકંદરી (ઇ.સ.૧૬૧૧) ના લેખકે આ પ્રદેશની કેરી સર્વશ્રેષ્ઠ ગણી છે. અને ઘર બાંધવામાં વાપરી શકાય તેટલો ચંદનનો જથ્થો હોવાનું જણાવ્યું છે. મોગલ શહેનશાહોના અમલ દરમિયાન (ઇ.સ.૧૫૭૩-૧૭૨૭) ગોધરા એ જિલ્લાનું મુખ્ય મથક બન્યું. વોટસના ગુજરાતના ઇતિહાસમાં જણાવ્યા મુજબ ૧૭ મી સદીમાં તેનો જંગલી હાથીઓના શિકારના પ્રદેશ તરીકે ઉલ્લેખ છે.

સને ૧૭૨૭ માં કાન્તાજી કદમ બાંડેના પાલક પુત્ર કૃષ્ણાજીએ ચાંપાનેર પર હુમલો કર્યો અને નિયમિત ખંડણી ઉઘરાવી ૧૮ મી સદીના વચગાળામાં સિંધિયાએ ચાંપાનેર કબજે કર્યું તથા પંચમહાલને પોતાના રાજય સાથે જોડી દીધો

ત્યાં સુધી આ પ્રદેશ કૃષ્ણાજીના તાબામાં રહયો એમ જણાય છે. જો કે ઇ.સ. ૧૮૦૩ માં અંગ્રેજોએ પાવાગઢનો કિલ્લો જીતી લીધો. છતાં આ જિલ્લાના પ્રદેશનો કબજો લેવા કે તેનો વહીવટ કરવા તેમણે કોઇ પ્રયત્ન કર્યા નથી, તે પછીના વર્ષમાં આ કિલ્લો પણ સિંધિયાને પાછો સોંપવામાં આવ્યો ત્યાં સુધી એ કિલ્લો સિંધીયાની પાસે રહયો. ઇ.સ.૧૮૫૮ ના ઑકટોબરમાં નાયકડા ગામની ધાનકી આદિવાસી ટોળીએ રુપા અને કેવળ નાયકડાની આગેવાની હેઠળ અંગ્રેજો સામે બળવો કર્યો પણ તેમાં તેઓ સફળ થયા નહિ.

બ્રિટીશ રાજયના સમયમાં પંચમહાલ મુંબઇ પ્રાંતનો જિલ્લો હતો. (દ્વિભાષી રાજયમાં) ૧ લી મે, ૧૯૬૦ થી ગુજરાત રાજયમાં ગણવામાં આવે છે. ૧૯૪૫ માં ભરૂચ અને પંચમહાલ જિલ્લાનું સંયોજન થયા પછી નીચેના તાલુકા પંચમહાલમાં લેવામાં આવ્યા હતાં. દાહોદ, ગોધરા, હાલોલ, ઝાલોદ, કાલોલ. ૧૯૪૭ પછી ભારતના રજવાડી રાજયો લુણાવાડા, બારીયા (રતનમહાલ સહિત) સંત અને પાંડુ મેવાડના કેટલાક ગામ, વડોદરાનું એક ગામ, સાબરકાંઠા જિલ્લાનાં છ ગામ ફેરવવામાં આવ્યાં. એક ગામ વડોદરા જિલ્લામાં લેવામાં આવ્યું છે. ૨૮ ફેબ્રુઆરી, ૧૯૬૧ પછી કોઇ ફેરફારો થયા નથી.

<u>ભી લો</u>

ભીલોની વસતી ગુજરાતમાં સૌથી વધારેમાં વધારે છે. રાજયના કુલ આદિવાસીઓમાં ભીલો ૪૦ ટકા છે. ભીલોની વસતી માત્ર ગુજરાતમાં જ નહીં પણ ભારતના અન્ય રાજ્યોમાં પણ સારા એવા પ્રમાણમાં છે જે નીચેના કોઠા નં.૧



ઉપરથી જાણી શકાય છે.

<u>કોઠો નં. ૧</u>

<u>રાજ્યવાર ભીલોની વસતી</u>

| ક્રમ | રાજ્યનું નામ | વસતી (૧૯૬૧) | વસતી (૧૯૭૧) |
|---|---|---|---|
| ૧. | મધ્યપ્રદેશ | ૧૨૨૯૯૩૦ | ૧૬૧૮૭૯૫ |
| ૨. | ગુજરાત | ૧૧૨૪૨૮૨ | ૧૪૫૧૭૬૦ |
| ૩. | રાજસ્થાન | ૯૦૮૭૯૮ | ૧૪૪૭૪૭૩ |
| ૪. | મહારાષ્ટ્ર | ૫૭૫૦૨૨ | ૬૭૮૭૫૦ |
| ૫. | મૈસુર | ૨૧૭ | ૩૫૩ |
| ૬. | આંધ્રપ્રદેશ | ૮૩ | ૫૬૦ |
| ૭. | ત્રિપુરા | ૬૯ | ૧૬૦ |
| | કુલ.... | ૩૮૩૮૩૭૧ | ૫૧૯૭૮૬૦ |

ભારતના આદિવાસીઓમાં પ્રથમ નંબરે ગોંડ અને બીજા નંબરે ભીલોનું સ્થાન છે. ઉપરના કોઠા ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે, ગુજરાતના આદિવાસીઓની સંખ્યા ૨૭૫૪૪૪૬ ની છે. જેમાં ગુજરાતમાં ભીલો કુલ આદિવાસીઓના ૪૦ ટકા છે. જે ભીલોનું ગુજરાતમાં વસતીની દૃષ્ટિએ પ્રથમ સ્થાન છે. અને ભારતના અન્ય રાજ્યમાં ભીલોનું વસતીની દૃષ્ટિએ મધ્યપ્રદેશ પછી બીજુ સ્થાન છે. ગુજરાત રાજયમાં ભીલોની વસતિ મુખ્યત્વે નીચેના જિલ્લાઓમાં આવેલી છે.

કોઠા નં. ૨

જિલ્લાવાર ભીલ વસતી

| ક્રમ | જિલ્લાનું નામ | ૧૯૬૧ | ૧૯૭૧ |
|---|---|---|---|
| ૧. | ડાંગ | ૨૩૭૦૧ | ૨૮૪૭૫ |
| ૨. | વલસાડ | - | ૧૬૧૬ |
| ૩. | સુરત | ૯૫૭૭૪ | ૧૧૫૫૧૨ |
| ૪. | ભરૂચ | ૨૮૨૪૨૪ | ૩૭૪૫૨૯ |
| ૫. | પંચમહાલ | ૪૦૨૯૯૨ | ૫૧૮૮૭૮ |
| ૬. | વડોદરા | ૧૧૮૮૩૬ | ૧૨૮૯૭૩ |
| ૭. | બનાસકાંઠા | ૫૨૩૭૦ | ૭૬૯૮૬ |
| ૮. | સાબરકાંઠા | ૧૨૩૦૬૨ | ૧૭૩૬૦૮ |
| | જિલ્લાની કુલ ભીલ વસતી | ૧૦૯૯૧૫૯ | ૧૪૧૮૫૭૭ |
| | અન્ય જિલ્લાઓમાં | ૨૫૧૨૩ | ૩૩૧૮૩ |
| | કુલ | ૧૧૨૪૨૮૨ | ૧૪૫૧૭૬૦ |

ઉપરના કોઠા ઉપરથી જણાય છે કે, ગુજરાતમાં ભીલોની વસતીનું પ્રમાણ વતાઓછા પ્રમાણમાં લગભગ દરેક જિલ્લામાં જોવા મળે છે. તેમાંય સૌથી વધારે પ્રમાણ પંચમહાલમાં જોઇ શકાય છે. પંચમહાલમાં પણ ભીલોની વસતી આખા



જિલ્લામાં વેરાયેલ છે. તાલુકાવાર વસતી કોઠા નં.૩ માં જણાવેલ છે.

કોઠા નં. ૩

પંચમહાલ જિલ્લાના ભીલોની તાલુકાવાર વસતી

| ક્રમ | તાલુકાનું નામ | વસતી ૧૯૬૧ | વસતી ૧૯૭૧ |
|---|---|---|---|
| ૧. | ગોધરા | ૨૦૫૦૧ | ૨૭૦૮૪ |
| ૨. | કાલોલ | ૧૬૯ | ૪૪૮ |
| ૩. | હાલોલ | ૨૦૦ | ૬૦૪ |
| ૪. | જાંબુઘોડા | ૩૨ | ૨૭ |
| ૫. | શેરા | ૩૨૨ | ૮૧૯ |
| ૬. | લુણાવાડા | ૭૩ | ૧૦૨ |
| ૭. | સંતરામપુર | ૧૦૫૭૦૯ | ૧૩૫૨૭૪ |
| ૮. | ઝાલોદ | ૧૦૨૦૩૧ | ૧૩૪૦૩૨ |
| ૯. | દાહોદ | ૧૦૦૦૬૭ | ૧૩૦૩૦૦ |
| ૧૦. | દેવગઢબારિયા | ૩૬૯૫ | ૫૫૫૬ |
| ૧૧. | લિમખેડા | ૬૫૩૧૬ | ૮૪૬૩૨ |

| | | |
|---|---|---|
| કુલ | ૩૯૮૧૧૭ | ગ્રામવિસ્તાર |
| + | ૪૮૭૫ | શહેરી વિસ્તાર |
| | ૪૦૨૯૯૨ | કુલ ૫૧૮૮૭૮ |

ઉપરના કોઠા ઉપરથી સ્પષ્ટ થાય છે કે, ભીલોની વસતી મુખ્યત્વે સંતરામપુર, ઝાલોદ અને દાહોદ તાલુકાઓમાં વિશેષ છે.

આટલા મોટા પ્રમાણમાં ભીલો પંચમહાલમાં જોવા મળે છે, આગળ જે પંચમહાલની ઐતિહાસિક ભૂમિકા જોઇ તો તેમાંથી જાણી શકાય છે કે, પંચમહાલ જિલ્લો કે એ વિસ્તાર થોડા વર્ષોનો પરિપાક નથી પણ કેટલાય વર્ષોથી આ પ્રદેશમાં માનવ વસતી જોઇ શકાય છે અને અનેક પ્રકારની રાજકીય ઉથલપાથલોથી રંગાયેલ ઇતિહાસ છે. તો આ પ્રમાણે જે વિસ્તારમાં અનેક વખત સંઘર્ષો થયા તો ત્યાં રહેતી પ્રજા પર તેની અનેક રીતે અસર પડ્યા વગર રહે નહીં. કેટલાક મેદાનોમાંથી ડુંગરોમાં અને જંગલોનાં ઊંડાણમાં ચાલ્યા જાય. અનેક જાતિઓ સાથે સંઘર્ષમાં આવવાથી કદાચ સો ટકા પોતાની જાતિ શુધ્ધ સ્વરૂપ ન મળે પણ તેમાં અનેક મિશ્રણો થાય, એમ કલ્પી શકાએ, જો કે ત્યાંના ભીલો વિશે હજુ સુધી ચોક્કસ કહી શકાય તેમ નથી કે તેઓ પંચમહાલમાં ક્યાંથી આવ્યા અને કેટલા વર્ષોથી ત્યાં વસવાટ કરે છે. તે કેટલીક વંશાવલીઓ જોવાથી લગભગ ૬ થી ૭ પેઢી થી તો તેઓ ત્યાં જ વસવાટ કરે છે એમ ચોક્કસ રીતે કહી શકાય છે. તેમનો લેખિત ઇતિહાસ કે સાત પેઢીથી વધુ યાદ નહીં હોવાને લીધે કે બારોટના ચોપડા નહીં હોવાને લીધે સ્પષ્ટરીતે કઇ કહી શકાય નહીં.

પંચમહાલ જિલ્લા સાથેના સંબંધે તેમને સાંકળી લેવા કોઇ ઐતિહાસિક કડી ભલે ન મળે છતાં ભીલ જાતિ સદીઓથી હશે એમ સ્પષ્ટપણે ઉલ્લેખો વૈદિક કાળથી મળી આવે છે. જે માટે ઘણાં ઐતિહાસિક પુરાવા પણ આપી શકાય તેમ



છે. તેનો નીચેની આપેલ ચર્ચાઓ પરથી સ્પષ્ટ ખ્યાલ આવશે.

## ભીલોની ઐતિહાસિક પૃષ્ઠ ભૂમિ :

'ભીલ' શબ્દ મૂળ દ્રાવિડ ભાષાના ( Bille ) 'બિલ' શબ્દમાંથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ 'બાણ' થાય છે. ભીલો પ્રાચીન કાળથી બાણ પોતાની સાથે રાખતા, આજે પણ 'ભીલો' બહાર જાય તો બાણ પોતાની સાથે રાખીને ફરતા જોવા મળે છે. એ ઉપરથી 'બિલ' તરીકે ઓળખાતા હશે. સમય જતાં 'બિલ' શબ્દનો અપભ્રંશ થવાથી 'ભીલ' શબ્દ પ્રચલિત થયો હશે. સંસ્કૃતમાં 'ભીલ' નો અર્થ 'કાપવું' થાય છે. આવી પણ એક માન્યતા છે કે આ લોકો પહેલાં જંગલો કાપતા હોવાથી ભીલ તરીકે ઓળખાતા હશે. 'ભીલ' શબ્દના ઉલ્લેખો પ્રાચીન ગ્રંથોમાં પણ જોવા મળે છે. જેવો કે 'કથા-સરિત-સાગર', ઋગ્વેદ, રામાયણ, મહાભારત.

ભીલોને કેટલાક'આર્ય' તો કેટલા 'અનાર્ય' વંશના માને છે. કેટલાક દ્રાવિડીયન અથવા દ્રાવિડીયન પહેલાના માને છે. આમ ભીલો વિશે અનેક જાતના મત જોવા મળે છે. શ્રી વેન્કટરકર કહે છે કે 'ભીલો' એ આર્યો અને દ્રાવિડો પહેલા હિન્દમાં વસતી જાતિઓના વંશજો છે. તેથી તેઓ પ્રોટો મોડટેરિયન જાતિના હોવાનો સંભવ છે. ૧૯૪૨ માં ડૉ. ડી.એન.મજમુદારે ભીલોના લોહીનું પૃથક્કરણ કર્યુ હતુ અને શ્રી જી. એમ. કુલકર્ણીએ માનવવંશ શાસ્ત્રની દૃષ્ટિએ ભીલોની તપાસ કરી હતી. તેઓએ પણ મોટે ભાગે ભીલો આર્યન વંશના જણાયા હતાં.

ઉપરની ચર્ચા અને વિદ્વાનોના અલગ અલગ મતો ઉપરથી જાણી શકાય છે કે ભીલો પુરાણકાળથી અસ્તિત્વમાં છે. એમ જાણી શકાય છે.

આગળ ભીલોની વસતી જે ગુજરાતમાં મોટા ભાગના જિલ્લાઓમાં દેખાય છે પણ બધા જિલ્લાઓમાં વસતા ભીલોને એક પ્રકારના ભીલો તરીકે ગણી શકાય એવી સ્થિતિ નથી. કારણ કે અત્યારે જે દેખાય છે તે બધા અલગ અલગ જુથો હોય તેમ લાગે છે. તેમજ એવી કોઇ ઐતિહાસિક માહિતી પણ નથી કે ગુજરાતના બધા ભીલોને સાંકળી લેતી હોય કે બધા જ ભીલો એક જ પ્રકારના છે, પણ પંચમહાલ -માં જે ભીલો છે તે બીજા વિસ્તારના ભીલો કરતા શરીરના બાંધામાં, શારીરિક દેખાવમાં, સામાજિક રીત રિવાજોમાં બિલકુલ અલગ તરી આવે છે. ડાંગ, બનાસકાંઠા ભરૂચ, વડોદરા કે પંચમહાલમાં વસતા ભીલો એકબીજા કરતાં અલગ જુથોમાં છે. અને દરેકની આગવી વિશિષ્ટતા છે.

જે આગવી વિશિષ્ટતા પ્રાદેશિક ભિન્નતાને લીધે કે દરેક પ્રદેશોમાં જે વારંવાર અલગ અલગ સમયે થયેલ રાજકીય ઉથલપાથલને લીધે કે પછી દરેકને જુદી જુદી જાતિઓ સાથે થયેલ મિશ્રણોના પારપાક હોય. જેમ કે સાબરકાંઠા અને બનાસકાંઠાના "ગરાસિયાઓ" એ ભીલ કન્યાઓ અને રાજપૂતોના મિશ્રણમાંથી થયેલ જાત છે. છતાં ભીલોની ભિન્નતા વિશે કોઇ ચોકકસ મત બાંધી શકાય તેમ નથી. વસતી ગણતરીમાં ભીલ કે જેમાં ભીલ, ભીલગરાસિયા, ઢોલી ભીલ, ડુંગરી ભીલ, ડુંગરી ગરાસિયા, મેવાસી ભીલ, રાવળ ભીલ, તડવી ભીલ, ભાગલિયા, ભીલાલા, પાવરા, વસાવા અને વસાળેને ભેગા ગણી લેવામાં આવ્યા છે.



## પ્રકરણ - ૩

## ભૌતિક સંસ્કૃતિ

### ઘરની રચના

આ વિસ્તાર એ સપાટ મેદાનો વાળો નહીં પણ નાની મોટી ટેકરીઓથી છવાયેલો છે. જેમાં ગામોનો વિસ્તાર ૩ થી ૪ માઇલ સુધી વિસ્તરેલો હોય છે. એટલે કે ગામમાં ભીલોના ઘર નજિક નજિક નથી પણ છુટા છવાયા જોવા મળે છે. ઘર ઉંચાણવાળી જગ્યાએ એટલેકે જ્યાં જ્યાં જ્યાં ટેકરીઓ હોય તેના પર બાંધવામાં આવે છે. તેમના ઘરો એક જ જગ્યાએ વધારેમાં વધારે ત્રણ કે ચાર સાથે હોય છે. જો કે મોટે ભાગે એક કે બે ઘરો સાથે જોવા મળે છે. આ સ્થિતિ દાહોદ વિસ્તારમાં પૂર્વગાળામાં ખાસ દેખાય છે. જ્યારે ઝાલોદ વિસ્તારમાં લગભગ એક એક કે એક બે ઘરો સાથે જોવા મળે છે. જ્યારે દાહોદ વિસ્તારમાં વધુમાં વધુ ત્રણ ચાર ઘરો ભેગાં જોવા મળે છે. જેમ એક કે બે ત્રણ ભાઇઓ હોય તો તેઓ બાજુ બાજુમાં ઘર બાંધીને રહે છે. આ વિસ્તારમાં ચોરોનો ભય વધુ છે તેથી બે ત્રણ ઘરો સાથે જોવા મળે છે. ચોરી ખાસ કરીને ઢોરોની થતી હોય છે. આ ઘરો ડુંગરી પર હોય છે અને ડુંગરાની તળેટીમાં પોતાની જમીનમાં જ હોય છે. ઘણી વાર એક જ ગામમાં એક જ ગોત્રના લોકો પાસોપાસ રહેતા હોય છે. દા.ત. નિનામાં ખરાડીઓ, બીલવાડ, સંઘાડીયા, પારગી વગેરે એક જ ગોત્રવાળા સાથે હોય છે. ઘણીવાર ઘરો એકબીજાથી છુટાછવાયા પણ મોટે ભાગે એક જ ગોત્રવાળાના હોય છે.

ઘર પોતે જ બનાવી લેતા હોય છે. ઘર બાંધવામાં પોતાના કુટુંબિજનો કે સગાસંબંધીઓ મદદ કરે છે. મકાન જ્યાં ડુંગરી પર બનાવે તો તે માટે પ્રથમ બે વ્રત હાથનો પાયો ખોદી પથ્થર અને માટી ભેગી કરી થેપવામાં આવે છે. નાનાં નાનાં પથ્થરના ટુકડાઓ માટીની સાથે મુકીને ઘરની દિવાલો બનાવે છે. કેટલાક મકાનોમાં ઇટોનો ઉપયોગ તો કેટલાક મકાનોમાં માત્ર માટીની ભીંતોવાળા ઘરો હોય છે. આ દિવાલો ઉપર વાંસ અને વળીઓ નાખી છાજ બનાવે છે તેના પર માટીના નળિયા કે થેપલા ઢાંકે છે. થેપલા (દેશી નળીયા) પોતે જાતે જ બનાવે છે. જે માટાના હોય છે. વજનદાર અને જાડા હોય છે. ઘરને બારી મુકવામાં આવતી નથી. આ મકાનો બહુ ઊંચા હોતા નથી. કે તેના માળ પણ હોતા નથી. કેટલાક ઘરોને બારણા જોવા મળે છે, તો કેટલાક ઘરોને વાંસમાંથી બનાવેલું કટલું હોય છે.

તેમના ઘરોમાં લગભગ એક જ ખંડ હોય છે. રહેઠાણ અને ઢોર એક જ ખંડમાં રાખવામાં આવે છે. કેટલાકને બાજુમાં ઢોર બાંધવાનું મકાન જુદુ પણ જોવા મળે છે. ઢોરાંની વધુ કાળજી લેવાનું કારણ ઢોરની ચોરીનો પ્રશ્ન છે. ઝાલોદ કરતા દાહોદ તાલુકામાં ચોરીનું પ્રમાણ વધુ જોવા મળે છે. ઘણીવાર ખંડમાં વચ્ચે વાંસની કોઠીઓ કે માટીની કોઠીઓ મુકી બે ભાગ જેવું (પાર્ટીશન) બનાવે છે. જેમાં એક બાજુ રાંધવાનું અને બીજી બાજુ ઢોર બાંધવાનું બનાવે છે. આ એક-ખંડના ઘરો સિવાય બે ખંડવાળા ઘરો પણ હોય છે. જેમાં આગળનો ભાગ ઓસરી જેવો ખુલ્લો ન રાખતા ખંડ જેવું બનાવી દે છે. જેમાં અંદરના ખંડમાં ઢોર બાંધે, કોઠીઓ મુકે અને બીજી ઘરવખરીની વસ્તુઓ મુકે છે. જ્યારે બહારના ખંડમાં રાંધે છે. જો




એક ખંડનું ઘર




બે ખંડવાળું ઘર

કે અંદરના ખંડમાં પણ ચુલો હોય છે. આ સિવાય અંદરના ખંડમાં માળિયા જેવું બનાવે છે. જેના ઉપર ઘરવખરીની ચીજો મુકતા હોય છે. જેમાં વચ્ચે એક બે થાંભલા નાખીને અથવા બન્ને ભીતો ઉપર લાકડા મુકીને માળીયુ બનાવે છે. જેના પર ઘાસ નાખે છે. તેમજ કેટલીક વસ્તુઓ મુકે છે. ઘરની આજુબાજુ કેટલાક વાંસની વાડ બનાવે છે. તો કેટલાક નથી બનાવતા. જ્યાં બે ઘરોથી વધારે ઝુંડ હોય ત્યાં વાડજેવું નથી હોતુ પણ એ ઘરો એવી રીતે બનાવે છે કે જેમાં વાડ ન હોય તો પણ ચાલે. તેમાં એક ઘર અને બીજી ઘરની દિવાલો એક હોય. સામે સામે પણ એવી રીતે ઘર બનાવી પાછળથી ભીડી લે, જેથી એ બધા ઘરોનો રસ્તો એક જ રહે, જેમ કેટલાક વિસ્તારોમાં માઢ કે શેરી બનાવવામાં આવે છે એ રીતે જ્યાં રસ્તો હોય ત્યાં વાંસની કે માટીની દિવાલ બનાવી એક બારણું કે ઝાંપા જેવું બનાવે છે. જેથી અલગ વરંડાની જરૂર ન રહે અને અલગ વરંડા સિવાય દરેકને પુરતુ રક્ષણ મળે. આ ઘરો આગળ મોટાભાગના કુટુંબો ચાર લાકડા ઉભાં કરી માંડવો બનાવે છે. આ માંડવા ઉપર ઘાસ નાખે છે. જેથી ઘાસ ઢોર બગાડે નહીં કે ઉધઇ ન ચડે. અને ઘર આગળ છાંયો પણ રહે. તે ઉપરાંત આ આગળના થાંભલે સાડી કે દોરી બાંધી બાળકોને સુવાડવાનું ખોયુ બાંધી રાખે છે. આ માંડવાનો બહુ વિધ ઉપયોગ કરે છે.

દરેકના ઘરના બારણા આગળ ૪ થી ૫ ફુટ લાકડાના કકડા ઉભાં કરી બે ત્રણ માટલાં રહે એવો પીવાના પાણી માટે ઘોડો બનાવેલ હોય છે. જેના ઉપર પીવાનું પાણી રાખવામાં આવે છે. તે માટલાની સાથે બાજુમાં તુમડીમાંથી

બનાવેલ પાણી લેવા માટે ડોયા જેવું બનાવેલ હોય છે. જે નાખી માટલામાંથી પાણી લઇ અધ્ધર હાથે પીવે છે.

ઘરમાં ઘરવખરીના વસ્તુઓ ખુબ ઓછા પ્રમાણમાં જોવા મળી છે. જીવન જરૂરિયાતના ઓછામાં ઓછી વસ્તુઓથી ચલાવે છે. છતાં કોઇક કોઇક વસ્તુઓની વપરાશમાં થોડુક પરિવર્તન પણ દેખાય છે. આનો સંપૂર્ણ ખ્યાલ દાહોદ અને ઝાલોદના બે અનુક્રમે ઇટાવા અને મધાનીસર ગામના ૧૦૯ કુટુંબોની તપાસ કરી જેમાંથી જોઇ શકાશે.

ઘરવખરી સાધનો ધરાવનાર કુટુંબોની સંખ્યા (૧૯૬૯)

| ઘરવખરીના સાધનો | ઇટાવા (દાહોદ) ૫૦ કુટુંબમાંથી | મધાનીસર (ઝાલોદ) ૫૯ કુટુંબમાંથી | કુલ વસ્તુઓ વાપરનાર કુટુંબો | ટકા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| એલ્યુમિનિયમના વાસણો | ૨૩ | ૨૧ | ૪૪ | ૪૦.૪ |
| પિત્તળના વાસણો | ૪૧ | ૫૨ | ૯૩ | ૮૫.૩ |
| તાંબાના વાસણો | ૪ | ૬ | ૧૦ | ૯.૨ |
| કાંસાના વાસણો | - | ૧૩ | ૧૩ | ૧૨.૦ |
| માટીના વાસણો | ૫૦ | ૫૯ | ૧૦૯ | ૧૦૦.૦ |
| ખાટલા -કાથીના | ૫૦ | ૫૮ | ૧૦૮ | ૯૯.૦ |
| લાકડાનું ફર્નિચર | - | ૧ | ૧ | ૧.૦ |
| કાંડા ઘડિયાળ | - | ૧ | ૧ | ૧.૦ |
| રેડીયો | - | - | - | - |
| ચીમની | ૪૯ | ૫૯ | ૧૦૮ | ૯૯.૦ |
| ફાનસ | ૩ | ૬ | ૯ | ૮.૩ |
| ટોપલીઓ | ૪૮ | ૫૯ | ૧૦૭ | ૯૮.૨ |
| ઘંટી | ૪૬ | ૫૮ | ૧૦૪ | ૯૫.૪ |
| બેટરી | ૪ | ૧૨ | ૧૬ | ૧૪.૭ |
| પતરાંની પેટી | ૨ | ૧૬ | ૧૮ | ૧૬.૫ |
| છત્રી | ૩૩ | ૧૮ | ૫૧ | ૪૬.૮ |
| સાયકલ | - | ૧ | ૧ | ૧.૦ |
| અન્ય | ૧ | - | ૧ | ૧.૦ |



બન્ને તાલુકાના બે ગામોમાં ૧૦૯ કુટુંબના અભ્યાસ પરથી જણાય છે કે, મોટે ભાગે પરંપરાગત ઘરવખરીના સાધનો દેખાય છે. પરિવર્તનની અસર છે પણ બહુ ઓછી છે. જેમ કે માટીના વાસણો વાપરનાર ૧૦૦ ટકા કુટુંબો છે. જ્યારે તાંબાના વાસણો વાપરનાર માત્ર ૧૦ કુટુંબો એટલે કે ૯.૨ ટકા છે. કાંસાના

વાસણો વાપરનારનું પ્રમાણ ૯૨ ટકા નું છે. પિત્તળના અને એલ્યુમિનિયમના વાસણો વાપરનારમાં એલ્યુમિનિયમના વાસણો વાપરનારનું પ્રમાણ વધારે છે. એલ્યુમિનિયમનો વાસણો વાપરનાર ૪૦.૪ ટકા છે જ્યારે પિત્તળના વાસણો વાપરનાર ૮૫.૩ ટકા છે. જ્યારે સ્ટીલના વાસણોનો બિલકુલ વપરાશ જોવા મળ્યો નથી. ખાટલા લગભગ દરેક કુટુંબોમાં જોવા મળે છે. મોટે ભાગે ખાટલાઓ કાથીના ભરેલા હોય છે. અન્ય ઘરવપરાશના વસ્તુઓમાં ચીમનીનું પ્રમાણ ૯૯.૦ ટકા છે. જ્યારે ફાનસ માત્ર ૮.૩ ટકા કુટુંબો વાપરે છે. ઘંટી પણ લગભગ દરેક ઘરમાં છે. તેનું પ્રમાણ ૯૫.૪ ટકાનું છે. ચોમાસા માટે છત્રી વાપરનાર કુટુંબોનું પ્રમાણ ૪૬.૮ ટકા છે. ઘરમાં પતરાંની પેટીઓ ધરાવનાર કુટુંબોનું પ્રમાણ ૧૬.૫ ટકા છે અને બેટરી વાપરનારના કુટુંબોનું પ્રમાણ ૧૪.૭ ટકા છે. કાંડા ઘડિયાળ, સાયકલ અને લાકડાનું ફર્નિચર માત્ર એક જ કુટુંબ પાસે હતું.

ઘરવખરીની વસ્તુઓ પરથી સ્પષ્ટ જોઇ શકાય છે કે, તેમનામાં પરિવર્તનની અસર જોવા મળે છે. છતાં મોટે ભાગે પરંપરાગત જીવન વિતાવે છે. આ ઉપરાંત ઘરવખરીની વસ્તુઓ પણ એટલા પ્રમાણમાં ઓછી હોય છે કે તેમનું જીવન ઘણું જ સાદુ લાગે છે.

## ખેતીના સાધનો

તેમની પાસે ખેતીના ઓજારો પણ ઓછા છે. તેઓ ખેતી જુની પધ્ધતિથી કરે છે. સુધારેલ ઓજારોનું પ્રમાણ નહીવત છે.



બન્ને ગામોમાં ઇટાવા (દાહોદ) અને મધાનીસર (ઝાલોદ) ૧૦૯ કુટુંબોની તપાસમાં જે સાધનો જોવા મળ્યા છે તેનું પ્રમાણ નીચે મુજબ હતું.

| ગામ | હળ | કરબ | સમાર | વાવણીઓ | નાના ઓજારો | ગાડુ | અન્ય સાધનો | કુલ કુટુંબો |
|---|---|---|---|---|---|---|---|---|
| ઇટાવા (દાહોદ) | ૬૬ | ૧૦ | ૩૮ | ૨૭ | ૨૭૯ | ૧૫ | ૩ | ૫૦ |
| મધાનીસર (ઝાલોદ) | ૬૭ | ૪ | ૫૨ | ૫૨ | ૨૦૪ | ૪ | ૧૯ | ૫૯ |
| | ૧૩૩ | ૧૪ | ૯૦ | ૭૯ | ૪૮૩ | ૧૯ | ૨૨ | ૧૦૯ |

## શિકારના સાધનો

ભીલો પાસે શિકારના સાધનોમાં મુખ્યત્વે તીરકામઠુ જોવા મળે છે. ભીલ પોતાના ઘેરથી બહારગામ જાય કે કોઇ અન્ય કામે જંગલમાં જાય ત્યારે તીરકામઠું એની પાસે હોય જ. છતાં આજે તીરકામઠાની જગ્યાએ બીજા સાધનો પણ જોવા મળે છે. જેવા કે તલવાર, ભાલા, ધારીયા, બંદુક વિગેરે. છતાં બંદુકનું પ્રમાણ ખૂબ જ ઓછુ છે. આનાથી વિપરિત પરિસ્થિતિ બનાસકાંઠાના ગરાસિયાઓમાં જોવા મળે છે. ત્યાં બંદુકો મોટા ભાગનાં કુટુંબોમાં જોવા મળે છે. . ગરાસિયાઓ તલવાર અને બંદુકને સામાજિક પ્રતિષ્ઠાનું સાધન ગણે છે. અહીંના ભીલોમાં બંદુક અને તલવારોનું પ્રમાણ બનાસકાંઠા કરતા ઘણું ઓછુ છે. આ સિવાય શિકારના સાધનોમાં માછલી

પકડવાની જાળ પણ જોવા મળે છે. તપાસેલ કુટુંબોમાં શિકારના સાધનો નીચે મુજબ જોવા મળ્યા હતાં.

| ગામ | માછલા પકડવાની જાળ | તીરકામઠુ | તલવાર કે ભાલો | બંદુક | કુલ કુટુંબ |
|---|---|---|---|---|---|
| ઇટાવા (દાહોદ) | ૧૯ | ૪૫ | ૯ | ૧ | ૫૦ |
| મધાનીસર (ઝાલોદ) | ૧૭ | ૩૧ | ૨૦ | ૧ | ૫૯ |
| કુલ... | ૩૬ | ૭૬ | ૨૯ | ૨ | ૧૦૯ |
| ટકા | ૩૩.૦ | ૬૯.૭ | ૨૬.૬ | ૧.૪ | |

## વાંજિત્રો

પંચમહાલનાં ભીલોમાં વાંજીત્રો ખાસ કરીને ઢોલ છે. ઢોલ દરેકને ત્યાં હોતો નથી. આ ઢોલ પ્રસંગોનુંસાર અલગ અલગ રીતે વગાડવામાં આવે છે. પ્રસંગોનુસાર એનો અવાજ અને તેના મારવામાં દંડાઓની સંખ્યા જુદી જુદી હોય છે. ગામમાં બધાને ભેગા કરવા હોય, કોઇનું મૃત્યુ થયુ હોય, તહેવાર કે લગ્ન સમયે વગાડવામાં આવતા ઢોલના અવાજમાં ફરક હોય છે. જેથી ગમે ત્યાં દૂર ઘર



હોય છતાં ઢોલનો અવાજ ઉપરથી શા માટે ઢોલ વગાડવામાં આવે છે તેની જાણ થાય છે. કદાચ બધાને ભેગા કરવાને ઢોલ વગાડતા હોય તો દૂરદૂરના રહેતા હોવા છતાં અવાજ સાંભળ્યા બાદ તુરત જ થોડીક વારમાં ભેગા થઇ જાય છે.

ઇટાવા (દાહોદ)માં બે ઢોલ હતાં મધાનીસર (ઝાલોદ)માં ૪ ઢોલ જોવા મળ્યા હતાં. ઢોલ પ્રમાણમાં ખૂબ મોટા હોય છે. ખાસ કરાને પટેલને ત્યાં ઢોલ હોય છે. આ સિવાયના બીજા વાંજીત્રો ભીલોમાં જોવા નથી મળતા.

## પહેરવેશ અને ઘરેણાં

પુરુષોમાં આગળ પડતા આગેવાનો ધોતીયાની માફક પહેરે છે. અને તેની ઉપર બંડી પહેરે છે. જે બંડી સફેદ કે રંગીન હોય છે. ટૂંકી બાયની. આ સિવાય ઘરમાં લગભગ દરેક પુરુષ લંગોટી પહેરે છે. અને તેમાં કેટલાક લંગોટ પર નાના ધોતીયાને ડબલ કરી ફેટીયાની માફક ગોળ ઢીંચણ સુધી વીટી દે છે. જ્યારે કેટલાક તો માત્ર બહાર જતા જ આવું ફેટીયું વીટે છે. નહીંતર લંગોટી જ પહેરી રાખે છે. જ્યારે મોટી ઉંમરના પુરુષો માત્ર લંગોટી જ પહેરે છે. આ લંગોટી પર કાળી, સફેદ, કે રંગીન બંડી પહેરે છે. કેટલીક બંડીઓ ડીઝાઇન-વાળી હોય છે. માથા પર ત્રણ ચાર હાથનો સફેદ કકડો બાંધે છે. બહાર જતા પાઘડી બાંધે છે. જે બાંધવાના રીત લગભગ બધાની એક સરખી છે. પાઘડી ગોળ બાંધે છે. માથાની ચારે બાજુ અને વચ્ચેનો ભાગ ખુલ્લો રહે છે. અને કપાળની આગળના કાપેલા વાળ પાઘડી બહાર રાખે છે. થોડાક આ પાઘડી પર ગોફળ બાંધે છે. કાળી બંડીઓમાં કેટલાક યુવાનો સફેદ ડીઝાઇન કરાવડાવે છે. આ

આ બંડીઓ દાહોદમાંથી તૈયાર લાવે છે. પગમાં જોડા કોઇક પહેરે છે. નાનાં છોકરા લંગોટી મારે છે. નાના છોકરાઓ ઉઘાડા પણ ફરે છે. યુવાન છોકરાઓ પાટલુન અને બુશર્ટ પહેરે છે.

સ્ત્રીઓ કબજો કે ચોળી સાડલો પહેરે છે. ઘાઘરો પગની આગળથી ઉંચો અને તેના બે છેડા કેડે ખોસવામાં આવે છે. કેટલીક સ્ત્રીઓ કબજામાં ચોળી પહેરે છે. નાની છોકરીઓ કબજો અને ઘાઘરો પહેરે છે.

ઘ રે ણાં :

પુરુષો :-

કાનમાં મરકી (ચાંદી કે રુપાની) સેલકડી (ચાંદીની)

કે ડે :-

કં દો રો (ચાંદીનો) થરા પણ બાંધે છે. (છોકરાઓ રંગીન પારાઓ કેડ પર બાંધે છે.)

હાથમાં:- ભોરીયા (કડા જેવાં)

આંગળીઓમાં:- વીંટી પહેરે છે. (ચાર આનીને પણ વીંટીમા મઢાવે છે)

લગ્નમાં હાંસડી, ચોર (રંગીન નાના પારાઓ)

સ્ત્રીઓ :-

પગમાં :- કડલાં બેનગર)



નાકમાં :- કાંટો

ગળામાં :- હાંસડી, સાંકળી, ચોર,(મોતીના પારાઓની ચોર)

માથામાં :- કપાળ પર બોર, માથામાં બોરની સાથે જોડેલ બે સાંકળી જે બે લમણા ઉપર થઇને ગળામાં કે કાન સાથે જોડેલી હોય છે.

કાનમાં :- લોળીયા, વેડલા, ભીંડળી (સાંકળી)

હાથમાં :- (કમવાર) કાંડાથી ઉપર કમવાર આ પ્રમાણે હોય છે.

ભોરીયા | ચાંદીના
ગુજરિયા |

કથીરીયું - લાખનું

ગોળ કથીરીયું - લાખનું

કરવડી - (કથીર)

કોણી ઉપર :- (કમમાં)

જેલા ( કથીરના હોય છે)

પાટડીયા ,,

ચુડીયા ,,

દાણુ ,,

હથેળી ઉપર :- હાથના કાંડાની આંગળીઓ સુધી હાથફુલ.

લગ્નમાં નાની નાની ભુંગળીઓથી બનાવેલ ગજરા બાંધે છે. જે કાંડા ઉપર બાંધે છે. ગજરા હાથની આંગળીઓ સુધી લટકતા રહે છે.

( જે સ્ત્રીનુ લગ્ન થયું હોય તે જ કોણી ઉપરના દાગીના પહેરે છે.)

ઘરેણાં લગભગ કથીરના જ હોય છે. સ્ત્રીઓ લગભગ આખુ શરીર દાગીનાથી ઢાંકી દે છે. લગ્નમાં છોકરીનો બાપ છોકરીને કથીરના અને ચાંદીના દાગીના લગભગ ૧૦ શેરથી અડધો મણ સુધી આપે છે.

લગ્ન જેવા પ્રસંગોએ ઉત્સવોમાં સ્ત્રીઓ સુંદર દેખાવા માટે હોઠ ચાલ્લા કરવાના કંકુ કે હીંગળોકથી લાલ રંગે છે. ગાલ ઉપર પણ કેટલીક વાર લાલ રંગે છે. આંખોમાં મેંસ આંજે છે.

છું દ ણા :

સ્ત્રીઓ અને પુરુષો પોતાના શરીરે છુંદણા ગોદાવે છે. જેને તેઓ 'ગોદાયેલ' કહે છે. સ્ત્રીઓ હાથે, પગે, છાતીમાં, હોઠ નીચે, ગાલ ઉપર, આંખ નીચે આંખની ભમ્મર ઉપર છુંદણા ગોંદાવે છે. દરેક ભીલ સ્ત્રીએ પોતાના શરીર ઉપર છુંદણા ગોદાવેલ હોય છે. સ્ત્રીઓ લગ્નમા પહેલા, મેળામાં કે હાટમાં છુંદણા ગોદાવે છે. છુંદણા ગોદાવ્યા સિવાયની સ્ત્રી ભીલમાં ભાગ્યે જ જોવા મળે તેની પાછળનું કારણ પુછતાં બતાવે છે કે, મૃત્યુ બાદ યમરાજા સ્ત્રીઓને પૂછે " " એટલા માટે લગભગ દરેક ભીલ સ્ત્રી સામાન્યતઃ છુંદણા ગોદાવે છે.

પુરુષો પોતાના શરીરના જુદા જુદા અંગો પર છુંદણા ગોદાવે છે. ખાસ કરીને લમણા ઉપર ( ) ભમ્મર ઉપર, હાથે (વીંછી પડાવે) છુંદણા ગોદાવે પણ તેમના માટે છુંદણા એ આવશ્યક નથી.



થાંભલા :

થાંભલા માત્ર પુરુષો એક હાથે ઉપર કે બેહાથે પણ બનાવે છે. આ થાંભલા છોકરું ૧૦ વર્ષનું હોય ત્યારથી બનાવે છે. તેમાં હાથે ઉપર કાંડાથી કોણીની વચ્ચે એક કપડાનો કકડો લઇ ધુંકવાળો કરી હાથ ઉપર ચપકાવે છે. પછી તે કકડાને સળગાવે છે. સગળતુ સળગતુ ચામડી નજીક આવે એટલે ચામડી ઉપર દાબી દે છે. આ થાંભલા ન ખોદાવનારને પણ યમરાજા મૃત્યુ બાદ પૂછતા હોય છે કે "ધાન ખાધું પણ થાંભલાં કયાં મુકયા"

આત્મનિર્ભરતા :

જીવન જરૂરિયાતની કેટલીક વસ્તુઓ ભીલો હાથે બનાવી લે છે. તેમાં વિશેષતઃ વ્યકિતઓની કે પૈસા આપી કામ કરાવ્યા કરતા પોતાની જાતે જ અંદરો અંદર સહકારપૂર્વક કામ કરે છે. જેમ કે ઘરો બાંધતી વખતે જાતે જ બાંધે છે. સગાં સંબંધીઓની જરૂર જણાય તો મદદ માટે બોલાવે છે. તે સિવાયના ખેતીના સાધનો જાતે જ બનાવે છે. ઘરની ભીતો માટીની તેમાં કેટલાક પથ્થરો મુકે છે. ઘરની છાજ પણ જંગલમાંથી લાવી જાતે જ ગોઠવે છે. ઉપરના નળીયા કે થેપલા પણ પોતે જાતે જ બનાવે છે. એટલે કે બધી જ વસ્તુઓ પોતાની જાતે બનાવી તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ સિવાયની જીવન જરૂરિયાતની મોટા ભાગની વસ્તુઓનો જાતે જ બનાવી લે છે. કુદરતમાં જે વસ્તુઓ તેમને મળે છે તે વસ્તુઓનો ખુબ જ બુધ્ધિપૂર્વક ઉપયોગ કરે છે. એટલે આજુબાજુ કુદરતી સંપતિઓ છે તેનો વધુમાં વધુ બુધ્ધિપૂર્વકનો ઉપયોગ કરી જીવનમાં તેને ઉપયોગી બનાવે છે. ખાટલા હાથે બનાવે છે. ખાટલાની દોરી હાથે બનાવી લે છે. સ્ત્રીઓ ઘરની ભીતોનું

લીપણ કલાત્મક રીતે કરે છે. ચુલા વગેરે જાતે બનાવે છે. તે ઉપરાંત કેટલીક વસ્તુઓનો એવો બુધ્ધિપૂર્વકનો ઉપયોગ કરે છે કે, જેવી રીતે કે દાઢી હાથે કરે છે. તો દાઢી કરવાની પતરી (બ્લેડ) લાવી રેઝર જાતે બનાવે છે. એક વાસની પટ્ટી લઇ તેમાં બ્લેડ ગોઠવી રેઝર બનાવે છે. અને દાઢી કરે છે. અથવા કેટલાક માત્ર બ્લેડ જ હાથમાં પકડી તેના વડે દાઢી કરે છે.

દેખાવ:

ભીલો રંગે કાળા હોય છે. ગામમાં કવચિત્ જ કોઇ ઘઉંવર્ણા કે ગોરા પણ જોવા મળે છે. કેટલીક છોકરીઓ રૂપાળી દેખાતી હતી. તેઓ શરીરે મજબૂત બાંધાના, ઉંચા તેમજ સુદ્દઢ અને કસાયેલા હોય છે. તેમજ તેઓ બહાદુર, સાહસી, વિશ્વાસુ, અને પ્રમાણીક હોય છે અને ઉજળીયાત વર્ગ કે સરકારી નોકરોથી ડરે છે. સ્વભાવે તીખા હોવાથી તેઓ વારંવાર તકરાર કરી ગાળાગાળી અને મારામારી કરે છે. આમ તેઓ ખૂન પણ વાતવાતમાં કરી નાખતા હોય છે. તેઓ પ્રમાણમાં ઉદાર અને પરોણાની યથાશકિત સેવા કરનારા છે. ભીલો મજબૂત બાંધાના ઉંચા હોય છે.

ખોરાક:-

ભીલોના ઝુંપડામાં પરોઢિયે ઘેર ઘેર ઘંટી ફરતી સંભળાય છે. અને તેમનો દૈનિક કાર્યક્રમ શરૂ થાય છે. તેઓ સામાન્ય રીતે તાજા લોટના જ રોટલા બનાવે છે. ઘરની સ્ત્રીઓ સવારમાં જોઇતો લોટ દળી લે છે. અને પછી વાસીદુ કાઢી સ્ત્રીઓ પોતાના કામમાં રોકાય છે. પુરુષો ખેતીકામ માટે ખેતરમાં જાય છે. સ્ત્રીઓ પણ તેમને ખેતીકામમાં મદદ કરે છે. સાંજે કામકાજ પતાવી વાળુ કરીને પુરુષવર્ગ ખેત



ખેતરમાં જો પાક તૈયારથયેલ હોય તો ચોકી કરવા જાય છે. અને ત્યાં જ સૂવે છે. કારણ કે બીજાના ઉભા પાક આ વિસ્તારમાં વાઢી જવાનો ઘણાનો વ્યવસાય થઇ પડયો છે. અને વારંવાર આવા દાખલાઓ બન્યા છે. અને દુકાળના સમયમાં તો વધુ સાવચેતી રાખવી પડે છે.

તેમનો મુખ્ય ખોરાક મકાઇ છે. તે ઉપરાંત બંટી, કોદરા, બાવટો, ચણા, તુવેર, અડદ વગેરે થોડા પ્રમાણમાં લે છે. ઘઉંના રોટલા વારે-તહેવારે જ બનાવે છે. તેઓ મોટેભાગે તો મકાઇના રોટલા અડદની દાળ અથવા મકાઇની થૂલી રાંધીને ખાય છે. આ ઉપરાંત વારે તહેવારે ચોખા રાંધે છે. ઘણી વાર બજારમાંથી નાસ્તો જેવો કે ભજીયા, સેવ, વિગેરે લાવીને ખાય છે. આ ઉપરાંત બુધવારે દાહોદ હાટમાં જાય છે, ત્યારે હોટેલોમાં

ગાંઠીયા, ફાફડા, સેવ, જલેબી વગેરેનો નાસ્તો કરતા નજરે પડે છે. ભીલ સ્ત્રીઓ પણ ફેમોલી રુમમાં બેસીને નાસ્તો કરતી દેખાય છે. પહેલા તેઓ ઉજળીયાત વર્ગથી ડરતા હતાં. તે તેમના સંસર્ગમાં આવતાં તેઓ ડરવાનુ ભુલીને હવે તેમની સાથે નાસ્તો કરવા માટે હોટેલોમા જાય છે. સામાન્ય રીતે તેમના ખોરાકમા દૂધ-ઘીનો વપરાશ કવચિત્ કરતા હોય છે. ઘરમા ઢોર દુઝણુ હોય તો દૂધ પીવે છે. અને ખાસ કરીને દૂધ ઘરના છોકરાઓને આપવામાં આવે છે. તેમના ઢોરો નબળા હોવાને કારણે દુધ પણ સારુ આપતા નથી. અને દૂધ પણ પોષ્ટિક હોતુ નથી. તેઓ છાશની કઢી બનાવે છે. તેઓ શાકભાજીનો સારા પ્રમાણમા ઉપયોગ કરે છે. શાકભાજીમા રીંગણા, વાલોળ, દૂધી, થી તેઓ વધાર પરિચિત છે. વાલોળ તેમના ખેતરમા શેઢા ઉપર ઉગાડવામા આવે છે. ડુંગળી અને મરચાની ચટણી બનાવીને રોટલા જોડે ઠીક ઠીક પ્રમાણમા ઉપયોગ કરે છે. દાહોદ હાટમા જાય છે ત્યારે કોઇક વખતે બટાકા તેમજ બકરાનુ માંસ વગેરે લાવે છે. આ ઉપરાંત તેમના ધર્મમા માસનો નિષેધ નથી. તેઓ બકરા, પાડા, મરઘા, માછલા વિગેરેનુ માંસ ખાય છે. મરઘાનુ માંસ મહેમાન આવે ત્યારે મુખ્યત્વે વપરાય છે. માછલીનો ઉપયોગ ઓછો થાય છે. કારણકે આ વિસ્તારની નદીમા માછલા મળતા નથી. ઈંડા પણ તેઓ ઠીકઠીક પ્રમાણમા લે છે. સ્ત્રીઓ ઈંડા ખાતી નથી. કારણકે ઘણી સ્ત્રીઓ એમ માને છે કે ઈંડા ખાવાથી ડાકણ થઇ જવાય છે. તેમના ખોરાકમા ફળફળાદિ જોવા મળતા નથી. પોતાના ખેતરમા બોરડી હોય તો તેઓ બોર ખાય છે. અને આંબો હોય તો આંબાની કેરીઓ ખાય છે. આમ એકદરે તેમનો ખોરાક સાદો હોય છે, તેમા વિવિધતા હોતી નથી.



## પ્રકરણ-૪

## ઈટાવા — ૧૯૬૯

ઇટાવા ગામ દાહોદ તાલુકાના પૂર્વગાળામાં છોડાણના વિસ્તારમાં આવેલું છે. ગામમાં મુખ્યત્વે ભીલોની વસતિ છે. તપાસ સમયે ગામમાં કુલ ૨૦૦ કુટુંબો હતાં. તપાસ માટે ૨૦૦ કુટુંબોમાંથી ૫૦ ભીલ આદિવાસી કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા. તપાસેલ કુટુંબોની કુલ વસતિ ૩૯૦ ની હતી. જેમાં ૨૦૩ પુરુષો અને ૧૮૭ સ્ત્રીઓ હતી. સરેરાશ કુટુંબનું કદ ૭.૫૩ હતું. કુલ ૫૦ કુટુંબોમાંથી ૨૫ વિભકત, ૨૦ સંયુકત અને ૫ કુટુંબો એવા હતાં કે જેમાં લગ્ન આધારિત સગાંઓ સાથે રહેતાં હતા. કુટુંબના કદ પ્રમાણે કુટુંબોની વહેંચણી કોઠા-૧ માં આપવામાં આવી છે.

કોઠો— ૧

કુટુંબનું કદ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | કદ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | નાનું ( ૧થી ૩ વ્યકિત) | ૨ | ૪.૦ |
| ૨. | મધ્યમ (૪ થી ૬ વ્યકિત) | ૧૬ | ૩૨.૦ |
| ૩. | મોટું ( ૭થી ૯ વ્યકિત) | ૨૧ | ૪૨.૦ |
| ૪. | બહુ મોટું (૧૦ થી વધારે) | ૧૧ | ૨૨.૦ |
| | | ૫૦ | ૧૦૦.૦ |

| કુલ | ૫૯ | ૫ | ૬ | ૧૧ | ૧૭ | ૧૭ |
| ટકા | ૧૦૦ % | ૮.૫ | ૧૫.૩ | ૧૮.૬ | ૨૮.૮ | ૨૮.૮ |

કોઠો-૯ (ચાલુ)

| બીડી | બળતણ | શિક્ષણ | કપડા જોડા | સામાજિક ધાર્મિક | મુસાફરી દેવાદારુ વગેરે | કુલ ખર્ચ | ઘરનુ | રોકડ | સાટામા | શાખ પર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯.૭૫ | ૧૫.૦૪ | ૨.૨૫ | ૮૬.૧૨ | ૨૨.૭૮ | ૪૦.૨૨ | ૯૪૦.૩૭ | ૬૦૩.૪૯ | ૩૨૦.૫૫ | ૧૧.૮૫ | ૪.૪૮ |
| ૩૦.૯૪ | ૧૨.૧૮ | - | ૯૪.૦૦ | ૧૫૦.૬૩ | ૫૨.૪૪ | ૧૨૪૩.૩૧ | ૭૮૩.૩૧ | ૪૩૯.૭૫ | ૧૪.૨૫ | ૬.૦૦ |
| ૨૭.૦૦ | ૨૦.૨૫ | ૬.૨૫ | ૧૧૮.૭૫ | ૧૭.૫૦ | ૭૬.૫૮ | ૧૫૮૦.૦૮ | ૧૨૪૯.૦૦ | ૨૯૦.૨૫ | ૩૯.૧૭ | ૧.૬૬ |
| ૫૦.૦૦ | ૬.૦૦ | ૧૫.૦૦ | ૧૨૦.૦૦ | ૨૮.૦૦ | ૨૧૦.૦ | ૧૪૯૩.૦ | ૯૫૧.૦૦ | ૪૬૪.૦૦ | ૭૮.૦૦ | - |
| ૪૫.૦ | ૩૨.૫૦ | - | ૧૦૮.૦૦ | ૨૧.૦૦ | ૯૭.૫૦ | ૧૫૭૯.૫૦ | ૧૧૭૪.૫૦ | ૩૭૬.૦૦ | ૨૬.૦૦ | ૩.૦૦ |
| ૬૦.૦ | ૨.૦ | - | ૨૯૯.૦ | ૧૪૪.૦૨ | ૧૧૪.૦૨ | ૫૦૭૨.૦૨ | ૪૩૪૬.૦ | ૫૧૬.૦ | - | - |
| ૨૬.૩૧ | ૧૫.૫૪ | ૨.૫૫ | ૯૮.૦૪ | ૫૮.૦૨ | ૫૭.૦૨ | ૧૨૬૮.૭૭ | ૮૯૦.૮૬ | ૭૫૪.૩૩ | ૧૯.૪૫ | ૪.૧૩ |
| ૨.૭ | ૧.૨૩ | ૦.૨૦ | ૭.૭૩ | ૪.૫૫ | ૪.૪૯ | ૧૦૦.૦૦ | ૭૦.૦૨ | ૨૦.૯ | ૧.૫ | ૦.૪ |



કોઠો-૯

જમીનના કદ પ્રમાણે વાર્ષિક વપરાશખર્ચ (રૂપીયામા)

| જમીનનુ કદ (એકરમા) | કુટુંબ સંખ્યા | ખોરાક | શાકભાજી | માસ | દૂધ/ ઘી | ખાંડ | ગોળ | નેલ | ચાહ કોફી | મસાલા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૨૭ | ૬૩૧.૨૬ | ૧૧.૫૬ | ૨૦.૮૮ | ૪૩.૧૯ | ૧૨.૨૬ | ૪.૧૧ | ૧૨.૦૩ | ૪.૬૩ | ૧૪.૨૧ |
| ૨.૫ થી ૫ | ૧૬ | ૭૭૨.૮૮ | ૧૦.૬૨ | ૨૫.૧૮ | ૩૧.૨૬ | ૯.૬૨ | ૬.૪૩ | ૧૪.૩૨ | ૨.૭૫ | ૨૦.૦૬ |
| ૫ થી ૭.૫ | ૧૨ | ૧૧૨૨.૨૬ | ૨૪.૯૧ | ૨૦.૫૮ | ૭૬.૧૭ | ૧૮.૦૪ | ૨.૭૫ | ૨૦.૨૫ | ૫.૫૦ | ૧૬.૨૫ |
| ૭.૫ થી ૧૦ | ૧ | ૮૮૨.૦ | ૨૫.૦ | ૪૯.૦ | ૪૦.૦ | ૯.૦ | ૨૪.૦ | ૧૫.૦ | ૩.૦ | ૩૫.૦ |
| ૧૦ થી ૧૫ | ૨ | ૧૦૨૨.૫ | ૨૨.૫ | ૪૩.૦ | ૧૩૭.૫ | ૧૭.૫ | - | ૧૫.૦ | ૪.૦ | ૧૭.૫ |
| ૧૫ થી ઉપર | ૧ | ૪૫૪૬.૦ | ૭૦.૦ | ૨૭૫.૦ | ૫૦૦.૦ | ૧૮.૦ | - | ૬.૦ | - | ૬૦.૦ |
| કુલ | ૫૯ | ૮૫૩.૩૯ | ૨૧.૪૪ | [illegible] | ૬૭.૨૬ | ૧૩.૦૪ | ૪.૩૬ | ૧૪.૩૦ | ૪.૧૬ | ૧૦.૪૯ |
| ટકા | | ૬૭.૨૬ | ૨.૨૧ | [illegible] | ૪.૭૫ | ૧.૦૧ | ૦.૩૬ | [illegible] | [illegible] | ૧.૩૮ |

## કોઠો-૧૦ (ચાલુ)

| બોડી-તમાકુ | બળતણ | શિક્ષણ | કપડા જોડા | સામાજિક ધાર્મિક | દવાદાર મુસાફરી વિ. | કુલ | ઘરનું | રોકડેથી | સાટામાં | શાખ પર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૩.૦૦ | ૭.૬ | - | ૬૭.૦૦ | ૧૮.૦૦ | ૧૫.૬૦ | ૬૬૫.૪૦ | ૨૩૮.૪૦ | ૩૭૩.૨ | ૧.૬૦ | ૧૨.૨૦ |
| ૨૩.૯૦ | ૧૦.૨ | ૩.૩૦ | ૭૩.૫૦ | ૧૫૯.૪૦ | ૫૦.૪૦ | ૮૮૮.૧૦ | ૪૨૦.૧૦ | ૪૪૨.૧૦ | ૧૪.૮૦ | ૧૦.૧૦ |
| ૨૫.૪૦ | ૧૭.૩૦ | - | ૮૬.૩૦ | ૩૧.૩૦ | ૩૩.૩૦ | ૮૪૨.૫૦ | ૪૯૮.૦૦ | ૩૩૧.૦૦ | ૧૩.૫૦ | - |
| ૨૧.૫૦ | ૯.૬ | ૫.૦ | ૯૪.૯૦ | ૧૪.૩૦ | ૭૨.૫૦ | ૧૧૬૯.૦૦ | ૮૪૨.૧૦ | ૨૯૨.૫૦ | ૨૯.૦૦ | ૫.૪૦ |
| ૩૩.૯૦ | ૨૫.૫ | ૨.૧૦ | ૧૩૫.૩૦ | ૭૫.૦૦ | ૬૨.૪૦ | ૨૦૫૨.૭૦ | ૧૬૩૪.૦ | ૩૯૬.૮૦ | ૨૧.૦૦ | - |
| ૨૬.૩૧ | ૧૫.૨૧૩ | ૨.૫૫ | ૯૮.૦૪ | ૫૭.૭૨ | ૫૯.૦૨ | ૧૨૬૮.૦૭ | ૮૯૭.૮૬ | ૩૫૪.૩૩ | ૧૯.૪૫ | ૪.૧૩ |
| ૨.૦૭ | ૧.૨૩ | ૦.૨૦ | ૯.૭૩ | ૪.૫૫ | ૪.૪૯ | ૧૦૦.૯ | ૭૦.૨ | ૨૭.૯ | ૧.૫ | ૦.૪ |



## કોઠો-૧૦

આવક જુથ પ્રમાણે વપરાશ (રૂપીયામાં)

| આવકજુથ (રૂપીયામાં) | કુટુંબ સંખ્યા | ખોરાક | શાકભાજી | માંસ-ઇંડા | દૂધ-ઘી | ખાંડ | ગોળ | તેલ | ચ્હા-કોફી | મસાલા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૫૦ થી ૫૦૦ | ૫ | ૩૬૮.૮૦ | ૯.૬ | ૧૪.૮૦ | ૯.૦૦ | ૬.૪૦ | ૪.૬૦ | ૭.૮ | ૫.૮૦ | ૧૧.૪૦ |
| ૫૦૦થી ૭૫૦ | ૯ | ૪૮૬.૨૧ | ૩.૬ | ૧૪.૧૧ | ૧૮.૯૦ | ૧૩.૦૦ | ૭.૮૦ | ૧૩.૦ | ૧.૦૦ | ૧૩.૮૦ |
| ૭૫૦ થી ૧૦૦૦ | ૧૧ | ૫૪૬.૩૦ | ૧૨.[illegible] | ૧૮.૭૦ | ૩૦.૮૦ | ૧૧.૦૦ | ૫.૩૦ | ૧૫.૦ | ૧.૬૦ | ૧૩.૬૦ |
| ૧૦૦૦ થી ૧૫૦૦ | ૧૭ | ૩૯૯.૭૦ | ૧૧.૪ | ૩૧.૨૦ | ૫૩.૮૦ | ૧૩.૯૦ | ૨.૬ | ૧૪.૪ | ૫.૧૦ | ૧૮.૧૦ |
| ૧૫૦૦ થી | ૧૭ | ૧૪૪૨.૭૦ | ૨૯.૭ | ૪૫.૬૦ | ૧૨૨.૬૦ | ૧૫.૮૦ | ૬.૪ | ૧૬.૬ | ૬.૦૦ | ૨૩.૧૦ |
| | ૫૯ | ૮૫૩.૩૯ | ૧૫.૪૪ | ૨૮.૯૫ | ૬૦.૨૬ | ૧૨.૯૪ | ૪.૫૯ | ૧૪.૩૭ | ૪.૧૬ | ૧૭.૪૯ |
| | | ૬૭.૨૬ | ૧.૨૨ | ૨.૨૯ | ૪.૭૫ | ૧.૦૧ | ૦.૩૬ | ૧.૧૪ | ૦.૩૨ | ૧.૩૮ |

## કોઠો—૧૧

### જમીનના કદ પ્રમાણે સાધનવાર કુટુંબદીઠ દેવું (રુપીયામાં)

| જમીનનું કદ (એકરમાં) | કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબો | રોકડ | વસ્તુમાં | કુલ | શાહુકાર | સરકારી નગાવી | સહકારી મંડળી | સગા સંબંધી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૨૭ | ૨૦ | ૭૩૩.૯ | ૭૬.૭ | ૪૪૦.૬ | ૨૬૯.૯ | ૧૦૫.૬ | ૪૦.૧ | ૨૫.૦ |
| ૨.૫ થી ૫ | ૧૬ | ૧૩ | ૪૯૫.૨ | ૧૪૧.૫ | ૬૨૬.૭ | ૨૮૫.૩ | ૨૪૪.૨ | ૩૫.૮ | - |
| ૫ થી ૭.૫ | ૧૨ | ૧૨ | ૪૮૨.૫ | ૭૨.૮ | ૫૬૫.૩ | ૨૮૫.૩ | ૨૪૪.૨ | ૩૫.૮ | - |
| ૭.૫ થી ૧૦ | ૧ | ૧ | ૧૦૨૯.૦ | - | ૧૩૨૦.૦ | ૪૨૦.૦ | ૫૦૦.૦ | ૧૦૦.૦ | ૩૦૦.૦ |
| ૧૦ થી ૧૫.૦ | ૨ | ૨ | ૨૩૪૦.૦ | ૧૫.૦ | ૨૩૫૫.૦ | ૬૦૦.૦ | ૧૭૦૦.૦ | ૫૫.૦ | - |
| ૧૫ થી ઉપર | ૧ | - | - | - | - | - | - | - | - |
| કુલ | ૫૯ | ૪૮ | ૫૩૧.૧ | ૮૯.૧ | ૬૨૦.૨ | ૩૦૦.૨ | ૨૬૭.૪ | ૩૫.૯ | ૧૬.૭ |
| ટકા | | ૮૧.૩ | ૮૫.૭ | ૧૪.૪ | ૧૦૦.૦ | ૪૮.૪ | ૪૩.૧ | ૫.૮ | ૨.૭ |



## કોઠો-૧૨

### જમીનના કદ પ્રમાણે હેતુવાર દેવું

| જમીનનું કદ (એકરમાં) | ઘર ખર્ચ | સામાજિક | ખેતી ખર્ચ | ખેતી મૂડી રોકાણ | કુલ |
|---|---|---|---|---|---|
| ૦. થી ૨.૫ | ૨૫૭.૪ | ૧૭.૦ | ૬૮.૨ | ૧૦૫.૦ | ૪૪૭.૬ |
| ૨.૫ થી ૫.૦ | ૨૧૦.૮ | ૫૮.૬ | ૪૭.૦ | ૩૧૮.૩ | ૬૨૬.૮ |
| ૫.૦ થી ૭.૫ | ૧૨૮.૭ | - | ૪૬.૭ | ૩૯૧.૬ | ૫૬૫.૩ |
| ૭.૫ થી ૧૦.૦ | ૪૨૦.૦ | - | ૧૦૦.૦ | ૮૦૦.૦ | ૧૩૨૦.૦ |
| ૧૦.૦ થી ૧૫.૦ | ૬૦૦.૦ | - | ૫૫.૦ | ૧૭૦૦.૦ | ૨૩૫૫.૦ |
| ૧૫ થી ઉપર | - | - | - | - | - |
| કુલ | ૨૨૯.૮ | ૧૯.૮ | ૫૫.૨ | ૩૧૫.૪ | ૬૨૦.૨ |
| ટકા | ૩૭.૧ | ૩.૨ | ૮.૯ | ૫૦.૮ | ૧૦૦.૦ |

## કોઠો- ૧૪

આવકજુથ પ્રમાણે કુટુંબદીઠ હેતુવાર દેવુ

| આવકજુથ (રુપીયામા) | કુટુંબ સખ્યા | દેવાદાર કુટુંબો | ઘરખર્ચ | સામાજિક | [illegible] | [illegible] મૂડીરોકાણ | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| [illegible] | | | - | | | - | | |
| ૨૫૦ થી ૫૦૦ | ૫ | ૩ | ૩૧૯.૦ | - | ૭૦.૦ | - | - | ૩૮૯.૦ |
| ૫૦૦ થી ૭૫૦ | ૯ | ૮ | ૩૧૯.૫ | ૧૮.૬ | ૩૪.૩ | - | - | ૩૭૨.૨૪ |
| ૭૫૦ થી ૧૦૦૦ | ૧૧ | ૯ | ૧૪૬.૭ | - | ૬૮.૩ | ૧૫૩.૧ | - | ૩૬૮.૧ |
| ૧૦૦૦ થી ૧૫૦૦ | ૧૭ | ૧૫ | ૨૩૨.૭ | ૧૩.૩ | ૬૬.૩ | ૩૫૭.૩ | - | ૬૬૯.૬ |
| ૧૫૦૦ થી ઉપર | ૧૭ | ૧૩ | ૧૬૨.૩ | ૪૬.૧ | ૪૩.૧ | ૬૪૬.૨ | ૪૬.૧ | ૯૪૩.૮ |
| કુલ | ૫૯ | ૪૮ | ૨૧૭.૩ | ૧૯.૮ | ૫૫.૨ | ૩૧૫.૪ | ૧૨.૫ | ૬૨૦.૨ |
| ટકા | | ૮૧.૩ | ૩૫.૦ | ૩.૨ | ૮.૯ | ૫૦.૯ | ૨.૧ | ૧૦૦.૦ |



## કોઠો-૧૩

આવકજુથ પ્રમાણે સાધનવાર કુટુંબદીઠ દેવુ

| આવકજુથ (રુપીયામાં) | કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબો | રોકડ | વસ્તુમા | કુલ | શાહુકાર | સહકારી | સહકારી મંડળી | સગાવહાલા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨૫૦ | - | - | - | - | - | - | - | - | - |
| ૨૫૦ થી ૫૦૦ | ૫ | ૩ | ૩૨૫.૭ | ૬૩.૩ | ૩૮૯.૦ | ૩૬૯.૦ | -.- | ૨૦.૦ | - |
| ૫૦૦ થી ૭૫૦ | ૯ | ૮ | ૨૭૩.૧ | ૯૯.૩ | ૩૭૨.૪ | ૩૪૮.૧ | ૧૪.૩ | ૧૦.૦ | - |
| ૭૫૦ થી ૧૦૦૦ | ૧૧ | ૯ | ૩૨૦.૭ | ૪૮.૪ | ૩૬૯.૧ | ૧૪૬.૭ | ૧૦૪.૨ | ૪૭.૨ | - |
| ૧૦૦૦થી ૧૫૦૦ | ૧૭ | ૧૫ | ૪૫૦.૭ | ૧૦૮.૯ | ૬૬૯.૬ | ૪૧૨.૦ | ૧૮૮.૫ | ૫૫.૧ | ૧૩.૩ |
| ૧૫૦૦ થી ઉપર | ૧૦ | ૧૩ | ૮૫૩.૮ | ૯૦.૦ | ૯૪૩.૮ | ૨૩૧.૫ | ૬૪૦.૮ | ૨૫.૪ | ૪૬.૧ |
| કુલ | ૫૯ | ૪૮ | ૫૩૧.૧ | ૮૯.૧ | ૬૨૦.૨ | ૩૦૦.૨ | ૨૬૭.૪ | ૩૫.૯ | ૧૬.૭ |
| ટકા | | | ૮૫.૬ | ૧૪.૪ | ૧૦૦.૦ | ૪૮.૪ | ૪૩.૧ | ૫.૮ | ૨.૭ |

ગામની વિગતવાર તપાસમાંથી જાણવા મળ્યુ હતુ કે લોકોની આર્થિક સ્થિતિ નબળી છે. આવક કરતા ખર્ચ વધુ પ્રમાણમા થાય છે. જેથી તેમને દેવુ કરવુ પડે છે. પરંતુ તેમનુ દેવુ ઉત્પાદકીય હેતુઓ માટે વિશેષ પ્રમાણમા છે. ગામમા કુવા દ્વારા સિંચાઇની સવલતોને લીધે ખેત ઉત્પાદન પણ સારા પ્રમાણમા જોવા મળે છે. મધાનીસર ગામના લોકોની સ્થિતિ ઉટાવા ગામના ભીલો કરતા કઇક અંશે સારી જણાય છે. ગામમા સિંચાઇની સવલતો વધારવામા આવે તો ખેતીને ઉત્તેજન મળે અને લોકોની આવકમા સારો એવો વધારો થઇ શકે.



કોઠો-૧૫

જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ અસ્કયામત

| જમીનનુ કદ (એકરમા) | કુટુંબ સંખ્યા | જમીનની કિંમત | ઝાડ | પશુધન | ખેતીના સાધનો |
|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૨૯ | ૧૬૧.૫ | ૩૮૭.૦ | ૮૧૮.૧ | ૫૬.૪ |
| ૨.૫ થી ૫.૦૦ | ૧૬ | ૩૫૬.૮ | ૩૩૪.૧ | ૭૪૧.૩ | ૩૯.૬ |
| ૫.૦ થી ૭.૫ | ૧૨ | ૫૪૪.૬ | ૬૫૪.૨ | ૬૪૧.૭ | ૫૮.૮ |
| ૭.૫ થી ૧૦.૦ | ૧ | ૮૦૦.૦ | ૨૫૦.૦ | ૩૧૨.૦ | ૨૨.૦ |
| ૧૦.૦ થી ૧૫.૦ | ૨ | ૪૨૬૨.૫ | ૫૫૦.૦ | ૧૬૫૦.૦ | ૨૭૧.૦ |
| ૧૫ થી ઉપર | ૧ | ૫૦૦૦.૦ | ૭૨૦.૦ | ૬૪૬૦.૦ | ૩૧૧.૦ |
| કુલ | ૫૯ | ૫૨૪.૫ | ૪૬૪.૨ | ૬૧૮.૦ | ૬૩.૩ |
| ટકા | - | ૧૩.૭ | ૧૨.૮ | ૨૩.૬ | ૧.૬ |

કોઠો-૧૫ (ચાલુ)

| કુવાઓ | ઘરવખરીના સાધનો | અન્ય મિલકત | ઘરેણા | મકાન | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૦૭.૪ | ૧૨૩.૯ | ૩.૩ | ૨૦૨.૮ | ૫૩૭.૦ | ૨૪૯૭.૪ |
| ૪૩૭.૫ | ૧૭૪.૫ | ૨૬.૯ | ૩૫૫.૩ | ૮૭૮.૧ | ૩૩૩૫.૧ |
| ૫૫૦.૦ | ૧૫૮.૬ | ૪.૧ | ૧૬૦.૮ | ૯૧૬.૭ | ૪૧૯૭.૫ |
| ૫૦૦.૦ | ૧૩૦.૦ | ૧૦.૦ | ૨૫૦.૦ | ૧૦૦૦.૦ | ૩૨૭૪.૦ |
| ૨૭૫૦.૦ | ૧૫૯.૫ | ૨.૫ | ૩૨૦.૦ | ૧૦૫૦.૦ | ૧૧૦૧૫.૫ |
| ૪૫૦૦.૦ | ૫૮૯.૦ | ૧૫૪૮.૦ | ૭૬૮૦.૦ | ૪૦૦૦.૦ | ૩૦૮૦૦.૦ |
| ૫૦૩.૪ | ૧૫૩.૯ | [illegible] | ૩૬૭.૧ | ૭૯૯.૭ | ૩૮૫૨.૦ |
| ૧૩.૧ | ૩.૯ | ૦.૯ | ૯.૫ | ૨૦.૬ | ૧૦૦.૦ |



## પ્રકરણ – ૫૭

### મધાનીસર–૧૯૬૯-૭૯

### તુલનાત્મક સ્થિતિ

પહેલી તપાસ સમયે મધાનીસર ગામમા કુલ ૫૯ કુટુંબોની તપાસ કરવામા આવી હતી. બીજી તપાસ સમયે તેના તે જ ૫૯ કુટુંબોમા ૧૦ વડાઓ મરી ગયા હતા. ૧૩ કુટુંબો તપાસ સમયે મજુરી માટે બહાર ગયા હતા. જયારે ૨ કુટુંબો ગામ છોડી ચાલ્યા ગયા હતા. કુલ ૫૯ કુટુંબોમાથી ૩૪ કુટુંબોનો સંપર્ક સાધવામા આવ્યો હતો. બન્ને તપાસ સમયે કુટુંબના કદ પ્રમાણે કુટુંબોની સ્થિતિ નીચે મુજબની હતી.

કોઠો-૧

કુટુંબના કદ પ્રમાણે કુટુંબનુ વર્ગીકરણ

| કુટુંબનુ કદ | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| ૧ થી ૩ વ્યકિત | ૬ | ૩ |
| ૪ થી ૬ વ્યકિત | ૧૮ | ૧૮ |
| ૭ થી ૯ વ્યકિત | ૯ | ૯ |
| ૧૦ થી ઉપર | ૧ | ૪ |
| | ૩૪ | ૩૪ |

ઉપરના કોઠા પરથી જણાય છે કે દાયકા દરમ્યાન ૧૦ થી વધુ વ્યકિત ધરાવતા કુટુંબોની સંખ્યા વધી હતી અને નાના કુટુંબોની સંખ્યા ઘટી હતી. કુટુંબના પ્રકારની માહિતી જોઇએ તો જણાય છે કે ૧૯૬૯ મા ૬ સંયુકત કુટુંબો હતા તે વધીને ૧૯૭૯ મા ૨૦ થયા હતા અને વિભકત કુટુંબોની સંખ્યા ૨૮ માંથી ઘટીને ૧૯ની થઇ હતી.

બન્ને તપાસ સમયે શિક્ષણની પરિસ્થિતિ નીચે મુજબની હતી.

કોઠો-૨

તપાસેલ કુટુંબોમા શિક્ષણનુ પ્રમાણ

| | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| શિક્ષિત | ૯(૪.૯૫) | ૫૦ (૨૨.૨૨) |
| અભણ | ૧૫૬ (૮૫.૭૧) | ૧૪૫ (૬૪.૪૫) |
| ૬ વર્ષથી નીચેના વયના બાળકો | ૧૭ (૯.૩૪) | ૩૦ (૧૩.૩૩) |
| કુલ | ૧૮૨ (૧૦૦.૦૦) | ૨૨૫ (૧૦૦.૦) |

શિક્ષણની દૃષ્ટિએ તપાસેલ કુટુંબોમાં દાયકા દરમ્યાન સુધારો થયો હતો. કુલ વસતિમા ૧૯૬૯મા શિક્ષણનુ પ્રમાણ ૫ ટકા હતુ તે વધીને ૧૯૭૯ મા ૨૨ ટકા જેટલુ થયુ હતુ. (શિક્ષણની આ ટકાવારીમા ૬ વર્ષની નીચેના બાળકોનો પણ સમાવેશ થાય છે.)



વૈવાહિક દરજ્જા પ્રમાણે બન્ને તપાસ સમયે તપાસેલ કુટુંબોની પરિસ્થિતિ કોઠા-૩ મા દર્શાવવામા આવી છે.

કોઠો- ૩

વૈવાહિક દરજ્જા પ્રમાણે વસ્તીનું વર્ગીકરણ

| | ૧૯૬૯ | | | ૧૯૭૯ | | |
|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ |
| પરણિત | ૩૭ | ૩૭ | ૭૪(૪૦.૬) | ૫૨ | ૫૩ | ૧૦૫(૪૬.૬) |
| અપરણિત | ૫૫ | ૪૯ | ૧૦૪(૫૭.૨) | ૫૭ | ૫૭ | ૧૧૪(૫૦.૬) |
| વિધવા-વિધુર | - | ૪ | ૪(૨.૨) | ૬ | - | ૬(૨.૮) |
| કુલ | ૯૨ | ૯૦ | ૧૮૨(૧૦૦) | ૧૧૫ | ૧૧૦ | ૨૨૫(૧૦૦) |

(કૌંસમા દર્શાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે)

૧૯૬૯મા કુલ વસતિમા કામ કરનારાઓની ટકાવારી ૪૫.૬ ટકા હતી જે વધીને ૧૯૭૯મા ૬૩.૧ ટકા જેટલી થઇ હતી. વસતિના વધારાની સાથે કામ કરનારાઓનુ પ્રમાણ પણ વધ્યુ હતુ. કુલ કામ કરનારાઓમા કામ કરતી વસતિ નીચેના કોઠામા દર્શાવવામા આવી છે.

કોઠો-૪

કુલ વસતિમા કામ કરતી વસતિ

| | ૧૯૬૯ | | | ૧૯૭૯ | | |
|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ |
| કુલ વસતિ | ૯૨ | ૯૦ | ૧૮૨ | ૧૧૫ | ૧૧૦ | ૨૨૫ |
| કુલ કામ કરનારાઓ | ૪૬(૫૦) | ૩૭(૪૧) | ૮૩(૪૬) | ૭૬(૬૬) | ૬૬(૬૦) | ૧૪૨(૬૩) |

(કૌંસમાં જણાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે)

(૪૦.૦) ( [illegible] ) ( [illegible] ) [illegible] ૩૦.૮) [illegible]

(કોઠા [illegible] ટકા [illegible] .)

બન્ને તપાસ સમયે ગામના લોકોનો મુખ્ય ધંધો ખેતી હતો. ખેતી સિવાય ખેતમજુરી માટે ઉનાળા, અને શિયાળામા ગામ બહાર ગુજરાતના અન્ય વિસ્તારોમા મજુરી માટે જતા હતા. દરેક કુટુંબ પાસે વધતા ઓછા પ્રમાણમા જમીન હતી. કુટુંબના કદ પ્રમાણે જમીન ધારણ કરનાર કુટુંબોની સખ્યા અને ધારણ કરેલ જમીન કોઠા-૫ મા દર્શાવવામા આવી છે.

કોઠો-૫

જમીનના કદ પ્રમાણે જમીન ધારણ કરનાર કુટુંબોની સખ્યા

| જમીનનુ કદ (એકરમા) | ૧૯૬૯ | | ૧૯૭૯ | |
|---|---|---|---|---|
| | સખ્યા | વિસ્તાર | સખ્યા | વિસ્તાર |
| ૦ થી ૨.૫ | ૧૬ | ૨૪.૩૩ | ૧૩ | ૨૨.૩૪ |
| ૨.૫ થી ૫.૦ | ૭ | ૨૫.૧૯ | ૧૨ | ૩૭.૨૯ |
| ૫ થી ૭.૫ | ૭ | ૩૯.૨૩ | ૬ | ૩૪.૦૧ |
| ૭.૦ થી ૧૦ | ૧ | ૮.૦૩ | ૨ | ૧૬.૧૯ |
| ૧૦ થી ૧૫.૦ | ૨ | ૨૧.૩૦ | - | - |
| ૧૫ થી વધારે | ૧ | ૧૮.૧૭ | ૧ | ૧૮.૦૦ |
| | ૩૪ | ૧૩૮.૦૫ | ૩૪ | ૧૨૯.૦૩ |
| કુટુંબદીઠ સરાસરી જમીન એકરમા | .(૪.૬) | | (૩.૮) | |



ઉપરના આંકડાઓ પરથી જણાય છે કે ૨.૫ એકર સુધી જમીન ધારણ કરનાર કુટુંબોની સખ્યા ૧૯૭૯ મા ઘટી હતી અને ૨.૫ થી ૫ એકર સુધીની જમીન ધરાવતા કુટુંબોની સખ્યા લગભગ બમણી થઇ હતી. જમીનના કુલ વિસ્તારમા ઘટાડો થયો હતો. આ કુટુંબો પાસેથી બીજા કુટુંબો પાસે જમીનની ફેરબદલી થઇ હતી. આ બીજા કુટુંબોનો તપાસ સમયે સમાવેશ થયો નહોતો. કુટુંબદીઠ જમીનનુ પ્રમાણ ઘટયુ હતુ. ૧૯૬૯મા કુટુંબદીઠ જમીન ૪.૦૬ એકર હતી તે ઘટીને ૧૯૭૯મા ૩.૦૮ એકર થઇ હતી.

ઘરવખરીના સાધનો:

બન્ને તપાસ સમયે ગામના લોકો મોટેભાગે માટીના અને એલ્યુમીનીયમના વાસણોનો ઉપયોગ કરતા હતા. દિવાબત્તી અને ચિમનીનો ઉપયોગ થતો ન હતો. તેમની પાસે દળવાની ઘંટી, ચિમની તથા કાથીના ખાટલા જોવા મળતા હતા. લાકડાનુ ફર્નીચર ભાગ્યે જ જોવા મળ્યુ હતુ. ૧૯૬૯ મા એક કુટુંબ પાસે કાંડા ઘડિયાળ હતુ. જ્યારે ૧૯૭૯મા ત્રણ કુટુંબો પાસે કાંડા ઘડિયાળ હતા. ૧૯૬૯ મા એકેય કુટુંબો પાસે રેડિયો ન હતો. જ્યારે ૧૯૭૯ મા એક કુટુંબને ત્યા રેડિયો હતો. ૧૯૬૯-૧૯૭૯મા ઘરવખરીની કઇ કઇ વસ્તુઓનો ઉપયોગ થતો હતો અને તેનુ પ્રમાણ કુટુંબદીઠ કેટલુ હતુ તેની વિગતવાર માહિતી કોઠા-૬ મા દર્શાવવામાં આવી છે. (કોઠા ૬ માટે જુઓ પાન નં.
થી સુધી.)

પશુધન અને ખેતીના સાધનો:

પહેલી તપાસ સમયે તપાસેલ ૩૪ કુટુંબો પાસે ૪૭ ગાયો, ૧૩ ભેંસો, ૫૦ બકરા, ૬૯ બળદો, ૪૧ વાછરડા-વાછરડીઓ, અને ૯૩ મરઘા હતા. ૧૯૭૯મા આ જ ૩૪ ૩૪ કુટુંબો પાસે ૪૬, ગાયો, ૧૨ ભેંસ, ૫૬ બકરા, ૬૭ બળદ, ૪૯ [illegible]ઓ

## કોઠો- ૬

ઘરવખરીના સાધનો ધરાવનાર કુટુંબોની સંખ્યા (૧૯૬૯)

| માટીના | | એલ્યુમીનીયમ | | પિત્તળ | | તાંબુ-કાંસુ | | ખાટલા | | ટેબલ-ખુરશી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૧ | ૨ | ૧ | ૨ | ૧ | ૨ | ૧ | ૨ | ૧ | ૨ |
| ૩ | ૪ | ૬ | ૧ | ૬ | ૧ | ૫ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪ | ૫ | ૨ | ૨ | ૨ | ૨ | ૪ | ૨ | ૬ | ૨ | ૩૩ | - |
| ૧ | ૬ | ૧ | ૧૦ | ૬ | ૩ | ૨ | ૪ | ૧૦ | ૩ | - | - |
| ૧ | ૭ | ૨૫ | - | ૭ | ૪ | ૧ | ૫ | ૧૦ | ૪ | - | - |
| ૫ | ૮ | - | - | ૩ | ૫ | ૨૨ | - | ૩ | ૫ | - | - |
| ૯ | ૧૦ | - | - | ૫ | ૬ | - | - | ૨ | ૬ | - | - |
| ૮ | ૧૨ | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧ | ૧૫ | - | - | ૧ | ૧૫ | - | ૧ | ૨ | ૭ | - | - |
| ૧ | ૨૦ | - | - | ૪ | - | - | - | - | - | - | - |
| ૧ | ૨૫ | - | - | - | - | - | - | - | - | - | - |
| ૩૪ | [illegible] | ૩૪ | ૨૦ | ૩૪ | ૧૧૬ | ૩૪ | ૨૬ | ૩૪ | ૧૨૪ | ૩૪ | ૧ |

૧ = કુટુંબ સંખ્યા

૨ = સાધનોની સંખ્યા



કોઠો-૬ (ચાલુ) ૧૯૬૯

| ફાનસ | | ચીમની | | ટોપલા-ટોપલી | | ઘટી | | બેટરી | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૧ | ૨ | ૧ | ૨ | ૧ | ૨ | ૧ | ૨ |
| ૬ | ૧ | ૨૭ | ૧ | ૧ | ૧ | ૨૨ | ૧ | ૯ | ૧ |
| ૨૮ | - | ૬ | ૨ | ૩ | ૨ | ૯ | ૨ | ૨૫ | - |
| - | - | ૧ | ૪ | ૫ | ૩ | ૨ | ૩ | - | - |
| - | - | - | - | ૧૮ | ૪ | ૧ | - | - | - |
| - | - | - | - | ૮ | ૫ | - | - | - | - |
| - | - | - | - | ૪ | ૬ | - | - | - | - |
| - | - | - | - | ૧ | ૭ | - | - | - | - |
| - | - | - | - | ૧ | ૮ | - | - | - | - |
| - | - | - | - | ૧ | ૧૨ | - | - | - | - |
| ૩૪ | ૬ | ૩૪ | ૪૩ | ૩૪ | ૧૫૩ | ૩૪ | ૪૬ | ૩૪ | ૯ |

કોઠો-[illegible] , ઘરવખરીના સાધનો ધરાવનાર કુટુંબોની સંખ્યા (૧૯૭૯)

| માટીના 1 | માટીના 2 | એલ્યુમીનીયમ 1 | એલ્યુમીનીયમ 2 | પિત્તળ 1 | પિત્તળ 2 | તાંબુ કાંસુ 1 | તાંબુ કાંસુ 2 | ખાટલા 1 | ખાટલા 2 | ટેબલ-ખુરશી 1 | ટેબલ-ખુરશી 2 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૧ | ૧ | ૩ | ૧ | ૪ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |
| ૮ | ૫ | ૧ | ૨ | ૧૦ | ૨ | ૧૨ | ૨ | ૧૧ | ૨ | ૩૩ | - |
| ૧૩ | ૬ | ૪ | ૩ | [illegible] | ૩ | ૫ | ૩ | ૯ | ૩ | - | - |
| ૪ | ૭ | ૧ | ૬ | ૧ | ૬ | ૩ | ૪ | ૭ | ૪ | - | - |
| ૪ | ૮ | ૨૭ | - | ૧૭ | - | ૧ | ૫ | ૩ | ૫ | - | - |
| ૨ | ૯ | - | - | - | - | ૯ | - | ૧ | ૭ | - | - |
| ૧ | ૧૦ | - | - | - | - | - | - | ૧ | ૮ | - | - |
| ૧ | ૧૦ | - | - | - | - | - | - | ૧ | ૧૦ | - | - |
| ૩૪ | ૨૨૨ | ૩૪ | ૨૧ | ૩૪ | ૩૮ | ૩૪ | ૬૦ | ૩૪ | ૧૧૮ | ૩૪ | ૫ |

૧ = કુટુંબસંખ્યા
૨ = ઘરવખરીના સાધનોની સંખ્યા



કોઠો-૭ (ચાલુ) ૧૯૭૯

| ફાનસ 1 | ફાનસ 2 | ચીમની 1 | ચીમની 2 | ટોપલા-ટોપલી 1 | ટોપલા-ટોપલી 2 | દળવાની ઘટી 1 | દળવાની ઘટી 2 | બેટરી 1 | બેટરી 2 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૧ | ૩૩ | ૧ | ૨ | ૨ | ૩૪ | ૧ | ૯ | ૧ |
| [illegible] | - | | [illegible] | [illegible] | [illegible] | - | - | ૨૫ | - |
| ૨૬ | - | | | ૬ | ૪ | - | - | | |
| - | - | - | - | [illegible] | [illegible] | - | - | | |
| - | - | - | - | ૧ | ૬ | - | - | | |
| - | - | - | - | ૧ | ૭ | - | - | | |
| - | - | - | - | - | - | - | - | | |
| - | - | - | - | - | - | - | - | | |
| - | - | - | - | - | - | - | - | | |
| ૩૪ | ૮ | ૩૪ | ૩૫ | ૩૪ | ૧૩૩ | ૩૪ | ૩૪ | ૩૪ | ૯ |

૧ = કુટુંબની સંખ્યા
૨ = સાધનોની સંખ્યા

૧૧૨ મરઘા અને ૨ ગધેડા હતા. આમ પશુધનમા ખાસ ફેર જોવા મળતો નથી. કુટુંબવાર પશુધનની વિસ્તૃત માહિતી કોઠા-૭ મા દર્શાવેલ છે.

ખેતીના સાધનોની વિગત તપાસતા જણાયુ હતુ કે ૧૯૬૯મા માત્ર એક કુટુંબ પાસે ગાડુ હતુ જ્યારે ૧૯૮૯મા ૬ કુટુંબો પાસે ગાડા હતા. કુલ કાચા/પાકા કૂવાઓની સંખ્યા પહેલી તપાસ સમયે ૧૬ની હતી જે વધીને ૧૯૮૦મા ૨૩ ની થઇ હતી. એક કુટુંબ પાસે ઓઇલ એન્જિન હતુ. આમ ખેતીના સાધનોમા સારો એવો ફેરફાર થયો હતો.

**આવક :**

ગામમા લોકોનો મુખ્ય ધંધો ખેતી અને ખેતમજુરીનો હતો. પશુપાલનના ધંધામાથી થોડી આવક મેળવતા હતા. તપાસેલ ૩૪ કુટુંબોની આવકની માહિતી કોઠા-૮મા આપવામાં આવી છે. કુટુંબદીઠ ૧૯૬૯મા આવક રુ. ૧૫૦૦ હતી જે વધીને ૧૯૭૯ મા ૨૪૦૭ ની થઇ હતી. જ્યારે માથાદીઠ આવક ૨૮૦ રુ. હતી જે વધીને ૩૬૪ રુ થઇ હતી. ૧૯૬૯મા ખેતી અને પશુપાલનના ધંધામાથી કુલ આવકના ૯૨ ટકા આવક થતી હતી. તે ઘટીને ૪૦ ટકા થઇ હતી. જ્યારે મજૂરીમાથી થતી આવકનુ પ્રમાણ ૧ ટકા પરથી ૪ ટકાનુ થયુ હતુ. દાયકા દરમ્યાન કુટુંબની આવકમા ૬૦ ટકાનો વધારો થયો હતો.

કોઠા - ૮



કોઠો-૭

કુટુંબવાર પશુધનની સંખ્યા (૧૯૬૯)

| ગાય | | ભેંસ | | બકરા-ઘેટા | | બળદ | | [illegible] | | મરઘા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુટુંબ સંખ્યા | સંખ્યા | કુ.સ | સં. | કુ.સં | સં. | કુ.સં. | સં. | કુ.સં. | સં. | કુ.સં. | સં. |
| ૧૦ | ૧ | ૬ | ૧ | ૧ | ૧ | ૨૪ | ૨ | ૭ | ૧ | ૩ | ૧ |
| ૭ | ૨ | | | | | | | | | | |
| ૨ | ૩ | ૧ | ૭ | ૮ | ૨ | ૨ | ૩ | ૫ | ૨ | ૬ | ૨ |
| ૩ | ૪ | ૨૭ | - | ૨ | ૩ | ૨ | ૪ | ૪ | ૩ | ૩ | ૩ |
| ૧ | ૫ | | | ૧ | ૪ | ૧ | ૭ | ૩ | ૪ | ૨ | ૪ |
| ૧૧ | - | | | ૧ | ૮ | ૫ | - | ૧૫ | - | ૧ | ૭ |
| | | | | ૧ | ૧૪ | | | | | ૧ | ૮ |
| | | | | ૧૯ | - | | | | | ૩ | ૧૦ |
| | | | | | | | | | | ૧ | ૧૫ |
| | | | | | | | | | | ૧૪ | - |
| ૩૪ | ૪૯ | ૩૪ | ૧૩ | ૩૪ | ૫૦ | ૩૪ | ૬૯ | ૩૪ | ૪૬ | ૩૪ | [illegible] |

કુ.સં. = કુટુંબ સંખ્યા
સં. = સંખ્યા

કોઠો-૯ । કુટુંબવાર પશુધનની સખ્યા ૧૯૭૯

| ગાય | | ભેંસ | | બકરા-ઘેટા | | બળદ | | પાડા-પાડી વાછડા-વાછડી | | મરઘા | | ગધેડા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુટુંબ સંખ્યા | સંખ્યા | કુ.સં. | સં. | કુ.સં. | સં. | કુ.સં. | સં. | કુ.સં. | સં. | કુ.સં. | સં. | કુ.સં. | સં. |
| ૬ | ૧ | ૩ | ૧ | ૧ | ૧ | ૩ | ૧ | ૮ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ |
| ૬ | ૨ | ૩ | ૨ | ૫ | ૨ | ૨૩ | ૨ | ૩ | ૨ | ૨ | ૨ | ૩૩ | - |
| ૩ | ૩ | ૧ | ૩ | ૨ | ૩ | ૧ | ૩ | ૪ | ૩ | ૩ | ૩ | | |
| ૩ | ૪ | ૨૭ | - | ૩ | ૪ | ૨ | ૪ | ૩ | ૪ | ૨ | ૪ | | |
| ૧ | ૭ | - | - | ૧ | ૫ | ૧ | ૭ | ૧ | ૧૧ | ૨ | ૫ | | |
| ૧૫ | - | - | - | ૧ | ૬ | ૪ | - | ૧૫ | - | ૩ | ૬ | | |
| | | | | ૧ | ૭ | | | | | ૧ | ૭ | | |
| | | | | ૧ | ૯ | | | | | ૧ | ૮ | | |
| | | | | ૧૯ | - | | | | | ૧ | ૧૦ | | |
| | | | | | | | | | | ૧ | ૧૫ | | |
| | | | | | | | | | | ૧ | ૨૦ | | |
| | | | | | | | | | | ૧૪ | | | - |
| ૩૪ | ૪૬ | ૩૪ | ૧૨ | ૩૪ | ૫૬ | ૩૪ | ૬૭ | ૩૪ | ૪૯ | ૩૪ | ૧૧૨ | ૩૪ | ૨ |



કોઠો-૧૦

જુદા જુદા સાધનમાથી થતી આવક

| | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| (૧) ખેતી-પશુપાલન | ૪૭૦૪૯ (૯૨.૨૧) | ૩૨૮૮૦ (૪૦.૧૮) |
| (૨) મજુરીની આવક | ૨૫૦ (૦.૪૯) | ૩૬૦૩૦ (૪૪.૦૨) |
| (૩) જગલ પેદાશ | ૨૯૫ (૦.૫૮) | - |
| (૪) નોકરી-ધંધાની | ૩૦૬૩ (૬.૦૦) | ૧૦૬૮૦ (૧૩.૦૫) |
| (૫) અન્ય આવક | ૩૬૫ (૦.૭૨) | ૨૨૫૦ (૨.૭૫) |
| | ૫૧૦૨૨ (૧૦૦.૦) | ૮૧૮૪૦ (૧૦૦.૦) |
| કુટુંબદીઠ સરેરાશ આવક (વાર્ષિક) | ૧૫૦૦.૬૫ | ૨૪૦૭.૦૬ |
| માથાદીઠ આવક (વાર્ષિક) | ૨૮૦.૩૪ | ૩૬૩.૭૩ |

**નિર્વાહ ખર્ચ:**

તપાસેલ કુટુંબોનુ કુટુંબદીઠ સરેરાશ ખર્ચ ૧૯૬૯ મા રુ. ૧૩૩૦ હતુ જે વધીને ૧૯૭૯ મા રુ. ૨૩૬૬ થયુ. જયારે વાર્ષિક ખર્ચ (માથાદીઠ) ૧૯૬૯ મા રુ. ૨૪૮ થી વધીને રુ. ૩૫૮ હતુ. ૧૯૬૯ મી નિર્વાહખર્ચ મોટે ભાગે ઘરમાથી વધુ પ્રમાણમા થયું હતું. જયારે ૧૯૭૯ મા રોકડ ખરીદીનુ પ્રમાણ વધુ છે. આમ આદિવાસી સમાજમા પણ મોનેટાઇઝેશનની અસર ઝડપથી થતી જોવા મળે છે. પહેલા રોકડ ખરીદી ૨૧ ટકા હતી તે વધીને ૫૯ ટકાની થઇ છે. ઉધાર અને સાટામા ખરીદીનો વ્યવહાર

પહેલા પણ ઓછો હતો અને આજે પણ ઓછો જોવા મળ્યો હતો. નિર્વાહખર્ચની વિગત કોઠા- ૧૧ અને ૧૨ માં દર્શાવવામાં આવી છે.

કોઠો-૧૧

તપાસેલ કુટુંબનો કુટુંબદીઠ અને માથાદીઠ નિર્વાહખર્ચ

| ખર્ચ | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| ૧. ઘરનુ | ૩૪૧૪૭ (૭૫.૫૨) | ૩૨૪૨૯ (૪૦.૩૨) |
| ૨. સાટામા | ૮૦૨ (૧.૭૭) | - |
| ૩. ઉધાર | ૬૪૫ (૧.૪૩) | ૫૩૦ (૦.૬૫) |
| ૪. રોકડા | ૯૬૨૪ (૨૧.૨૮) | ૪૭૪૮૦ (૫૯.૦૩) |
| ૫. ટોટલ | ૪૫૨૧૮ (૧૦૦.૦૦) | ૮[illegible]૯ (૧૦૦.૦૦) |
| સરાસરી | | |
| કુટુંબદીઠ ખર્ચ (વાર્ષિક) | ૧૩૨૯.૯૪ | ૨૩૬૫.૮૫ |
| વ્યક્તિદીઠ ખર્ચ (વાર્ષિક) | ૨૪૮.૪૫ | ૩૫૭.૫૧ |

અસ્કયામતો:

ભીલોની અસ્કયામતોમા મુખ્યત્વે જમીન અને પશુધન ગણી શકાય. દરેક ભીલકુટુંબ વત્તાઓછા પ્રમાણમા જમીન ધરાવે છે. જમીન પછી ઢોર તેઓ માત્ર પૂરક રોજગારી મેળવવાના આશયથી નહિ પણ મુશ્કેલીના સમયમા તે વેચી નાણા મેળવી શકતા હોય છે. તેથી તેઓ



ઢોર પણ રાખે છે. ઘરમા કોઇ બિમાર પડે કે લગ્નના ખર્ચાઓ માટે મરઘા-બકરા વેચીને રોકડ રકમ મેળવતા હોય છે. ૧૯૬૯ મા તપાસેલ કુટુંબોની સરેરાશ કુટુંબદીઠ અસ્કયામત રુ. ૪૩૫૨ ની હતી તે વધીને ૧૯૭૯ મા રુ. ૯૪૪૩ થઇ હતી. આમ દાયકા દરમ્યાન અસ્કયામતોમા ૫૦ ટકાનો વધારો નોંધાયો હતો.

દેવુ:

આવક કરતા ખર્ચ વધુ હોવાને લીધે તેમને વારંવાર દેવુ કરવાનો ફરજ પડે છે. તેઓ વાણીયા અને વોરાઓ પાસેથી નાણા ઉછીના લે છે. તેઓ ઘણુ બધું વ્યાજ લેતા હોવા છતા તેઓ તેમની પાસેથી જોઇતી રકમ સહેલાઇથી મેળવી લે છે. ઘણીવાર દેવાની ચૂકવણી માલના સ્વરુપમા કરે છે. તપાસેલ કુલ કુટુંબોની પહેલી તપાસ સમયે ૨૩ કુટુંબો દેવાદાર હતા. જ્યારે ૧૯૭૯ મા ૨૫ કુટુંબો દેવાદાર હતા. ૧૯૬૯ મા કુટુંબદીઠ દેવુ રુ. ૫૪૬ નુ હતુ જે ઘટીને ૧૯૭૯ મા રુ. ૪૬૩ નુ થયુ હતુ. દેવાદાર કુટુંબદીઠ દેવુ પણ ઘટયુ હતુ. ૧૯૬૯ મા દેવાદાર કુટુંબદીઠ દેવુ રુ. ૮૦૭ હતું તે ઘટીને રુ. ૬૨૯ થયુ હતુ.

બન્ને તપાસ સમયની સાધનવાર દેવાની હકીકત તપાસતા જાણવા મળે છે કે પહેલા શાહુકાર અને વેપારીનુ દેવુ વધારે પ્રમાણમા હતુ તે ઘટીને જમીન વિકાસ બેંક અને પંચમહાલ જિલ્લા સહકારી બેંકનુ દેવુ વધ્યુ હતુ. ૧૯૬૯ મા શાહુકારનુ દેવુ ૪૬ ટકા હતુ તે ઘટીને ૧૨ ટકા થયુ હતુ. જ્યારે સહકારી બેંકનુ દેવું ૧૯૬૯ મા નહોતું. તે વધીને ૬૮ ટકા થયુ હતુ. આમ દાયકા દરમ્યાન દેવાના સાધનના માળખામા ઘણો જ ફેરફાર થયો હતો. સાધનવાર દેવાની વહેંચણી કોઠા-૧૩ મા દર્શાવવામા આવી છે.

## નપાસેલ કુટુંબોનું કુટુંબદીઠ અને માથાદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ

| વિગત | ૧૯૬૯ | | ૧૯૭૯ | |
|---|---|---|---|---|
| | કુટુંબદીઠ ખર્ચ | માથાદીઠ ખર્ચ | કુટુંબદીઠ ખર્ચ | માથાદીઠ ખર્ચ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ખોરાક | ૯૩૩.૫૮ (૭૦.૧) | ૩૯૪.૧૮ | ૧૦૯૧.૫૦ (૪૬.૨) | ૧૬૪.૯૩ |
| શાકભાજી | ૧૬.૮૮ (૧.૩) | ૩.૧૫ | ૯૧.૫૮ (૩.૯) | ૧૩.૮૪ |
| મંસ-ઈંડા | ૩૦.૯૭ (૨.૪) | ૫.૭૮ | ૮૦.૨૯ (૩.૪) | ૧૨.૧૩ |
| દૂધ-ઘી | ૬૯.૩૫ (૫.૨) | ૧૨.૯૫ | ૪૪.૩૨ (૧.૯) | ૬.૬૯ |
| ખાંડ-ગોળ | ૧૮.૦૫ (૧.૪) | ૩.૩૭ | ૯૧.૦૨ (૩.૯) | ૧૩.૭૫ |
| તેલ | ૧૪.૨૯ (૧.૧) | ૨.૬૭ | ૭૨.૭૬ (૩.૧) | ૧૦.૯૯ |
| ચ્હા-કોફી | ૪.૨૦ (૦.૩) | ૦.૭૮ | ૩૧.૧૭ (૧.૩) | ૪.૭૧ |
| મસાલા | ૧૭.૨૩ (૧.૩) | ૩.૨૧ | ૪૫.૧૪ (૧.૯) | ૬.૮૨ |
| બીડી-તમાકુ-દારૂ | ૨૫.૮૨ (૧.૯) | ૪.૮૨ | ૯૨.૨૬ (૩.૯) | [illegible].૯૪ |



| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| બળતણ | ૧૫.૧૧ (૧.૧) | ૨.૮૨ | ૫૧.૪૭ (૨.૨) | ૭.૭૭ |
| શિક્ષણ | ૩.૮૫ (૦.૩) | ૦.૭૧ | ૩૪.૨૩ (૧.૪) | ૫.૧૭ |
| કપડાં-જોડાં | ૯૧.૭૬ (૬.૯) | ૧૭.૧૪ | ૩૭૬.૪૭ (૧૫.૯) | ૫૬.૮૮ |
| ધાર્મિક-સામાજિક | ૨૩.૩૫ (૧.૮) | ૪.૩૬ | ૧૫૫.૭૯ (૬.૬) | ૨૩.૫૪ |
| દવાદારુ-મુસાફરી વિ. | ૬૫.૪૪ (૪.૯) | ૧૨.૨૨ | ૧૦૩.૬૭ (૪.૪) | ૧૫.૬૬ |
| કુલ | ૧૩૨૯.૯૪ (૧૦૦.૦) | ૨૪૮.૪૫ | ૨૩૬૧.૭૩ (૧૦૦.૦) | ૩૫૬.૮૮ |

(કૌંસમાં જણાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.)

કોઠા- ૧૩

સાધનવાર દેવાની પરિસ્થિતિ

| | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| ૧. શાહુકાર | ૮૫૭૦ (૪૬.૧૭) | ૧૮૫૦ (૧૧.૭૬) |
| ૨. સંબંધી | ૬૦૦ ( ૩.૨૩) | ૬૫૦ (૪.૧૩) |
| ૩. સહકારી મંડળી | ૧૦૮૮ (૫.૮૬) | ૨૫૨૧ (૧૬.૦૩) |
| ૪. સહકારી બેન્ક અને જમીન વિકાસ બેન્ક | - | ૧૦૬૬૦ (૬૭.૭૬) |
| ૫. સરકારી | ૮૩૦૪ (૪૪.૭૪) | ૫૦ (૦.૩૨) |
| | ૧૮૫૬૨ (૧૦૦.૦) | ૧૫૭૩૧ (૧૦૦.૦) |

હેતુવાર દેવાની પરિસ્થિતિનુ અવલોકન કરતા જણાયુ હતુ કે દાયકા દરમ્યાન ઘરખર્ચ માટે કરવામા આવેલ દેવાની પરિસ્થિતિમા ખાસ ફેર પડયો નથી. પરંતુ ૧૯૭૯ મા કુલ દેવાના ૬૬ ટકાનુ દેવુ ખેતીમા લાંબા ગાળાનુ મૂડી રોકાણ માટે કરવામા આવ્યુ હતુ. પહેલા આ પ્રમાણ માત્ર ૩૯ટકાનુ હતુ તે વધ્યુ હતુ. ચાલુ ખેતી ખર્ચ માટે પણ દેવાનુ પ્રમાણ વધ્યુ હતુ. હેતુવાર દેવાની પરિસ્થિતિ કોઠા-૧૪ મા દર્શાવવામા આવી છે.



કોઠા- ૧૪

હેતુવાર દેવાની પરિસ્થિતિ

| | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| ૧. ઘરખર્ચ માટે | ૩૧૫૦ (૧૬.૯૭) | ૨૪૦૦ (૧૫.૨૬) |
| ૨. સામાજિક | ૨૦૦ (૧.૦૮) | - |
| ૩. ઘર બાંધકામ | ૪૫૨૦ (૨૪.૩૫) | - |
| ૪. ખેતીમા મૂડી રોકાણ | ૭૨૦૦ (૩૮.૭૮) | ૧૦૪૬૦ (૬૬.૪૯) |
| ૫. બળદ, ગાય, ભેંસ ખરીદી માટે | ૬૦૦ (૩.૨૩) | ૨૦૦ (૧.૨૭) |
| ૬. ખેતી ખર્ચ | ૨૩૯૨ (૧૨.૮૯) | ૨૬૭૧ (૧૬.૯૮) |
| ૭. અન્ય હેતુ | ૫૦૦ (૨.૬૯) | - |
| | ૧૮૫૬૨ (૧૦૦.૦) | ૧૫૭૩૧ (૧૦૦.૦) |

**ઉપસંહાર:**

મધાનીસર ગામના અભ્યાસ પરથી જણાય છે કે ગામના લોકોની આર્થિક સ્થિતિ દાયકા દરમ્યાન કંઇક અંશે સુધરી હતી. તેમની આવકમા વધારો થયો હતો. પરંતુ દાયકા દરમ્યાન થયેલ ભાવવધારાને ધ્યાનમાં લઇએ તો તેમની સ્થિતિમા ખાસ ફેર પડયો નથી. પરંતુ ગામમા સિંચાઇની સગવડ વધવાને કારણે ખેતીના ઉત્પાદનમા સારો એવો વધારો થયો હતો. તેથી તેમની આવક વધી હતી. નવા કૂવાઓ તેમજ સુધારેલ બિયારણ અને ખાતરનો ઉપયોગ વધવાથી ઉત્પાદન વધ્યુ હતુ. શિક્ષણના ક્ષેત્રે પણ તપાસેલા કુટુંબોમા

સારી એવી પ્રગતિ જોવા મળી હતી.

પરંતુ આજે પણ એક હકીકત સ્પષ્ટ રીતે જોવા મળતી હતી કે તેઓ પોતાની જમીનમાંથી જે કઇ મેળવે છે તે આખા વર્ષ માટે પુરતુ નથી. ગામમાંથી ઘણા કુટુંબોને શિયાળા અને ઉનાળામાં રોજી માટે ગામ બહાર જવું પડે છે. આજુબાજુના ગામોમાં પણ આદિવાસી વસતિ વધુ હોવાને કારણે અને તેમની પાસે પણ જમીન ઓછી હોવાને કારણે મજુરી મળતી નથી. આથી તેઓ કામની શોધમાં દક્ષિણ ગુજરાતમાં અને ખેડા જિલ્લામાં, કુટુંબ સાથે નીકળી પડે છે.

ગામમાં તેમને પૂરક રોજગારી આપી શકાય તેવા ગૃહઉદ્યોગ [illegible] ખેતીનુ ઉત્પાદન વધે તે માટે સિંચાઇની સગવડ વધુમાં વધુ મળે તેવા પ્રયત્નો કરવા જોઇએ. આ સિવાય તેમની આવકમાં વધારો કરવા માટે પશુપાલનનો અને મરઘા ઉછેરના નાના એકમો સ્થાપીને તેમને મદદ કરવી જોઇએ. હાલમાં આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળના વિકાસ કાર્યક્રમથી આ યોજના હેઠળ સહાય અપાય છે. તદુપરાંત તેમનામાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટેના પ્રયત્નો અવિરતપણે ચાલુ રાખવા જોઇએ. તેમના બાળકો વધુને વધુ પ્રમાણમાં ભણે તે માટે તેમને આકર્ષણ આપવુ જોઇએ. શાહુકારો અને વેપારીઓ દ્વારા થતા તેમના શોષણને અટકાવવા માટે સહકારી મંડળી દ્વારા ખરીદી અને વેચાણનો ઉપયોગ વધુમાં વધુ કરે તે માટે તેમને શિક્ષણ આપવુ જોઇએ. અને નિર્વાહખર્ચ માટે પણ સહકારી મંડળીમાંથી લોનની સગવડ આપવી જોઇએ. આમ આવા અનેકવિધ પગલાઓ દ્વારા તેમનુ જીવનધોરણ ઉંચ લાવી શકાશે.

००००००००००००००००००००००



## પ્ર ક ર ણ - ૮

## સામાજિક અને રાજકીય સંગઠન

### કુટુંબ વ્યવસ્થા

પંચમહાલના ભીલોમાં 'પિતૃવંશીય' પિતૃસ્થાનીય અને પિતૃસત્તાક કુટુંબ-વ્યવસ્થા છે. જેમાં પિતાના વંશથી કુટુંબ ઓળખાય છે. ઘરમાં સત્તા પિતાની ચાલે છે અને સ્ત્રી પરણીને પતિને ઘેર આવીને રહે છે. કુટુંબમાં સલાહ સૂચનો કુટુંબના વડા પાસેથી લેવામાં આવે છે. કેટલાક અગત્યના નિર્ણયો પણ કુટુંબનો વડો જ લે છે. કુટુંબનો આર્થિક, સામાજિક અને ધાર્મિક વ્યવહાર પિતાના નામે જ ચાલે છે. કુટુંબની જવાબદારી પણ કુટુંબના વડાની હોય છે.

પંચમહાલના ભીલોમાં જુદા જુદા લગભગ ૧૨૫ ગોત્રો જોવા મળ્યા હતાં. જે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. અડ | ૨. અમલીયાર | ૩. [illegible] |
| ૪. [illegible] | ૫. [illegible] | ૬. ઉહનીયા |
| ૭. કટારા | ૭. કતીજા | ૮. કળમી |
| ૯. કામોળ | ૧૦. કિહુરી | ૧૧. કલાઉવા |
| ૧૨. કલારા | ૧૩. કોટ | ૧૪. કણબી |
| ૧૫. કિરાડીયા | ૧૬. ખપેડ | ૧૭. ખરાડિયા |
| ૧૮. ખડિયા | ૧૯. ખરાડી | ૨૦. [illegible] |

| | | |
|---|---|---|
| ૨૧. ગણાવા | ૨૨. [illegible] | ૨૩. ગરાસિયા |
| ૨૪. ગામોડ | ૨૫. ગુંડિયા | ૨૬. ગોલ |
| ૨૭. ગનાડી | ૨૮. ગરાસિયા પરમાર | ૨૯. ગનાડીયા ડીંડોર |
| ૩૦. [illegible] | ૩૧. ચારેલ | ૩૨. ચૌહાણ |
| ૩૩. ચરપોટા | ૩૪. ચંદાણા | ૩૫. ડાંગી |
| ૩૬. ડામોર | ૩૭. ડીંડોર | ૩૮. ડોડિયાર |
| ૩૯. તડવી | ૪૦. તાવિયાડ | ૪૧. તંબોજીયા |
| ૪૨. દહમા | ૪૩. દેહદા | ૪૪. દામા |
| ૪૫. [illegible] | ૪૬. નિનામા | ૪૮. પણદા |
| ૪૯. પરમાર | ૫૦. પસાયા | ૫૧. પગાડ |
| ૫૨. પારગી | ૫૩. પગોર | ૫૪. પાંડોર |
| ૫૫. પગી | ૫૬. પટેલીયા ભીલ | ૫૭. બબેરીયા |
| ૫૮. બામણીયા | ૫૯. બારયા | ૬૦. બિલવા |
| ૬૧. બમ | ૬૨. બેડ | ૬૩. [illegible]ટી |
| ૬૪. બરજોડ | ૬૫. ભગોરા | ૬૬. ભાભોર |
| ૬૭. ભુરીયા | ૬૮. ભાંઠ | ૬૯. ભુંહા |
| ૭૦. ભેદી | ૭૧. ભોઇ | ૭૨. [illegible] |
| ૭૩. ભૂરા | ૭૪. [illegible] | ૭૫. મકવાણા |
| ૭૬. મછાર | ૭૭. મંડોડ | ૭૮ માલ |
| ૭૯. માવી | ૮૦. માળીયાડ | ૮૧. મીનામા |
| ૮૨. મેડા | ૮૩. મડિડા | ૮૪. મેણા |



| | | |
|---|---|---|
| ૮૫. મુન્ડવાડ | ૮૬. મહાનિયા | ૮૭. રાઠોડ |
| ૮૮. રાણા | ૮૯. રાત | ૯૦. રાવત |
| ૯૧. રોઝ | ૯૨. રોત | ૯૩. રણા |
| ૯૪. રેલોની | ૯૫. વગીલા | ૯૬. [illegible] |
| ૯૭. વસૈયા | ૯૮. વાંડગા | ૯૯. વ[illegible]વાઇ |
| ૧૦૦. [illegible] | ૧૦૧. [illegible] | ૧૦૨. વારડયા |
| ૧૦૩. વાઘેલા | ૧૦૪. સંગાડા | |
| ૧૦૫. સોલંકી | | ૧૦૭. સંગાડીયા |
| ૧૦૮. હઠિલા | ૧૦૯. હનોડ | ૧૧૦. હયન્યા |
| ૧૧. હાંડા | ૧૧૨. હામોર | ૧૧૩. હવોર |
| ૧૧૪. હિહોર | ૧૧૫. હેલોન | ૧૧૬. હાગડી |
| ૧૧૭. હુહવાડ | ૧૧૮. ઝલાયા | ૧૧૯. [illegible] |
| ૧૨૦. ટીડ | ૧૨૧. ધામોત | ૧૨૨. ધરા[illegible] |
| ૧૨૩. લાહુણ | ૧૨૪ ધરોડ | ૧૨૫. ઉમા |

આમ ૧૨૫ જેટલા ગોત્રો હોવા છતાં ગોત્રોની અંદર અંદર કોઇ પણ પ્રકારનું સ્તરીકરણ જોવા મળતુ નથી કે, અમુક ગોત્ર ઉચું અને અમુક ગોત્ર નીચું. દરેક ગોત્રી બીજા ગોત્રો સાથે રોટી-બેટીનો વ્યવહાર રાખી શકે છે. ખાસ પોતાના ગોત્રમાં અને મામાના ગોત્રમાં લગ્ન વહેવાર થતો નથી. મોટે ભાગે જુદા જુદા ગામોમાં લગભગ એક થી પંદર સોળ ગોત્ર સુધી કુટુંબો મળી આવે છે. અને પહેલા વારસાગત પટલાઇ હોવાને લીધે ગામમાં કયું ગોત્ર પહેલું આવ્યું હશે તે પણ જાણી

શકાય છે. મોટે ભાગે જે ગોત્રનો પટેલ હોય તેનું ગોત્ર ગામમાં પ્રથમ આવ્યું હશે અને બીજા ગોત્રોના લોકો પાછળથી લગ્ન સંબંધ કે અન્ય રીતે આવ્યા હશે એમ માની શકાય. તે ઉપરાંત દરેક ગામમાં જુદા જુદા ગોત્ર જ્યારે આવે ત્યારે તેમના ગોત્રનો વડીલ તે ગોત્રનો ખુંટ મારે છે. આ [illegible] લાકડાનો એક હાથ જેટલો કટકો જમીનમાં ખોદીને બેસાડી દે છે. તે ગોત્રના ખૂંટની પૂજા દર દિવાળીમાં તે ગોત્રના વ્યક્તિઓ ભેગા મળીને કરે છે. તેમાં ખુંટને રંગીને દારુની ધાર દઇ મરઘુ વધેરી પુજા કરવામાં આવે છે. આ રીતે આખા ગોત્રના વસવાટનો ઇતિહાસ પણ તે ખુંટ સાથે જોડાયેલ હોય છે. જો કે મોટે ભાગે છ-સાત પેઢીથી આગળની માહિતી નથી. પણ છ-સાત પેઢીમાં એ ગોત્રનો વસવાટ હોય તો કહી શકાય કે અમૂક વ્યક્તિ આ ગામમાં પ્રથમ આવેલ. લગ્ન પોતાના ગોત્ર સિવાય બહારના ગોત્રમાં થઇ શકે છે. એટલે પોતાના ગોત્રમાં લગ્ન નિષેધ છે. ગામમાં જુદા જુદા ગોત્રો વચ્ચે લગ્ન થઇ શકે છે. જ્યારે ગરાસિયા (બનાસકાંઠા) એક જ ગામમાં લગ્ન કરતા નથી. અને વસાવા ભીલ તેમજ ગામિત આદિવાસીઓ પોતાના મામાના ફૂની છોકરીઓને પ્રથમ પસંદગી આપે છે. લગ્ન માટે એટલે એ જાતિઓમાં મામા માટેનો સગાઇ-સંબંધ સૂચક શબ્દ પણ સસરાને બદલે મામો વપરાય છે. જ્યારે ભીલોમાં મામા-ફોઇના સંતાનોમાં લગ્ન નિષેધ છે. તેમાંય અહીંના ભીલોમાં ભાણેજનું સ્થાન બીજા આદિવાસીઓ કરતા વિશિષ્ટ જોવા મળે છે.

તપાસના બન્ને ગામોમાં ૧૦૯ કુટુંબોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં ગોત્રો પ્રમાણે કુટુંબોની સંખ્યા બન્ને ગામમાં નીચે મુજબ હતી.



કોઠો - ૧

ગોત્રો પ્રમાણે કુટુંબ સંખ્યા (૧૯૬૯)

| ઇ ટા વા (દાહોદ) | | મધાનીસર ( ઝાલોદ ) | |
|---|---|---|---|
| ગોત્રનું નામ | કુટુંબ સંખ્યા | ગોત્રનું નામ | કુટુંબ સંખ્યા |
| સંધાડીયા | ૨૬ | ડામોર | ૨૭ |
| ભુરાયા | ૧૦ | ડિંડોર | ૧૨ |
| મેઢા | ૩ | મછાર | ૭ |
| બીલવાડ | ૩ | અડ | ૫ |
| નિનામા | ૨ | મોંનીયા | ૩ |
| પારગી | ૧ | ડિંહોરી | ૨ |
| ખરાડીયા | ૧ | કટારા | ૧ |
| દેવદાન | ૧ | ગરાસિયા | ૧ |
| ડામોર | ૧ | દામા | ૧ |
| ગોડિયા | ૧ | | |
| માવી | ૧ | | |
| કુલ .... | ૫૦ | કુલ.... | ૫૯ |

ઉપરના બન્ને વિસ્તારના કોઠા ઉપરથી સ્પષ્ટ લાગે છે કે બન્નેમાં થઇને જુદા જુદા ૧૯ ગોત્રો હતાં. તેમાં પણ બન્ને ગામોમાં લગભગ બે બે ગોત્રોની સંખ્યા વધુ હતી. તેનુ કારણ એ છે કે તે ગામોમાં મુખ્ય વસવાટ તે ગોત્રોનો હશે.

જેમાંના મોટા ભાગના ગોત્રો ઘરજમાઇની પ્રથાને કારણે હતાં. તપાસેલ કુટુંબોની ગોત્રવાર વસતી કોઠા નં..૨..માં દર્શાવવામાં આવી છે. વળી બન્ને ગામમાં તપાસેલ કુટુંબનું કદ સભ્ય સંખ્યા પ્રમાણે કોઠા નં. ૩ માં દર્શાવવામાં આવ્યું છે.

સદરહુ કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે, ભીલોમાં સરેરાશ ૭ સભ્યોવાળા કુટુંબોનું પ્રમાણ વધુ જોવા મળ્યુ હતું. ઇટાવામાં સરેરાશ કુટુંબનું કદ ૭.૮ અને મધાનીસરમાં ૬.૬ નું હતું.

પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા ધરાવતા ભીલોમાં કુટુંબોનો પ્રકાર નીચે મુજબ જોવા મળ્યો હતો.

કોઠા નં ૪

કુટુંબ પ્રકાર પ્રમાણે કુટુંબનું વર્ગીકરણ(૧૯૬૯)

| ગામ | વિભક્ત | સંયુક્ત | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| ઇટાવા | ૨૫ | ૨૦ | ૫ | ૫૦ |
| મધાનીસર | ૧૯ | ૩૪ | ૬ | ૫૯ |
| કુલ... | ૪૪ | ૫૪ | ૧૧ | ૧૦૯ |



કોઠો ૨

ગોત્રવાર સભ્ય સંખ્યા (૧[illegible])

ગામ : ઇટાવા(દાહોદ)

| ગોત્ર | સંઘાડીયા | | ભુરીયા | | મેંડા | | બીલવાડ | | નીનામા | | પારગી | | ખરાડીયા | | દેવદાન | | ડામોર | | ગોડિયા | | માવી | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | |
| સંખ્યા | ૧૦૭ | ૧૦૯ | ૩૭ | ૩૨ | ૧૩ | ૬ | ૧૦ | ૯ | ૮ | ૫ | ૫ | ૪ | ૨ | ૩ | ૬ | ૬ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૩ | ૨૦૩ | ૧૮૭ | ૩૯૦ |

ગામ : મધાનીસર (ઝાલોદ)

| ગોત્ર | ડામોર | | ડિંડોર | | મછાર | | અડ | | મોનીયા | | ડિંહોરી | | કટારા | | ગરાસિયા | | દામા | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | |
| સંખ્યા | ૮૫ | ૮૦ | ૨૮ | ૩૦ | ૧૬ | ૧૨ | ૧૪ | ૧૪ | ૯ | ૧૧ | ૮ | ૨ | ૬ | ૬ | ૨ | ૨ | ૬ | ૪ | ૧૭૪ | ૧૬૧ | ૩૩૫ |

કોઠો . ૩

કુટુંબનું કદ પ્રમાણે કુટુંબનું વર્ગીકરણ (૧૯૬૯)

| કુટુંબની સભ્ય સંખ્યા | ઇટાવા (દાહોદ) | મઘાનીસર (ઝાલોદ) | કુલ |
|---|---|---|---|
| ૨ | ૧ | ૫ | ૬ |
| ૩ | ૧ | ૭ | ૮ |
| ૪ | ૪ | ૯ | ૧૩ |
| ૫ | ૫ | ૬ | ૧૧ |
| ૬ | ૭ | ૮ | ૧૫ |
| ૭ | ૭ | ૧૪ | ૨૧ |
| ૮ | ૮ | ૬ | ૧૪ |
| ૯ | ૬ | - | ૬ |
| ૧૦ | ૪ | ૨ | ૬ |
| ૧૧ | ૪ | ૧ | [illegible] |
| ૧૨ થી વધુ | ૩ | ૧ | ૪ |
| કુલ | ૫૦ | ૫૯ | ૧૦૯ |
| સરેરાશ કુટુંબનું કદ | ૭.૮ | ૫.૬ | ૬.૬ |



ગુજરાતના બીજા આદિવસીઓની તુલનામાં ભીલોમાં સંયુકત કુટુંબનું પ્રમાણ વધુ છે. કારણ કે ભીલોમાં તે લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે અને તે ઉપરાંત મોટા ભાગના ભીલો ચોમાસા સિવાય ગુજરાતમાં આખું કુટુંબ કે કુટુંબના મોટા ભાગના સભ્યો સાથે ખેતમજૂરી કે બાંધકામની મજુરી માટે જતા હોવાથી વિભકત કુટુંબોનું પ્રમાણ ઓછું છે. જ્યારે બન્ને ગામોમાં ૧૧ કુટુંબો એવા હતા કે જેમાં તેમની સાથે લગ્ન સંબંધી સગા સંબંધીઓ સાથે રહેતા હતાં. જમાઇ, સાસુ, સસરો વગેરે લગ્ન આધારિત સગા સંબંધીઓવાળા કુટુંબો પણ હતાં.

તપાસના બન્ને ગામોમાં એ જોવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો હતો કે, ૧૦ વર્ષના ગાળામાં કુટુંબ વ્યવસ્થામાં પરિવર્તનો થયા છે કે કેમ? એટલે કે ૧૦ વર્ષ પહેલા તપાસ કરેલ કુટુંબોનું જે કદ હતું તેમાં પરિવર્તન થયું છે કે નહીં અને પરિવર્તન થયુ હોય તો કેવી રીતે કેવા સભ્યોના આવવાથી કે જવાથી કુટુંબોમાં પરિવર્તન થયું છે. ગામ વાર કુટુંબ વ્યવસ્થામાં થયેલ ફેરફારોની માહિતી કોઠા નં. ૫ માં દર્શાવી છે.

કોઠો નં. ૫

કુટુંબના માળખામાં થયેલ પરિવર્તન

| વિગત | ઇટાવા | મઘાનીસર | કુલ |
|---|---|---|---|
| પરિવર્તન ન થયુ હોય તેવા કુટુંબો | ૪ | ૧૦ | ૧૪ |
| પરિવર્તન થયું હોય તેવા કુટુંબો | ૪૬ | ૪૯ | ૯૫ |
| કુલ | ૫૦ | ૫૯ | ૧૦૯ |

કુલ એકસો નવ કુટુંબોમાંથી ૧૪ કુટુંબો એવા છે કે જેમાં કોઇ પણ પ્રકારનું છેલ્લા દસ વર્ષમાં પરિવર્તન થયું નહોતું. એટલે તપાસના વર્ષે જે સભ્ય સંખ્યા ૧૪ કુટુંબોમાં છે તેટલા જ સભ્ય સંખ્યા આ ૧૪ કુટુંબોમાં દસ વર્ષ પહેલા પણ હતી. જ્યારે ૯૫ કુટુંબોની સભ્ય સંખ્યામાં પરિવર્તન થયું હતું. આ પરિવર્તન થવાનું કારણ શું ? આ પરિવર્તન શા માટે થાય છે? અને વધુ પડતા પરિવર્તનો કયા કારણોને આભારી છે? તેનો સ્પષ્ટ ખ્યાલ કોઠા નં. ૬ પરથી આવશે.

કોઠો . ૬

કુટુંબના કદમાં થયેલ ફેરફારો

| ગામ | ૧૯૫૮માં સભ્ય સંખ્યા | નવા જન્મેલની સંખ્યા | મૃત્યુ પામેલની સંખ્યા | લગ્ન થવાની થયેલ વધારો | ઘટાડો | ૧૯૬૮માં કુલ સભ્ય સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ઇટાવા (દાહોદ) | ૨૫૪ | ૧૩૫ | ૨૪ | ૩૦ | ૫ | ૩૯૦ |
| મધાનીસર (ઝાલોદ) | ૨૪૨ | ૧૨૨ | ૩૩ | ૪ | - | ૩૩૫ |
| કુલ | ૪૯૬ | ૨૫૭ | ૫૭ | ૩૪ | ૫ | ૭૨૫ |

પરિવર્તન થવાના કારણોમાં નવો જન્મ, મરણ અને લગ્ન દ્વારા કુટુંબમાં વધ, ઘટ થતી હોય છે.તે છે. જે પરથી જોઇ શકાય છે કે, ૧૯૫૮ માં ૧૦૯ કુટુંબોમાં ૪૯૬ ની સભ્ય સંખ્યા હતી તે વધ-ઘટ થતા ૧૯૬૮ માં ૭૨૫ ની સભ્ય સંખ્યા થઇ હતી. જન્મ પ્રમાણ વધુ હોવાથી સભ્યોની સંખ્યા વધુ જોવા મળી હતી.



સગાઇ સંબંધ

ભીલોમાં સગાઇ સંબંધો ત્રણ પ્રકારના જોવા મળે છે.

૧. લોહી પર આધારિત :-

કાકા, ભાઇના દિકરા તેમજ કુટુંબીજનોના સંતાનો કે જે એક બાપનો વર્ષોથી ચાલ્યો આવતો વંશ હોય એટલે કે ગોત્રના સંબંધો લોહી પર આધારિત હોઇ તેઓ અંદરો અંદર વહેવાર કરતા નથી (ગોત્રમાં) તેમજ કોઇ પણ પ્રસંગે સાથે મળી પ્રસંગ ઉજવે છે.

૨. લગ્ન પર આધારિત :-

જેમાં લગ્ન કરવાથી નવા સંબંધો બંધાય છે. પતિ-પત્ની, વેવાઇઓ સાસુ-સસરા, દિયર-જેઠ, નણંદ-ભોજાઇ, કાકાજી-મામાજી, ફુઆ-માસા, મામી-કાકી વગેરે સંબંધો લગ્ન કરવાથી આવે છે. જે સંબંધોને આધારે ભીલો મામા પક્ષે લગ્નો કરતા નથી અને પ્રસંગોમાં સાથે ભેગા થાય છે અને એક બીજાને મદદ કરે છે.

૩. એક સ્થળ પર રહેવાથી થયેલ સંબંધો :-

એક જ ગામમાં સાથે રહેવાથી ગામના ગમે તે ગોત્રના હોય છતાં તેઓ સંબંધી ગણાય છે. સામાજિક પ્રસંગે ધાર્મિક તહેવારોમાં ગામના સાથે મળીને પ્રસંગ ઉજવે છે. દરેકના [illegible] ભાગ લે છે. આથી સંબંધી ન હોય છતાં ગામમાં

રહેવાને લીધે ભાઇ, બેન, કાકા, દાદા જેવા સંબંધોથી જોડાય છે.

સગાઇ સૂચક શબ્દો
-------------

૧. ભીલોમાં એક કરતા વધારે વ્યકિતઓને લાગુ પડતા શબ્દો છે. જેમ કે 'દાદા'. આ શબ્દ મોટી વ્યકિતને બોલાવવા માટે વપરાય છે. જે ગામમાં ગમે તે ગોત્રની વ્યકિત હોય પણ વડીલ હોય તો તેને બોલાવવા માટે નામની આગળ 'દાદા' શબ્દ મુકી બોલાવવામાં આવે છે, જેમ કે, "દાદાછગન", "દાદાપુનીયા" વગેરે.

૨. ભીલોમાં વિશિષ્ટ સગાઇ સંબંધ સૂચક શબ્દોનો ઉપયોગ થાય છે. જેમ કે, સાસુ, આઇ (બા) 'બાહ' બૈયર (પત્ની).

૩. માધ્યામક સગાઇ સૂચક શબ્દોમાં માધ્યામક સગાઇ સંબંધ સૂચક શબ્દ ભીલ બોલીમાં વપરાય છે. એટલે કે પત્ની પતિ કે પતિ પત્નીને બોલાવવા માટે વચ્ચે માધ્યમ રાખી બોલાવે છે. બંને એક બીજાને નામ દઇને બોલાવતા નથી. જેમ કે પત્નીને બોલાવવી હોય તો છોકરાનું નામ દઇને બોલાવે છે અને પતિને બોલાવવો હોય તો છોકરાનું નામ દઇ બોલાવે છે. ભીલોમાં એવી પણ માન્યતા છે કે, પત્નીનું નામ લઇ શકાય નહીં. જો પત્નીનું નામ લેવામાં આવે તો દુષ્કાળ પડે.

૪. મશ્કરીના સંબંધો :- સરખે સરખા મળે ત્યારે એક બીજાની મશ્કરી કરે છે. વેવાણ-વેવાઇઓ એક બીજાની મશ્કરી કરે છે. જવાન છોકરા-છોકરીઓ પણ એક બીજાની મશ્કરી કરે છે. સાળી-બનેવી, દિયર-ભાભી, પણ એક બીજાની



મશ્કરી કરે છે.

શિક્ષણ
----

શિક્ષણનું પ્રમાણ ભીલોમાં ઘણું ઓછું છે. પંચમહાલમાં દરેક ગામે પ્રાથમિક શાળાઓ પણ નથી. ૧૯૭ ના વસતી ગણતરી પત્રક મુજબ દાહોદ તાલુકામાં ૧૦ ગામ અને ઝાલોદ તાલુકામાં ૪. ગામો એવા છે કે જ્યાં આજે પણ શાળા નથી. અને શાળાઓ છે તેવા આદિવાસી ગામોમાં શાળા બહુ દૂર પડે છે. કારણ કે શાળા જ્યાં હોય ત્યાંથી તે ગામના બાળકોને નિશાળે જવામાં ઘણી મુશ્કેલી પડે છે. કારણ કે ગામનો વિસ્તાર ઘણો મોટો હોય છે. ઘર છુટા છવાયા હોવાને કારણે કોઇ એક જગ્યાએ નિશાળ હોય ત્યાં નાના બાળકોને ચાલીને દૂર જવું પડે છે. તે સિવાય આ વિસ્તારો ડુંગરો, કોતરો, નદીઓ, ખાડીઓ વાળા વિસ્તારો હોવાને કારણે ચોમાસામાં બાળકોને નિશાળ જવામાં ઘણી જ મુશ્કેલીઓ પડે છે. તે સિવાય બાળકને નિશાળે જવાની શરૂમાં ટેવ નહીં હોવાથી, આર્થિક સ્થિતિ, કામમાં રોકાવાને કારણે નાના ભાઇ ભાંડુઓને રમાડવા માટે અનેક કારણોસર પણ બાળકો નિશાળે જતા નથી હોતા કે પછી અધવચ્ચેથી ઉઠી જતા હોય છે.

તેમાંય ખાસ કરીને બાળકોને શિક્ષણ નહીં આપવામાં કે નિશાળે નહીં મોકલવામાં માતા પિતા પણ જવાબદાર છે. જેને કારણે માતા પિતાના શિક્ષણની બાળકના શિક્ષણ પણ સીધી અસર થતી હોય છે. માતા પિતા શિક્ષિત હોય તો તે પોતાના સંતાનોને સારી રીતે નિયમિત રીતે નિશાળે મોકલી ભણાવી શકે.

તપાસના બન્ને ગામોમાં કુલ ૧૦૯ કુટુંબોનો અભ્યાસ કર્યો, જેમાં કુટુંબના વડાની શૈક્ષણિક સ્થિતિ નીચે પ્રમાણે જોવા મળી હતી.

કોઠો નં. ૭

તપાસેલ કુટુંબના વડાની શૈક્ષણિક સ્થિતિ (ઉમર પ્રમાણે.) (૧૯૬૯)

| | ઉમર વર્ષમાં ૧૮ થી ૨૪ | ૨૫ થી ૩૦ | ૩૧ થી ૩૫ | ૩૬ થી ૪૦ | ૪૧ થી ૫૦ | ૫૦થી ઉપર | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|
| શિક્ષિત | ૧ | ૭ | ૫ | ૧૨ | ૧૦ | ૧૨ | ૪૭ | ૪૩.૨ |
| અશિક્ષિત | ૧ | ૯ | ૧૪ | ૫ | ૧૮ | ૧૫ | ૬૨ | ૫૬.૮ |
| કુલ.... | ૨ | ૧૬ | ૧૯ | ૧૭ | ૨૮ | ૨૭ | ૧૦૯ | ૧૦૦.૦ |

ઉપરના કોઠા ઉપરથી સ્પષ્ટ જોઇ શકાય છે કે તપાસના ગામોમાં અશિક્ષિતોનું પ્રમાણ ૬૨.૮ ટકા છે. જેની અસર શિક્ષણ પર થાય જ.

તપાસના ગામોમાં બધા સ્ત્રીઓનું શિક્ષણ પણ ઘણું જ ઓછું છે.

## રાજકીય સંગઠન

કોઇપણ સમાજ માટે કુટુંબ એ પ્રાથમિક સમૂહ છે. વ્યક્તિનું સામાજિ-



કરણ કુટુંબથી થાય છે. આ કુટુંબનું સંગઠન ટકાવી રાખવું તે દરેક સમાજ માટે આવશ્યક છે. દરેક સમાજ સામાજિક સંગઠન ટકાવી રાખવા અનેક પ્રકારના નિયંત્રણોનો ઉપયોગ કરે છે. જેમાં રાજકીય સંગઠનનો ઉદ્દેશ એ સામાજિક સંગઠન ટકાવી રાખવાનો હોય છે.

આદિવાસી સમાજોમાં સરકાર કહીએ કે રાજકીય સંગઠન કહીએ તો આજની વિકસિત રાજસત્તા, સરકાર, પોલીસ, ન્યાય વ્યવસ્થા કરતા પણ વધુ અસર કારક વ્યવસ્થા એ એમની પોતાની જ રાજકીય સત્તા કહીએ તો એમાં કઇ જ ખોટુ નથી. તે સત્તા છે 'જાતિપંચો'. દરેક આદિવાસી સમાજનું સંગઠન ટકાવી રાખવામાં અને પોતાના સમાજમાં સંવાદિતા જાળવવાનું વ્યવસ્થિત કાર્ય આજની વિકસિત સરકારો કરતા પણ વધુ સારી રીતે કરે છે. એમનું સંગઠન ખુબ વ્યવસ્થિત હોય છે.

ભીલોમાં જાતિ પંચોનું વ્યવસ્થિત સ્વરૂપ જોવા મળ્યુ નથી. જે દક્ષિણ ગુજરાતમાં આદિવાસીઓમાં જોવા મળે છે. હળપાત, ચૌધરી કે ધોડિયા આદિવાસીઓ જેટલું જાતિપંચનું તંત્ર વ્યવસ્થિત નહીં હોવા છતાં ગામ કક્ષાએ ભીલોમાં સામાજિક સંગઠન ટકાવી રાખવા પંચ પ્રથા ચોક્કસ છે. તેમાં દરેક ગોત્રના વડીલો પટેલ વગેરે મળીને ગામમાં સુલેહ શાંતિની સ્થાપના તેમજ પોતાના સમાજમાં બનતા અસામાજિક ગુન્હાઓ સામે દંડ, બાહિષ્કાર, માર મારવો વગેરે સાધનોનો ઉપયોગ કરી સામાજિક સંગઠન ટકાવી રાખે છે. ફળિયાનો કે ગામનો પ્રશ્ન હોય તો ફળિયા કે ગામના મુખ્ય માણસો ભેગા થઇને જ તેનો યોગ્ય ન્યાય કરે છે. આ ગુનાઓ મુખ્ય સામાજિક હોય છે. આ મુખ્ય માણસો એટલે કે પંચે કરેલ ન્યાય વ્યક્તિએ માન્ય રાખવો પડે છે તેના વિરૂદ્ધ તે જઇ શકતો નથી.

## પ્રકરણ - ૯

### સામાજિક રીતરિવાજ

**રજસ્વલા સ્ત્રી**

અહીંના ભીલો રજસ્વાલા સ્ત્રીને 'ચીનરીયા' આવ્યા કહે છે, તે સિવાય 'અંગલ' પણ કહે છે. અંગલનો અર્થ નહાવું થાય છે. ચીતરીયા આવ્યા બાદ સ્ત્રી ૪ કે ૫ દિવસે નહાય છે. પણ આ દરમિયાન હિન્દુ ધર્મની સ્ત્રીઓની માફક કોઇ જાતના આચાર વિચારો પાળવામાં આવતા નથી. તે સ્ત્રી ઘરનું બધું જ કામકાજ કરે છે. રાંધવાનું, ઢોર દોહવાનું, ખેતરનું વગેરે. આ સમય દરમિયાન કેટલાક પુરુષો જાતિયસંબંધ પણ રાખે છે. 'ચીનરીયા' આવવાનું બંધ થાય ત્યારે ગર્ભ રહયો હશે એમ મોટા ભાગના સ્ત્રી-પુરુષો માને છે.

ગર્ભ રહયા બાદથી સુવાવડ સુધી કોઇ વિધિ કરવામાં આવતી નથી. કોઇક સ્ત્રીને ગર્ભ રહેતો ન હોય તો તેવી સ્ત્રીઓ દેવની બાધા રાખે છે. જેમાં સુવાવડ થયા બાદ દેવને માનતા ચડાવે છે. જેવી બાધા હોય તેવી માનતા કરવામાં આવે છે. હિન્દુ ધર્મની જેમ ગર્ભાધાન સંસ્કાર તેમજ સીમંત સંસ્કાર કરવામાં આવે છે. સાતમા માસે તેઓ કોઇ સંસ્કાર કરવામાં આવતો નથી . ભીલોમાં પ્રથમ સુવાવડ પણ પોતાના પતિને ઘેર જ થાય છે. સુવાવડ બાદ સુખી છોકરીના મા-બાપ મળવા આવે ત્યારે સાડલો લઇને આવે છે.

<u>પ્રસુતિ</u> :

પ્રસુતિ સમયે ગામમાંથી જ કોઇ પોતાની જાતિની દાઇને બોલાવે છે. તેની સાથે વડીલ કે અનુભવી પુરુષો સાથે જ ઊભા રહે છે. ખુબ મુશ્કેલ હોય તો પુરુષે પણ સુવાવડ કરાવડાવે છે. દાયણને ૪ રુપિયા તેમજ ખોળો ભરીને અનાજ આપવામાં આવે છે. એવી માન્યતા છે કે ખોળો ભરાવ્યા સિવાય દાયણને ઘેર ન મોકલાય.

સુવાવડ બાદ સ્ત્રીને ખોરાકમાં ઘી, મકાઇ, કે ઘઉંની રાબ અપાય છે. આર્થિક સ્થિતિ સારો ખોરાક આપવાની ન હોય તો તેઓ બીલકુલ સાદો ખોરાક આપે છે. આ ખોરાક એટલે પાંચ દિવસ, કેટલાક ૧૦ દિવસ તો કેટલાક વધારેમાં વધારે ૧૫ દિવસ સુધી આપે છે. સ્ત્રી પાંચ છ દિવસે ફરતી થઇ જાય છે. આવો ખોરાક સ્ત્રીને શકિત માટે આપવામાં આવે છે, એવું એમનું માનવું છે. છોકરી કરતા છોકરાના જન્મે વધુ આવકારે છે.

બાળકો માટે લાકડા કે વાંસના બનાવેલ ઘોડિયા તપાસના ગામમાં જોવા મળ્યા નથી. પણ જ્યાં બે થાંભલા હોય ત્યાં અથવા ઘરની બહાર ઘાસના માંડવે, બે થાંભલે. સાડલો કે ધોતીયાંનું 'ખોયુ' બનાવી તેમાં બાળકને સુવાડે છે.

બાળક જ્યારે ૩ થી ૫ વર્ષમાં આવે ત્યારે તેના 'વાળ કાપવાનો વિધિ' કરવામાં આવે છે. જે વિધિ હિન્દુ ધર્મમાં 'ચૌલકર્મ' (બાવરી ઉતરાવવી) ના નામે ઓળખાય છે, તેવો જ છે. આ વિધિમાં જ્યારે બાળકની ઉંમર ૩ થી ૫ વર્ષની અંદર હોય ત્યારે જે દિવસે વાળ કાપવાની વિધિ કરવાની હોય તેની



અગાઉ પ્રથમ બાળકની ફોઇને બોલાવવામાં આવે છે. ફોઇ ન હોય તો ઘરની જ કુવારી છોકરી વિધિ કરે છે.

જે બાળકના વાળ કાપવાના હોય તે બાળકના વાળ ઘરની એક વ્યકિત કાપે. આ સમયે બાળકની ફોઇ અથવા કુવારી કન્યા પોતાના ખોળામાં આ વાળને લે છે. વાળ કાપતી વખતે એક પણ વાળ જમીન ઉપર ન પડે તેમજ ઉડી ન જાય તેમ ખોળામાં લેવામાં આવે છે. પછી તે વાળને દૂર એક ખાડો કરીને દાટી દે છે. જે વાળ કોઇના [illegible] ન આવે. આ પછી ફોઇને તેનો ભાઇ એકાદ દાગીનો ઘડાવી આપે છે કે સાડલો પહેરાવે છે.

આ વિધિ બાદ ૧૦ વર્ષ પહેલા એટલે કે લગ્ન પહેલા છોકરાઓને 'થાંભલા' હાથે બનાવવામાં આવે છે અને છોકરીઓ પોતાના શરીરે છુંદણા ગોદાવે છે. આ થાંભલા કે છુંદણા એ આવશ્યક છે. ભીલ છોકરાઓ-છોકરીઓ માટે.

મોટા થતા છોકરાઓમાં નિશાળે જતા હોવાનુ પ્રમાણ ઘણું ઓછું છે. જે નથી જતા તે ઘરમાં નાના ભાઇ-ભાન્ડુઓને રમાડવા ઘેર રહે અથવા ઢગરાં(ઢોર) ચરાવવા માટે ગોવાળ તરીકે કામ કરે છે. કેટલાક નાના છોકરા નદી કિનારે માંછલીઓ પકડવા જાય છે. છોકરું જેમ જેમ મોટુ થતુ જાય તેમ તે ખેતીના કે મજૂરીના કામમાં મદદ કરે છે.

આ રીતે ભીલ બાળકોની ઉંમર જ્યારે લગ્ન કરવા જેટલી થાય છે ત્યારે લગ્ન કરવામાં આવે છે.

લગ્ન પહેલાના જાતિય સંબંધો

કુવાર છોકરા છોકરીઓ એક બીજા સાથે પ્રેમ થતા લગ્ન પહેલા જાતિય સંબંધ બાંધે છે. (એક ગોત્રમાં નહિં) આ પ્રેમમાં પ્રથમ છોકરી શરૂઆત કરે છે. કારણ કે છોકરાઓને મનમાં ભય હોય છે કે છોકરીકંઇ કહીએ અને તેની ઇચ્છા ન હોય તો ઝઘડો થઇ જાય. આને લીધે છોકરીઓ જે છોકરો પસંદ હોય તેના સામુ જોઇને વારે વારે હસે છે. અથવા તો બહારથી પાન લાવે અને ખાઇને તેની પીચકારી છોકરા ઉપર મારે અથવા મોં માં પાણી ભરી છોકરા ઉપર થુંકે આથી તે છોકરો સમજી જાય છે. તે તેઓના સંબંધ ત્યાંથી ચાલુ થાય છે. આવું વારંવાર થતાં તેઓનો સંબંધ મિત્રતા ખાતર જ નહિ પણ જાતિય આનંદ ખાતર હોય છે. આવુ વારંવાર થતા કદાચ છોકરીને ગર્ભ રહે તો જેનાથી ગર્ભ રહેલ હોય તેનું નામ છોકરી લે અને છોકરો કબુલ કરે તો છોકરીને ઘરમાં બેસાડી દે છે. અથવા જો કબુલ ન કરે તો વડીલો તે છોકરાને દેવના મંદિરમાં લઇ જઇ ગુનો કબુલ કરવા માટે એક હાથમાં પાણી ભરી તેમાં મકાઇનો દાણો મુકી બીજા હાથે તલવાર ઉપડાવે છે. જો છોકરો ના પાડે તો તે ગુનેગાર ગણાય છે. અને સ્વીકારી લે તો બન્નેનો રસ્તો વડીલો કાઢે છે. તલવાર ઉપાડયા પછી દેવના ઘોડા ઉપડાવે છે. આ દેવના ભયથી ગુનેગાર સાચી વસ્તુ કહી દે છે. ( આ ગુનો કબુલ કરાવવાની રીત કોઇ પણ ગુના માટે લાગુ પાડે છે.)

આ સિવાય લગ્ન જેવા પ્રસંગોમાં છોકરા-છોકરીઓ ભેગા થતા હોવાથી છોકરી લાગ જોઇ કોઇને કાંસો મારે તો તે છોકરો પ્રેમમાં છે તેમ માનવામાં આવે



છે. પરિણિત સ્ત્રી-પુરુષોમાં લગ્ન સંબંધ નિષેધ હોવા છતાં છાની રીતે થાય છે.

લગ્ન :

ભીલોમાં લગ્નની ઉંમર ૧૩ વર્ષથી ૨૦ વર્ષ સુધીની હોય છે. તપાસના ગામોમાં જે લગ્નો થયા છે તેમની લગ્ન ઉંમર આ પ્રમાણે જોવા મળી છે.

કોઠો નં.૧ જોતા ભીલોમાં લગ્નની ઉંમર કેટલી છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. ૧૫ વર્ષ સુધીમાં ૩૨૮ માંથી માત્ર ૧ પુરુષ ૨૩ સ્ત્રીઓ જ છે એટલે કે કુલ ૨૪ ની સંખ્યા છે, જે બતાવે છે કે ભીલોમાં બાળલગ્નનું પ્રમાણ નહીંવત છે. આદિવાસીઓમાં બાળલગ્ન થતા નથી. એ આ નજીવી સંખ્યા જ બતાવે છે અને જે થોડાક થાય છે તે હિન્દુઓની અસરથી ... . વધુ પડતા લગ્નો સ્ત્રીઓમાં ૧૬ થી ૧૮ વર્ષની ઉંમરમાં થાય છે. અને પુરુષોના વધુ પડતા લગ્નો ૧૯ થી ૨૧ વર્ષના ગાળામાં થાય છે. એટલે પુરુષ કરતા સ્ત્રીની લગ્ન ઉંમર થોડોક નાની છે, એમ લાગે છે. છતાં જે લગ્ન થાય છે તે લગ્નો પુખ ઉંમરે થાય છે. ૩૦ વર્ષ ઉપર ભાગ્યે જ લગ્નો થાય છે.

બન્ને તપાસના ગામોમાં કુલ ૭૨૫ સભ્ય સંખ્યા છે. જેમનો વૈવાહિક દરજ્જો કોઠા નં.૨ માં જણાવ્યા પ્રમાણેનો જોવા મળે છે.

ડોઠો નં. ૧

તપાસેલ કુટુંબોમાં લગ્ન સમયની ઉંમર

| | ૧૫ વર્ષ સુધીમાં | | ૧૬ થી ૧૮ વર્ષમાં | | ૧૯ થી ૨૧ સુધીમાં | | ૨૨ થી ૨૪ સુધીમાં | | ૨૫ થી ૩૦ સુધીમાં | | ૩૦ વર્ષથી વધુ | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | |
| ઇટાવા (દાહોદ) | - | - | ૧૦ | ૪૮ | ૪૭ | ૨૮ | ૧૬ | ૧૬ | ૧૨ | - | - | - | ૮૫ | ૯૨ | ૧૭૭ |
| મહાનીસર | ૧ | ૨૩ | ૨૭ | ૪૨ | ૩૭ | ૧૩ | ૮ | - | - | - | - | - | ૭૩ | ૭૮ | ૧૫૧ |
| કુલ.. | ૧ | ૨૩ | ૩૭ | ૯૦ | ૮૪ | ૪૧ | ૨૪ | ૧૬ | ૧૨ | - | - | - | ૧૫૮ | ૧૭૦ | ૩૨૮ |



ડોઠો નં. ૨

તપાસેલ કુટુંબોમાં વૈવાહિક દરજ્જો (૧૯૬૯)

| | | અપરિણિત | પરિણિત | વિધુર કે વિધવા | કુલ |
|---|---|---|---|---|---|
| ઇટાવા | પુરુષ | ૧૧૮ | ૮૨ | ૩ | ૨૦૩ |
| | સ્ત્રી | ૯૫ | ૮૮ | ૪ | ૧૮૭ |
| મહાનીસર | પુરુષ | ૧૦૧ | ૭૦ | ૩ | ૧૭૪ |
| | સ્ત્રી | ૮૩ | ૬૯ | ૯ | ૧૬૧ |
| | | ૩૯૭ | ૩૦૯ | ૧૯ | ૭૨૫ |

ઉપરના ડોઠા ઉપરથી સ્પષ્ટ થાય છે કે, ૭૨૫ માંથી પરિણિત, અપરિણિત અને વિધુર કે વિધવાઓનું પ્રમાણ કેટલું છે. જેમાં સૌથી વધુ પ્રમાણ અપરિણિતોનું છે. જ્યારે બીજી બાજુ વિધુર, વિધવાનું પ્રમાણ માત્ર ૧૯ નું છે. તેમાંથી માત્ર ૭ પુરુષ અને ૧૨ સ્ત્રીઓ છે જે પરથી જાણી શકાય છે કે, પુન:-લગ્નનું પ્રમાણ વધુ હશે. મોટી ઉંમરના હોય, સ્ત્રીને બાળકો વધુ હોય, એવા સંજોગોમાં જ લગ્ન થતું નથી. તે સિવાય મોટે ભાગે વિધુર કે વિધવા ફરીથી

લગ્ન કરી લે છે. આ લગ્નો ખાસ કરીને પોતાના ગામથી ૫-૧૦ માઈલ દૂર સુધીમાં વધુમાં વધુ લગ્નો થાય છે. એટલે કે કન્યા બહુ દૂરથી લાવવામાં આવતી નથી. જે નીચેના કોઠા નં. ૩ પરથી સ્પષ્ટ થાય છે.

કોઠો . ૩

તપાસેલ કુટુંબોમાં લગ્ન કેટલા અંતરના ગામમાં થયું તે દર્શાવતો કોઠો.

| | ગામમાં | ૫ માઈલ સુધી | ૬ થી ૧૦ માઈલ સુધી | ૧૧ થી ૧૫ માઈલ સુધી | ૧૬ થી ૨૦ માઈલ | ૨૦ માઈલથી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ઈટાવા | ૭ | ૪૯ | ૨૯ | - | - | - | ૮૫ |
| મધાનીસર | - | ૩૦ | ૨૭ | ૮ | ૬ | ૨ | ૭૩ |
| કુલ | ૭ | ૭૯ | ૫૬ | ૮ | ૬ | ૨ | ૧૫૮ |
| ટકા | ૪.૪ | ૫૦.૦ | ૩૫.૪ | ૫.૧ | ૩.૮ | ૧.૩ | ૧૦૦.૦ |

ભીલોમાં જે લગ્નો થાય છે તેમાં વધુ પ્રમાણ એક સાથી લગ્નોનું છે. એકસાથી લગ્નો સિવાય બહુપત્નીત્વની પ્રથા છે. જેમાં એક પુરુષને એક કરતા વધારે પત્નીઓ હોય છે. વધુ પત્નીઓ એ આદિવાસી સમાજમાં સામાજિક પ્રતિષ્ઠા ગણાય છે. કારણ કે જેની આર્થિક સ્થિતિ સારી હોય, વધુ જમીન હોય તે જ એક કરતા વધુ પત્ની રાખી શકે છે. કારણ કે ભીલોમાં કન્યાના



પિતાને વધુ પડતુ દહેજ આપવું પડતુ હોય છે અને લગ્નમાં વધારે ખર્ચ થતો હોવાથી આર્થિક સ્થિતિ સારી ન હોય તેમને એક કરતાં વધુ તો શું પણ એક પત્ની લાવવી મુશ્કેલ હોય છે. જે દહેજ આપી શકે તેવાઓ બીજી પત્ની લાવતા હોય છે. એ સિવાય પણ બીજા કારણો બહુપત્નીત્વ સાથે જોડાયેલ હોય છે. જેમ કે પ્રથમ પત્નીને બાળક થતુ ન હોય, તેવા સંજોગોમાં પણ બીજી પત્ની લાવવામાં આવતી હોય છે. એક સ્ત્રી સિવાયની સ્ત્રીઓ લગ્નની વ્યવસ્થિત વિધિ સિવાય લાવવામાં આવે છે. લગ્નની વિધિ માત્ર પ્રથમ પત્ની સાથે જ થાય છે. તે સિવાય અન્ય રીતે લાવવામાં આવે કે નાતરા દ્વારા લવાય છે.

ભીલોમાં લગ્ન માત્ર એક જ રીતે નહીં પણ અનેક રીતે કરવામાં આવે છે. એટલે કે લગ્નસાથી લાવવા માટે માતાપિતા દ્વારા ગોઠવાયેલ લગ્ન પ્રથા સિવાય અન્ય જુદી જુદી પદ્ધતિઓ દ્વારા ભીલ સમાજમાં લગ્ન થાય છે.

લગ્નના પ્રકારો :

૧. માતાપિતાના પસંદગીના લગ્ન (ગોઠવાયેલ લગ્નો)

૨. નાસીને કરેલ લગ્ન (પ્રેમ લગ્ન, સ્વપસંદગીના લગ્ન)

૩. બળપૂર્વકના લગ્ન :

સ્ત્રીની ઇચ્છા હોય કે ન હોય પણ તેને હાટ, મેળામાંથી કે એવી જગ્યાએથી બળપૂર્વક ખેંચી લાવવામાં આવે છે તેને. તેઓ 'ગીહી જવું' કહે છે.

૪. હઠ લગ્ન :

પુરુષની ઇચ્છા હોય કે ન હોય છતાં સ્ત્રી ઇચ્છિત પુરુષના ઘરમાં જઇને બેસી જાય. મારવા છતાં તે જતી નથી.

૫. ઘરજમાઇ પ્રથા

૬. નાતરા દ્વારા (લગ્નની ચાલુ પધ્ધતિ સિવાય વિધવા-વિધુરના લગ્ન)

માતાપિતા દ્વારા ગોઠવાયેલ લગ્ન

પ્રથમ સગાઇ કરવામાં આવે, જેમાં અગત્યનો ભાગ 'ભાંજગડિયો' ભજવે છે. ભાંજગડ્યો વાત લાવે છે કેઅમુકના ઘેર છોકરો છે, અથવા તો છોકરીને હાટમાં કે મેળામાં જોયેલી હોય તો તે છોકરીવાળાને ઘેર બાપ અને ભાંજગડ્યો જઇને છોકરીના બાપને લગ્નની વાત કરે છે. કે અમે છાકરી જોવા આવ્યા છીએ. તે સમયે જો છોકરીવાળાની ઇચ્છા ન હોય તો બહાના બતાવે છે. છતાં ભાંજગડ્યો જેમ તેમ કરીને નક્કી કરે અને કન્યાનો બાપ સંમત થાય પછી ૧૦ રૂપિયા છોકરાનો બાપ છોકરીના બાપને આપે અને નક્કી કરે કે અમૂક દિવસે સગાઇ કરવા આવશે.

સગાઇ કરવા જવું

નક્કી કરેલા દિવસે ગામમાંથી લગભગ ૩૦ જેટલા પુરુષો શુકન જોઇને જાય છે. શુકનમાં સામે પાણીથી ભરેલું બેડુ, ડાબી બાજુએ કાગડો કે કનકડી બોલે તો સારા શુકન માની સગાઇ કરવા જાય છે. તેમની સાથે લાડો જતો



નથી. સગાઇ કરવા જનાર ઘેરથી પોતાની સાથે નાળિયેર, ચોખા, કંકુ, ૧૧ રૂપિયો તેમજ એક બેડુ ભરીને દારૂ સાથે લઇ જાય છે.

લાડીને ઘેર પહોંચ્યા બાદ એક બીજાને રામ રામ કરે છે. મોટી સ્ત્રીઓ 'આવો' એમ આવકાર આપે છે. લાડીવાળાને ત્યાં જવાન છોકરીઓ આવેલ મહેમાનોની મશ્કરી કરે છે. જેમ કે વૃધ્ધ જેવા હોય તેને જવાન કહે અને જવાન જેવા હોય તેને ડોહા (ડાહા) સગાઇ કરવા આવેલ છોકરાઓ પણ છોકરીઓની મશ્કરી કરે છે. આ સમયે ગામમાંથી આગેવાનો આવે તે બધા ભેગા થઇને વાતો કરે. બીડીઓ પીવે કે તમાકુ ખાય છે. દારુ પીવડાવ્યા (હાથના ખોબાથી દારુ પાવડાવે છે) પછી એક ઝાડ નીચે ખાટલા નાખી ત્યાં બધા બેસે છે. સ્ત્રીઓ ભેગી થઇને ગીતો ગાય છે. ભાંજગડ્યો લાડીના બાપને એક બાજુ લઇ જઇને દાપુ વિશે લેવા દેવાની વાત કરે છે. તેમાં આટલા ઢોર, આટલા પૈસા, આટલા ઉનાળે, આટલા શિયાળે એમ સગવડ પ્રમાણે હપતા કરી બધુ નક્કી કરવામાં આવે છે.

ડાંગર ખાંડવી

ખાંડણીયા ઉપર લાડીને બેસાડી તેના ઉપર અધ્ધર એક કપડુ બે જણ પકડી રાખે અને તે કપડા ઉપર મુહળાથી (મુસળ) ખાલી ખાલી ડાંગર સાત વખત ખાંડે છે. પછી લાડીનો ખોળો ધરાવીને તેમાં લાડાવાળા ૧૧ રૂપિયો અને નાળિયેર ખોળામાં મુકે પછી લાડી ઘરમાં જતી રહે ત્યાર બાદ લાડાવાળા પાંચ જણ ખાંડણીયા પાસે ભેગા થાય ત્યારે લાડાવાળા ભાંજગડિયાને જે દાપુ

(દહેજ) હોય તેના અડધા પૈસા આપે તે પૈસા ભાંજગડિયો લાડીના બાપને આપે. લાડાવાળા તેમના ઘેરથી જે દારુ લાવ્યા હોય તે દારુ ત્યાં બેસીને પીવે પછી પાછા ઝાડ નીચે જાય.

આ વખતે લાડીવાળા લાડાવાળાને અહીં બધાની વચ્ચે એક બકરો લાવી આપે છે. આ બકરાના પગ બાંધેલા હોય, લાડાવાળો કોઇ પુરુષ તલવારથી બકરાનું માથુ કાપી નાખે છે. આ વખતે લાડીવાળી સ્ત્રીઓ ગીત ગાય છે.

બકરો નથી મારે પાળેલો

તારી ઘાટ ભેરુ (ગાળ દે) બકરો મારો પાળેલો

જેમ બકરાનો જીવ જાહે તેમ તારો જીવ જાહે

તારી ઘાટ ભેરુ.

બકરાને કાપ્યા બાદ ત્યાં જ તેની ચામડી ઉતારી નાખે છે. અને તેના માંસને લાડાવાળા રાંધે છે. લાડીવાળા થુલી બનાવે છે. (જમતા પહેલા સ્ત્રીઓ ગીત ગાય છે.)

"કાલ આવતો બોકડી ખાતો

આજ આયો મારી ભોસડી ખાવા

બોકડી લીરે ભયા ભયા"

પહેલા મહેમાન જમે છે, જમતા હોય ત્યારે ગાય છે.

" તારી બાજમાં મારેલો દેડકો

ડો ડો કરે

પોરીયાની બાજુમાં મીનડો (બીલાડી) મારેલો

મ્યાં મયાં કરે."



મહેમાનો જમી રહ્યા બાદ કુટુંબીઓ અને આગેવાનો જમે છે. અને જમ્યા બાદ લાડાવાળા પાછા પોતાના ગામ આવવા નીકળે છે. (રાત રહેતા નથી) ત્યારે લાડીવાળા ૧૦ રૂપીયા અને એક બેડુ દારુ લાડાવાળાને આપે છે. જતી વખતે લાડીવાળી સ્ત્રીઓ ગીત ગાય છે.

'જા-જારે ભાવસીંગ (નામ) ઘેર જાતો રે

તારી કાલની મેલેલી કુતરી(પોતાની સ્ત્રી) વાટ જોતી

જા-જારે રાવજી ઘેર જાતો રે

તારી કાલની મેલેલી ભાંગડ (વાંઝણી સ્ત્રી) વાટ જોતી રે.

જતી વખતે ભાંજગાડયો કહે છે કે અમૂક દિવસે તમે ડગરા મંડવા (કઝીયો ભાંગવા) આવજો.

ડગરાં મંડવા જવું (કઝીયો ભાંગવા જવું)
---------------------------

નક્કી કરેલા દિવસે લાડીવાળા લાડાવાળાને ત્યાં આશરે ૩૦ થી ૪૦ માણસો જાય છે. ત્યારે લાડાવાળા પણ આવકાર આપે છે. 'હેંગા આવો' (સગા આવો), ભયા આવો, ગામમાંથી ડાહા (વૃદ્ધ) તેમજ આગેવાનો આવે તેઓ મહેમાનને સાફી (ચલમ) બીડી પાય, વાતો કરે.

જુવાન છોકરીઓ ગાય -

'રાવજી આયો કે કોઇની રસીયુ માદળ વાગે'

જે ઢોર આપવાના હોય તે બતાવે છે, તેની કિંમત વધારે પડે તો બન્ને પક્ષો સમજીને બાંધછોડ કરે નહીંતર બીજા ઢોર બતાવે છે. આ ઉપરાંત -

લાડાવાળા મહેમાનોને ખાવા માટે 'પાડો' આપે છે. જો અહીં ખાવો હોય તો અહીં અને ઘેર લઇ જવો હોય તો ઘેર લઇ જઇ શકે છે. પણ લગભગ તો તે પાડાને લાડાના ગામમાં જ કાપવામાં આવે છે. લાડાવાળા જમણ જેટલી થુલી બનાવે, પહેલા બધા મહેમાનો ખાય, પછી વધેલ ગામના લોકો ખાય. ઢોર ખંડીને જાય ત્યારે લાડાવાળા વધામણું અને રૂ.૧૦ આપે છે. દારુ પીવડાવે છે. જતી વખતે લાડાવાળા ગીત ગાય -

'જા-જારે તેરસંગ (નામ) ઘેર જા રે
તારી કાલની મેલેલી લોહડી વાટ જોતી

( બે સ્ત્રીઓ હોય તો નાની સ્ત્રીને લોહડી કહે છે.)

ગોઠ આપવી :-

લાડીવાળા એમને ઘેર જાય પછી થોડા દિવસે લાડાવાળા લાડીને ઘરેણા પહેરાવવાના પૈસા આપવા જાય અને બાઠોનું દાપુ (દહેજના પૈસા) લાડીના બાપને આપે તેનું કથીર લાડીને પહેરાવે.

વાના :-

જાન જાય તેના પહેલા વાના ભરવાનો રિવાજ છે. સામાન્ય રીતે ૯ થી ૧૦ વાના ભરાય છે. આ વાના એકી સંખ્યામાં રાખવામાં આવે છે. જેટલા વાના લાડાના હોય તેનાથી બે વાના લાડીના ઓછા હોય છે. 'વાના' પહેલા લાડાને ત્યાં ભરાય પછી લાડીને ત્યાં ભરાય. વાના ભરવાના હોય ત્યારે (પ્રથમ લાડાને ઘેર) ગણેશ બેસાડવામાં આવે છે. પ્રથમ ખાંડણીયા



ઉપર પાટલો નાખી તેના ઉપર લાડાને બેસાડી તેના પર પીઠી ચોળવામાં આવે છે. જ્યારે પીઠીમાં બેસે ત્યારથી લગ્ન પુરુ થાય ત્યાં સુધી એક 'સેવા કરનારી છોકરી' લાડા અને લાડીના પાસે રહે છે. જેને 'માવરૈન' કહે છે. તે કાકાની કે ભાઇની જવાન છોકરી હોય, તે લાડી લાડાને દરરોજ પીઠી ચોળે. પ્રથમ ખુલ્લા શરીરે લાડાને બેસાડી તેના માથા ઉપર સીધી હથેળીઓ રાખી તેલ નાખે છે. તે તેલના છાટાં માથામાં પડે એ રીતે પીઠી ચોળે છે. આમ દરરોજ જાન જાય ત્યાં સુધી બેસે. લાડાને સાંજે ખભા પર બેસાડીને કે પછી બે છોકરાઓ પોતાના બંને હાથો ભેગા કરી તેના ઉપર બેસાડી રાત્રે એક વાગ્યા સુધી રમાડે છે. ગીત ગાય છે વાતુ પુરુ થાય સાંજે એટલે છોકરાઓ મુંડો રમે છે. જ્યારે લાડો પીઠી ચોળવા બેસે એટલે કે વાનામાં બેસે તેનાથી બીજા દિવસે 'ગાઠા મોકલવા'માં આવે છે.

ગાંઠા મોકલવા:

આ ગાંઠા હળદરના હોય છે. આમાં જેટલા ગાઠા હોય તેટલા વાના લાડએ બેસવાના એટલે કે સાતવાના લાડાના હોય તો પાંચ હળદરના ગાંઠા મોકલવામાં આવે છે. લાડા કરતા લાડીના બે વાના ઓછા હોય છે. આ ગાઠા આપવા લાડાવાળાને ત્યાંથી બેચાર જણ જાય છે. તેઓ પોતાની સાથે હળદરના ગાઠા (વાના પ્રમાણે), તીરનો સળીયો (ભાલોડાનો કટકો), સવા રુપીયાનું તેલ, નાડાછડી અને નાની શીશી આટલી વસ્તુઓ લઇ જાય છે. તેમના ગયા બાદ 'કન્યાને' ત્યાં સાંજે ગણેશ બેસાડી 'વાના' કરવામાં આવે છે. કન્યાને પણ પીઠી ચોળવામાં આવે છે. તેની સાથે એક સેવા કરનારી છોકરી (માવરૈન) સાથે રહે છે. હળદરના ગાંઠાને નાડાસડીથી બાંધી 'ભરાડી(ઓત્રેજ) આગળ બાંધી રાખે છે. તેલ ચડાવી વાનામાં જ્યારે 'લાડાવાળા' માણસો પાછા પોતાને ઘેર

જતા રહે, દરરોજ ઢોલ વાગે, શરણાઇ વાગે, કુંડીઓ વગાડે. 'લાડી'ને રાત્રીના એક વાગ્યા સુધી અભે તેડીને અથવા બે જણ પોતાના બે હાથ ઉપર બેસાડીને નચાડે છે. (છોકરીઓ પણ નચાડે છે) ગીતો ગાય, વાનુ પુરું થાય એટલે રાત્રે છોકરીઓ મુડો રમે છે. એક રાત્રી પુરી થાય એટલે એક વાનુ પુરુ થાય. પછી તે 'ભરાડી' આગળથી હળદરનો એ ગાંઠો છોડી નાખે. આમ દરેક રાત્રે એક એક હળદરનો ગાઠો છોડવામાં આવે છે. જ્યારથી પીઠી ચોળાય કે ત્યારથી જાન જાય ત્યાં સુધી લાડો, લાડી દિવસે અને રાત્રે ભરાડી (ગોત્રજ) આગળ બેસી રહે છે. ખાવાનું પણ ત્યાં જ. ખાય છે. ( )

## ભરાડી ચીતરવી (ગોત્રેજ)

ગામમાં કે કુટુંબમાં જાણકાર હોય તે ભરાડી દોરે છે. દોરવા માટે હળદર અને ચોખાનો લોટ ભીનો કરી ઉપયોગ કરે છે. વચ્ચે વચ્ચે ચાંદલા પણ હળદરના અને ચોખાના લોટના કરે છે.

ભરાડી દોર્યા પછી તેની નીચે માટલુ ભરીને દારુ મુકવામાં આવે છે. સામે ખુલ્લી તલવાર રાખે છે. ભરાડી દોરનાર અને બીજા દારુ પીવે છે.

ભરાડી દોરતી વખતે પુરુષો ગીત ગાય છે જેમાં મરી ગયેલ પુરુષોનું નામ લઇને ગાય છે. જેમ જેમ મરી ગયેલનું નામ આવે તેમ હળદર અને ચોખાના લોટના ટપકાં ભરાડીમાં મુકે છે. અને આ વખતે દારુની ધાર ચાલુ રાખવામાં આવે છે. આ મૃત્યુ પામેલાને લગ્નમાં આમંત્રણ આપવામાં આવે છે. ભરાડીની બાજુમાં સ્ત્રીઓ ગીતો ગાય છે.

## ગોત્રેજ (ભરાડી)




∴ આ ટપકાં એ પૂર્વજોને આમંત્રણ આપી બેસાડેલ હોય છે.



ઘરની અંદરની ભીંત ઉપર ભરાડી દોરવામાં આવે છે.

માહેત:-

જુદી જુદી જાતનું ખાવાનું બનાવી ખાખરાના પાન ઉપર ભરાડી આગળ મૂકે છે. (આ અનુભવી વડીલ મૂકે છે ) આ ખાવા બનાવેલ ભરાડી આગળ મુકી રહ્યા બાદ તે ગામના જુદા જુદા ગોત્રોના આગેવાનો આપી દે છે. (આમાં ચોખા, ઘી, ખાંડ, અડદની દાળ વગેરે હોય છે.)

મેંદી માંડવો:

વાના પુરા થાય બાદ લાડા અને લાડીને ઘેર લાડાને અને કન્યાને હાથે અને પગે મેંદી લગાડે છે. જે દરરોજ હળદર દેતી હોય તે માવરેન જ મેંદી લગાડે. સવારે પાંચ વાગે મેંદી મુકવામાં આવે છે.

"મેંદી દે રે લાડલા
પીળીને પાંજરો......"

ગોતરડો:-

બે જણ ધોતીયાને ઉપર પકડી તેની નીચે એક ખુલ્લી તલવારવાળો એક પુરુષ રહે છે. બાજુમાં એક ખાલી ઘડો અને ઘડા ઉપર ખાલી લોટો મુકી એક વ્યક્તિ સાથે ચાલે છે. ઘડાને 'ચીર' (રંગીન મોતીની માળા) બાંધે છે. ઢોલ વાગે, સ્ત્રી-પુરુષો સાથે જાય છે ગીતો ગાતા જાય છે.

"ગોતરડો ભરવા જાઇએ,
લોહડી જોવા જાઇએ......"

તેઓ ગાતા ગાતા નદી ... ... પૂગી જાય છે. ઘડો ઉપાડનાર સ્ત્રી પોતાની પાસેથી ખાલી ઘડો ઉતારો નહી ત્યારે ... લાડીનો બાપ કહે કે તને ગાય, ભેંસ, કે બકરું આપીશું ત્યારે તે ઘડો ઉતારે છે. અને એ નદીમાંથી પાણી ભરે છે. લોટો પણ ભરી લે છે. સ્ત્રી પુરુષો અહીં નાચે અને ગીત ગાય છે. પાણી ભરીને ઘેર જાય, ઘરની અંદર ભીંત આગળ ખૂણામાં મૂકે છે. જ્યાં લાડો કે લાડી બેસતા હોય.

માંડવો રોપે:-

માંડવો રોપવા માટે જુદા જુદા ઝાડોના લાકડા લાવવામાં આવે છે. જેમાં હલેડા (સાલેડા) ના પાંચ લાકડા લાવે, લાકડા લેવા જતી વખતે ઢોલ વગાડતા જાય છે. લાકડા લેવા જનારને એક શીશો દારુ ઝાડ આગળ ધાર ... છે. લાકડા આવ્યા પછી માંડવો રોપવાનો હોય ત્યાં એક શીશો દારુની ધાર દેવામાં આવે છે. ઘરના આગળના ચોકમાં એક લાકડું ઉભું ખોસવામાં આવે છે. ઉભા ખોસેલ લાકડાને આંબાના પાન, એક પૈસો લાલ નાડાસડી, ચોખા વગેરેની નાની પોટલી બાંધી લાકડા સાથે બાંધવામાં આવે છે. ચાર લાકડા તેની ફરતે ગોઠવવામાં આવે છે. આની ઉપર ટોપલી ઢાંકી રાખવામાં આવે છે.

ગામના લોકોને આમંત્રણ આપવા હળદરવાળા ચોખા ... કરીને દરેકને ઘેર નાખી આવે છે"

નોતરા (થાળી માંડવી) લાડાવાળાને ઘેર)

માંડવાની ખૂંટી રોપેલ હોય ત્યાં સ્ત્રી-પુરુષો બેસે છે. ત્યાં લાડો ખોબો ભરીને બેસી રહે તેના આંગળામાં એક રુપીયો તેનો ભાઇ ખોસે છે. ખુટા આગળ બેસી રહે, ગામના અને સગા, વારાફરતી ચાંલ્લો કરવા આવે છે. ચાંલ્લામાં રૂપિયા પાંચ, પચાસ કે સો



રુપીયા જેવું ચંબધી તે રીતેલાડાને પૈસા આપે છે.

ચાંલ્લાની વિધિ પુરી થયા બાદ ધોતિયામાં પૈસા લઇ ગણે છે. તે પૈસા કોરા ઘડામાં મુકી દે છે. જે ચાંલ્લો કરવા આવે તેને એકતુમડી (તુમડામાંથી બનાવેલ) ડોયા જેવું સાધન) દારુ આપવામાં આવે છે. અને એક એક છાપો હળદરનો કપડા ઉપરમારે છે.

મામેરું:-

માંડવા આગળ જ બેઠા હોય તે જ સમયે મામા પક્ષવાળા વરના બાપને, કાકાને, મોટાભાઇને ધોતીયુ ને પાંઘડી પહેરાવે છે. લાડીની આઇ(મા) ને ચુંદડી, કોસળી, ભાભીને કાકીને પણ આપે છે. આ બધાં કપડાં લાડાના બાપના મોટાભાઇની વહુ આ કપડા સુપડામાં હળદરથી વધાવે છે. જેને ઓઢાડવામાં આવે તે સ્ત્રીઓ પણ વધાવે છે. કપડા આપી રહયા બાદ મામા પક્ષના સ્ત્રી પુરુષો પોતાના સંબંધીઓને ખભા ભેગા કરીને મળે છે. આ પુરુ થયા બાદ સગાવહાલા અને ગામના લોકોને પાડો, બકરું કે ડોબુ (ભેંસ) કાપીને ખવરાવે છે.

જાન:-

લાડાને 'ભરાડી' આગળ લઇ જઇ પટેલ પાઘડી બંધાવે છે. કપડા પહેરાવે માંડ બંધાવે પછી લાડાને ઘરના ઝાંપે ઉભો રાખી લાડાની આઇ (બા) થાળીમાં દીવો, હળદર, કંકુ, ચોખા લઇ થાળીને આરતી જેમ મોં આગળ (લાડાના) એક આંટો મરાવે છે. પછી ચાંલ્લો કરે છે.

ઉઘલાવે:

જાન અહીંથી ચાલવા માંડે, ગામના સીમાડે જઇ લાડાને દારુ પાય, જાનવાળા

સ્ત્રી પુરુષો દારુ પીવે. સાથેલગભગ ૫૦ થી ૧૦૦ માણસો જાય. દરેક પોતાના ઘેરથી રોટલા લઇ જાય છે. જાનની સાથે ઢોલ, કુંડી, સરણાઇ વાળા જાય છે. રસ્તે વગાડતા વગાડતા અને ગીતો ગાતા જાય છે. વરને દાગીના પહેરાવેલા હોય છે. હાથમાં તલવાર માથે પાઘડી બાંધેલ હોય છે. રસ્તામાં ચાલતા ચાલતા અમુક અંતરે ઉભા રહે છે. અને ઢોલ વગાડતા સ્ત્રી પુરુષો ફરતા નાચે છે. નાચવામાં આગળની હારમાં પુરુષો અને અંદરની હારમાં સ્ત્રીઓ હોય છે. સાથે હળદરવાળું કપડું અને નાનો હળદરથી રંગેલ [illegible] છે. જ્યાં નાચે ત્યાં કપડુંપાથરી પાટલો મુકી ઉપર લાડાને બેસાડે છે. જાન ચાલતી જાય છે. અહીના ભીલોમાં કોઇ પણ સંજોગોમાં બે ભાઇ હોય તો પણ બંન્નેની જાન સાથે જઇ શકતી નથી. તેમજ એક જાન જતી હોય અને બીજી જાન સામે મળે તો બન્ને જાન વાળાઓમાં લડાઇ થાય છે. દરેક જાનવાળા પોતાની સાથે તીર, કામઠું તલવાર ધારિયુ વગેરે લઇ જાય છે.

લાડીના ગામમાં જઇ તેના ઘરથી થોડેક દૂર એક ઝાડ નીચે બધા ઉતરે છે. ત્યા લાડીના ગામમાં ૧૦ કે ૧૫ વડીલો મળવા અને વાતો કરવા આવે છે. તેઓ પાણીના બેડા સાથે લાવે છે જાનમાં આવેલ દરેકને પાણી પીવડાવે છે. પછી જાનવાળા તે માટલામાં આઠ આના નાખે છે. પાણી લાવનાર તે પૈસા લઇ લે છે. વડીલો મળીને ગયા બાદ લાડી-વાળાને ઘેર થી એક પાડો અને સાડાચાર મણ ધુલી આપે જેને લાડાવાળા ત્યા રાંધે છે.

લાડા પક્ષેથી પાંચ અનુભવી અને વડીલો બાડીનું દાપુ આપવા લાડીને ઘેર જાય છે. ત્યારે બાજુના ઘરમાં બેસાડી પૈસાને ખાંડણિયા પર મુકી બે-ત્રણ જણ ગણી લે છે. દાપુ આપી પાછા આવે છે. [illegible].

હળદર દેવા આવવું:-

લાડીની સેવા કરનાર છોકરી (માયરેન) અને બીજી બે-ત્રણ છોકરીઓ થાળીમાં ચોખા, હળદર લઇ દીવો કરીને લાડાવાળાને ઉતારે આવે છે. વર પક્ષની છોકરીઓને કન્યાપક્ષની છોકરીઓ હળદર ચોપડે છે. છોકરીઓને ધાપા મારે છે. માયરેનને વરપક્ષવાળા સવા પાંચ રુપીયા આપે છે. પછી તે છોકરીઓ માંડવે પાછી આવે છે.

કપડાં આપવા જવુ:-

વર પક્ષવાળા પાંચ જણ લાડીના કપડા લઇને જાય છે. ઘાઘરો, સેલેડું (સફેદ હળદરથી રંગેલ કપડું) કાંસળી, હાંસડી, હાથફુલ વગેરે ડબ્બામાં (પાંજરામાં) મુકીને લઇ જાય છે. જ્યાં લાડીનો માંડવો હોય ત્યા પાટલા ઉપર લઇ જનાર ઉભો રહે ત્યાં લાડીની માતા કપડાને ચાંલ્લો કરે, લાડીની ફોઇ અથવા બેન વધાવે, પછી એ લઇ લે છે. કપડા આપવા આવનાર નીકળવા જાય ત્યારે કન્યાપક્ષની છોકરીઓ હાથ વડે તેને માર મારે છે. ત્યારે ત્યાંથી નાસી ઉતારે આવતા રહે છે. સાંજે બધા જમી લે પછી રાત્રે નાચે છે. ગીતો ગાય છે. રાત્રે ત્રણેક વાગે ભાંજગડિયો કહેવા આવે કે ચાલો લગ્ન કરવા.

જાન ગાતી ગાતી માંડવે જાય છે માંડવા પાસે ઘરના ઝાંપે જાન ઉભી રહે સામસામા પક્ષે ગીતો ગાય. આ વખતે ગામનો કોટવાળ આંબાના પાનના તોરણ લાવીને કોટવાળ લાડાને વધાવે છે.

લાડાને માંડવા આગળ લઇ જઇ પાટલા ઉપર ઉભો રાખે (માંડવાની ખુટીઓ પાસે) લાડીની આઇ ફેટો લઇને આવે તે લાડાના ગળામાં નાખી ખેંચે જો લાડાનો પગ ખાટલા ઉપરથી ઉતરી જાય તો પાંચ રુપીયા દંડ સાસુને આપવા પડે, પછી લાડાની સામે

લાડીનો બનેવી વાડીને તેડી લાવે છે અને બેસાડે છે. બનેવી બન્નેના છેડા બાંધી દે છે. અને ત્યાર બાદ લાડીનો બનેવી બન્નેને સાત ફેરા ફેરવે છે. પ્રથમવાર ફેરામાં લાડો આગળ અને બાકીના ત્રણ ફેરામાં લાડીને આગળ રાખે છે. દરેક ફેરો પૂરો થાય ત્યાર બાદ થોડીક વાર ઉભા રાખે છે. અને હાથમાં ચોખા આપી નીચે નંખાવે છે. ફેરા ફરતી વખતે લાડી રડે છે. તે વખતે સ્ત્રી-પુરુષો નાચે છે અને ગીતો ગાય છે, ઢોલ બગાડે છે.

<u>ઉકેડી ખોળવા જવું:</u>

લગ્ન વિધિ પુરી થયા બાદ ત્યાંથી ઉકેડી ખોળવા વર વહુને લઇ જાય છે. ઉકેડીમાં પ્રથમથી જ એક જગ્યાએ એક શીશો દારુ, આંબાના પાન પોટલીમાં ચાર આના, લાડીનું તીર વગેરે એક જગ્યાએ દાટવામાં આવે છે. ઉકેડી આગળ બન્નેને ઉભા રાખી કહે છે કે શીશો શોધી કાઢો. ત્યારબાદ લાડો લાડી બન્ને સાથે હાથ નાખે છે. આમ સાત વાર વસ્તુઓ બહાર કઢાવે છે. પછી લાડો પરણીને પોતાના ઉતારે જાય છે. વહેલી સવારે જાન કન્યાને લીધા વિના લાડાને ઘેર પાછી જતી રહે છે.

બીજા દિવસે કન્યાપક્ષેથી ૧૦ જેટલા માણસો લાડીને મૂકવા જાય છે સાથે માવરેન પણ જાય છે.

લાડાને ઘેર ગયા બાદ બન્નેના છેડા બાંધી 'ભરાડી' આગળ બેસાડવામાં આવે છે. પછી ઉકેડી ખોળવાનો વિધિ અહીં પણ કરવામાં આવે છે. ત્યાર બાદ પ્રથમ લાડીની પાસે વાસીદુ કઢાવે છે. લાડી ઢોર બંધાતા હોય ત્યાંથી સાત વખત વાસીદુ વાળી ઉકેડે નાખી આવે છે. પછી પાણી ભરવા લાડીને મોકલે. પાણી ભરીને ભરાડી આગળ મુકવામાં આવે છે. ત્યારબાદ મહેમાનોને માટે બકરો કાપે અને ચોખા રાંધી ખવડાવે છે. ગામના આગેવાનોને



પણ ખવડાવે છે. પછી લાડા લાડીને સાથે બારણા પાસે ઉભા રાખીને તેમને સગાસંબંધીઓ મા, ભાઇ-બેન, મા-બાપ, કાકા-કાકી, લાડાના ભાઇને પગે પડે છે. એકબીજાને મળે છે. નણંદ, દિયર, ખભા મિલાવે છે. સ્ત્રી પણ ખભા મીલાવે છે. મોટો પુરુષ જાય ત્યારે લાડી પગે પડે છે. ખોળો પાથરે છે તે વખતે કાકા, બાપના છોકરાઓ લાડીને ગાય કે બકરુ આપે અને બીજા સંબંધીઓ સવા રુપીયો આપે છે. તે જ દિવસે સાંજે લાડી પોતાના માણસો સાથે પોતાના પિયર જતી રહે છે. લાડીનો ભાઇ તેના ઘેરથી કાચી થુલી લાવ્યો હોય તે પાછી લઇજાય છે.

લાડીના ગયા બાદ બીજે દિવસે લાડા સાથે પાંચ માણસો લાડીને લેવા જાય છે. ત્યાં લાડીવાળા બકરું, વગેરે ખવડાવે છે. દારુ પીવડાવે છે, જ્યારે ખાવા બેસે ત્યારે લાડો પ્રથમ ખાય નહિ. ખાધા વિવાય બેસી રહે જ્યારે લાડાનો બાપ કહે કે ગાય આપીશું ત્યારે ખાય છે. લાડાની પાસે લાડીના ઘરના માંડવાની ખૂંટી ઉખડાવે છે. લાડી બાબા હાથેખૂંટી ઉખાડે છે ન ઉપાડે તો લાડા પાસેથી એક બેડુ દારુ અથવા પાંચ રુપીયા લેવામાં આવે છે. ખુટી ઉપાડ્યા બાદ લાડો પાછળ જોયા વિવાય ચાલવા માંડે છે તેની પાછળ લાડી અને બીજા સાથીદારો ચાલવા માંડે છે.

વરપક્ષના ઘેર લાડી આવે ત્યારે તેની પાસે પણ માંડવાની ખૂંટી ઉખેડાવે છે. અને પછી ખાવા બેસાડે ત્યારે લાડી પણ પ્રથમ ખાય નહિ જ્યારે તેની સાસુ ગાય આપે ત્યારે ખાય છે. બન્ને જણ ભરાડી આગળ પથારીમાં એક માસ સુધી સુવે છે.

આ રીતે માતા-પિતા દ્વારા ગોઠવેલ લગ્ન વિધિસર રીતે કરવામાં આવે છે.

જે લગ્ન માતા પિતા દ્વારા ગોઠવવામાં આવતા નથી તેમાં સ્વપસંદગીનું ધોરણ વધુ છે. તે ઉપરાંત અનેક કારણો સંકળાયેલ હોય છે. જેમાં ખાસ કરીને આર્થિક કારણ મહત્વનું છે. કારણ કે ભીલોમાં કન્યા લાવવી મુશ્કેલ છે. લગ્નમાં ખર્ચ વધુ થતું હોવાને લીધે જેની આર્થિક સ્થિતિ સારી ન હોય તેને દેવું તો કરવું જ પડે. છતાં દેવું પણ ન કરી શકાય તેમ હોય તો શું ? કારણ કે લગ્ન એ સામાજિક પ્રતિષ્ઠા છે. તેમજ લગ્ન કરવું આવશ્યક માનવામાં આવે છે. તો તેને માટેનો એક જ રસ્તો તો વિધિસરના લગ્નમાં પણ જોવા મળે છે. જેમાં રોકડ પૈસા ન હોય તો દહેજમાં કન્યા લાવવા ઢોર આપે છે. એટલે કે કન્યાના પિતાને કન્યાના મૂલ્યમાં રોકડના બદલે વસ્તુના રુપમાં ઢોરની કિંમત નક્કી કરીને આપવામાં આવે છે અને તેને બદલે કન્યા લાવવામાં આવે છે. આ નિયમ ભીલોમાં લગ્નના રીતરિવાજો સાથે જ જોડાયેલ છે. જે તેમની વિધિમાં 'ડગરાં ખંડવાં' એટલે ડગરાં (ઢોર) ખંડીવાળી પૈસાના બદલે ઢોર લાવવા. પણ જે વ્યકિતની આર્થિક સ્થિતિ સારી ન હોય ઢોર પણ તેની પાસે ન હોય તો શું ? તો તેવા સંજોગોમાં કન્યા લાવવાના અનેક બીજા રસ્તાઓ જે તે સમાજ શોધી કાઢે છે. તેમ ભીલ સમાજમાં પણ આ રીતે કન્યા લાવવામાં આવે છે. જેવી કે—

(૨) <u>પસંદગીના લગ્ન:</u>

પસંદગીના લગ્નમાં બન્નેની ઇચ્છા હોય બન્નેને એક બીજા પ્રત્યે પ્રેમ હોય તો બન્ને નાસી જાય છે. આમાં એક કારણ તો એ છે કે ભીલોમાં એક જ ગોત્રમાં લગ્ન થઇ શકતા નથી અને એક ગોત્રના બન્ને વ્યકિતઓમાં પ્રેમ થાય તો તેવા સંજોગોમાં નાસી જાય છે.



(૩) <u>બળપૂર્વકનું લગ્ન:</u>

આ પ્રકારના લગ્ન પાછળ આર્થિક સ્થિતિનું સ્પષ્ટ દર્શન થાય છે. તે સિવાય બહાદુરી અને સામાજિક પ્રતિષ્ઠા ગણે છે. કારણકે આ લગ્નમાં સ્ત્રીની ઇચ્છા હોય કે ન હોય પણ બળજબરીપૂર્વક તેને ઉપાડી લાવવામાં આવે છે. એટલે કે ખેંચી લાવે છે. જેને ભીલોની બોલીમાં 'ગીહી જવું' કહે છે. આ સમયે ૧૦ થી ૧૫ માણસો ગીહી જવા જાય છે. પાછળથી કોઇ વખત ભયંકર મારામારી પણ થાય છે. છતાં બળપૂર્વક સ્ત્રીને ખેંચી લાવે છે. અને પોતાના ઘેર લાવી લગ્ન થાય છે. આ રીતે આજે પણ લગ્નો કરે છે. આ લગ્ન અપહરણ લગ્ન જ છે જેમાં કન્યાનું બળપૂર્વક હરણ કરવામાં આવે છે.

(૪) <u>હઠ લગ્ન (ઉદાળ કહે છે)</u>

અહીંના ભીલોમાં પુરુષની ઇચ્છા ન હોય અને છોકરીને છોકરો પસંદ હોય કે પછી પહેલા પ્રેમ હોય અને છોકરો લગ્ન કરવાની ના પાડે તો તેવા સંજોગોમાં નાસીપાસ થયેલ કન્યા પુરુષની કે પુરષના માતાપિતાની ઇચ્છા ન હોય છતાં પોતાની પસંદગીના છોકરાને ઘેર જઇને બેસી જાય છે. તેને મારવામાં આવે કાઢી મુકવા માટે તેટલા પ્રયત્નો કરવામાં આવે તો પણ તે સ્ત્રી જતી નથી. થોડાકસમય બાદ તે સ્ત્રીની સાથે જ તે છોકરાના લગ્ન કરે છે. કારણ કે સામાજિક પ્રતિષ્ઠા ખાતર પણ લગ્ન કરવા પડે છે. આવા લગ્નો માત્ર ભીલોમાં જ થાય છે તેવું નથી. ગુજરાતની બીજી આદિવાસી જાતિઓમાં જેવી કે, નાયકા, હળપતિ, વગેરેમાં પણ થાય છે. તે ઉપરાંત ભારતની ઘણી બધી આદિવાસી જાતિઓમાં આ પ્રકારના લગ્નો થાય છે જેમાં 'હો', 'મુન્ડા', 'ગોન્ડ' સાંથાલ, વગેરેનો સમાવેશ થાય છે.

(૫) ઘરજમાઇ પ્રથા:

આર્થિક સ્થિતિ જેમની બિલકુલ સારી ન હોય અને લગ્ન કરવામાં મુશ્કેલી પડે તેમ હોય ત્યારે તે છોકરો છોકરીના બાપને ત્યાં ઘરજમાઇ તરીકે જાય છે. દાપાના(દહેજના) દબલામાં કન્યાના પિતાને ત્યાં ખેતીનું કે મજૂરીનું કામ કરી દહેજના પૈસા વસુલ કરે છે. [illegible] ચાર [illegible] સુઓની મુદત પણ હોય છે. તો કેટલીક વખત ત્યાં જ ઘરજમાઇ તરીકે રહી જાય છે. આમાં એક એ પણ કારણ છે કે કન્યાના પિતાને એકેય છોકરો ન હોય કે છોકરાઓ નાના હોય, આર્થિક સ્થિતિ સારી હોય, જમીન પ્રમાણમાં વધુ હોય તેવા સંજોગોમાં ઘરજમાઇ લાવે છે. ઘરજમાઇ લાવવાથી જમીન સચવાય છે.

(૫) નાતરું (પુર્નલગ્ન)

કોઇ સ્ત્રી વિધવા થાય કે છૂટી કરવામાં આવે તો તેનું લગ્ન વિધિપૂર્વક બીજી વાર થતું નથી. પણ વિધૂરના ઘરમાં તે બેસે અથવા તો એક પત્ની હોય અને બીજી પત્ની તરીકે કોઇ પોતાના ઘરમાં બેસાડે છે. તે સ્ત્રી સાથે વિધિપૂર્વકના લગ્ન નહીં પણ નાતરું કરવામાં આવે છે. કુંવારા છોકરાઓનું લગ્ન વિધવા સાથે થતું નથી.

દિયરવટુ:

અહીંના ભીલોમાં ભાઇનું મૃત્યુ થાય તો નાનો ભાઇ ભાભી સાથે લગ્ન કરી શકે છે. પણ તેમાં ભાભી નાની હોય અને છોકરા વધારે ન હોય તો આ લગ્ન થાય છે. આમાં પણ લગ્નની વિધિ કરવામાં આવતી નથી. માત્ર ભાભી દિયરના ઘરમાં બેસે છે. ભીલોમાં પ્રથમ હકક દિયરનો છે, જેઠ સાથે લગ્ન નિષેધ છે.



સાળીવટુ:

પત્નીના મૃત્યુ બાદ પત્નીની નાની બહેન કુંવારી હોય તો તેની સાથે લગ્ન કરવામાં આવે છે. આ સિવાય કેટલીક વખત બીજી પત્ની તરીકે પણ પત્નીની બેનને લાવવામાં આવે છે.

આ રીતે ભીલોમાં સાળીવટુ અને દિયરવટુ બન્ને જોવા મળે છે.

ભીલોમાં લગ્નજીવન વધુ સુખી દેખાય છે. ઘરમાં બન્ને પ્રેમપૂર્વક સહકારથી જીવન જીવતા હોય છે. કારણ કે જો બન્નેને એકબીજા સાથે ન ફાવે તો લગ્નના થોડાક સમયમાં લગભગ છૂટા થઇ શકે છે. તો આ રીતે જ સાથે રહે છે. તેમાં પતિ પત્ની સુખી જીવન વ્યતિત કરે છે. ગમે તેવું કામ હોય તો પણ બન્ને સાથે મળીને કરે છે.

લગ્નક્ષેત્રની મર્યાદાઓ:

(૧) મામા-ફોઇના સંતાનોમાં લગ્ન નિષેધ:

મામા કે ફોઇના સંતાનો સાથે લગ્ન કરી શકાતું નથી. પણ તે સિવાય મામાના ગોત્રમાં પણ લગ્ન કરી શકાતું નથી એટલે મામાના ગોત્રમાં લગ્ન નિષેધ છે.

(૨) એક જ ગામમાં પણ બીજા ગોત્ર સાથે લગ્ન વ્યવહાર થઇ શકતો નથી.

(૩) વિધવા સ્ત્રી સાથે વિધિપૂર્વકના લગ્નનો નિષેધ છે.

(૪) કુવારો પુરુષ વિધવા સાથે [illegible] કરી શકે.

(૫) દિયરવટુ થાય છે, પણ સીનીયર લેવીરેટ (જેઠ સાથે) લગ્ન નિષેધ છે.

ભીલોમાં લગ્ન કરવાથી જાતિય સંબંધો નિયંત્રીત થાય છે. સ્વેચ્છાચારથી સ્ત્રી બીજા પુરુષ સાથે જાતિય સંબંધ બાંધીશકતી નથી. અને ખબર પડે તો મારામારી કે ખૂન થઇ જાય છે. સ્ત્રીને કાઢી પણ મૂકવામાં આવે છે. લગ્નોના સામાજિક રિવાજથી જે ખર્ચ આવે છે તેના કારણે તેઓ દેવાદાર બને છે. અને ચોરી જેવા ધંધા તરફ વળે છે. કારણકે જે વ્યકિતની પાસે દહેજના પૈસા ન હોય કે આપી શકે તેવી સ્થિતિમાં ન હોય તો શું કરે ? ચોરી કરી, ઢોર વગેરે લાવે, કે જમીન હોય તો તેના ઉપર પૈસા ઉપાડે જમીન વગરનો થઇ જાય. કારણ કે લગ્નમાં દાપાની રકમ આશરે ૧૫૦૦ આપવી પડે છે. આજે તો લગ્ન પાછળ લગભગ ૨૦૦૦ રુ. જેટલું ખર્ચ થાય છે. તેને કારણે શાહુકાર વેપારી પાસેથી પૈસા લાવે છે અને વધુમાં વધુ દેવાદાર બનતા જાય છે. દહેજની રકમ વધારે હોવાને કારણે છોકરાઓના લગ્ન મોટી ઉંમરે થાય છે. અને લીધે ઘણીવાર કુંવારા છોકરા-છોકરીઓ ખાનગીમાં જાતિય સંબંધ બાંધતા હોય છે.

### છૂટાછેડા:

અહીંના ભીલોમાં છૂટાછેડા સહેલાઇથી મળી શકે છે. જો સ્ત્રી બીજા પુરુષ સાથે જાતિય સંબંધ રાખે તો તેને કાઢી મૂકવામાં આવે છે અને તેના બદલામાં દહેજના પૈસાને વસુલ કરવામાં આવે છે. જયારે પરણિત પુરુષ કોઇ બીજી સ્ત્રી સાથે લઇને ભાગી જાય તો પણ તેઓ બન્ને છુટાછેડા મેળવી શકે છે. આમાં ગામના વડીલોને ભેગા કરીને ન્યાય કરાવે છે. બન્નેને યોગ્ય રીતે ન્યાય આપી છૂટા કરે છે. કેટલીક વાર કોઇ સ્ત્રીને બાળક ન હોય તો પણ કાઢી મુકવામાં આવે છે. અને બીજી પત્ની લાવે છે. એકબીજાને પસંદ ન હોય, સ્ત્રીને ખૂબ મારવામાં આવતી હોય, બન્નેને બીજી કોઇ અન્ય વ્યકિત સાથે પ્રેમ થાય કે જાતિય સંબંધ રાખે તેવા સંજોગોમાં વડીલો બન્ને પક્ષે આપવા



લેવાનું નકકી કરાવી બન્નેને છૂટા કરે છે.

### ભીલ સમાજમાં સ્ત્રીનું સ્થાન:

અહીંના ભીલોમાં સ્ત્રીએ મહત્વનું અને અગત્યનું અંગ મનાય છે. સ્ત્રીઓ લાવવામાં દાપાની રકમ વધારે હોવાથી સ્ત્રીનું મહત્વ કંઇક વધારે ગણી શકાય. પુરુષની માફક સ્ત્રી પણ લગ્નક્ષેત્રની પસંદગીમાં બરાબર ભાગ લઇ શકે છે. લગ્ન બાદ પણ પુરુષ પસંદ ન પડે અથવા સંબંધો સારા ન રહે તો છૂટી થઇ શકે છે. સ્ત્રીઓ કેટલાક અંશે જાતિય સંબંધ બાંધવામાં પણ સ્વતંત્ર છે જે લગ્ન પહેલા ઇચ્છાનુસાર વ્યકિત સાથે જાતિય સંબંધ બાંધી શકે છે. લગ્ન બાદ ખાનગીમાં પણ ઇચ્છા થાય તો આવા જાતિય સંબંધો રાખી શકે છે.

સ્ત્રી પુરુષ કરતા જરાય ઉતરતી જોવામાં આવતી નથી. ખેતીનું કામ હોય કે મજૂરીનું હોય છતાંય પુરુષની સાથે રહીને બરાબર કામ કરે છે. ઘરનું કામ પણ પોતાની જાતે જ કરે છે તેમજ કેટલીક સ્ત્રીઓ પુરુષો કરતા પણ સારા જવાબો આપે છે. બહારગામ જતા પણ સ્ત્રી પુરુષો સાથે જ જાય છે. ઘરની જરુરીયાતની વસ્તુઓ ખરીદવા પણ સ્ત્રીઓ જાય છે.

### મૃત્યુ:

મૃત્યુ બાદ મરનારના ઘેર ગામના લોકો એકત્ર થાય છે. અને મરનારની શકિત હોય અને લાકડા મળે તો મૃતદેહને બાળે છે. અથવા તો તેને દાટે છે. મરી ગયેલાનો શોક ૪ થી ૫ દિવસ રાખવામાં આવે છે. જયારે નાની ઉંમરના બાળકોનોશોક ત્રણ દિવસ રાખવામાં આવે છે. મોટી ઉંમરના માણસના મૃત્યુ બાદ પાંચમા દિવસે "નાના ભાટા" કરે છે. જેમાં નાના છોકરાઓને ખવડાવે છે. અને તે પછી જયારે પૈસાની

સગવડ થતાં ચાર છ માસે કે એક કે બે વર્ષે તેનું બારમું કરે છે. જયારેબારમું કરે ત્યારે જ માથા ઉપરથી અને મૂછના વાળ ઉતરાવે છે જેને 'પાસણા' કે 'કાતરીયા' કહે છે. જયા સુધી બારમુ ન થાય ત્યાં સુધી કોઇ પણ સગો બહાર આવે તો મરનારને યાદ કરીને રડવામાં આવે છે.

કાચટું:

કાચટું કુટુંબમાં બે ચાર માણસો મરી ગયાં હોય તે બધાનું ભેગું કરવામાં આવે છે. કાચટુ કરાવવા માટે રાવળ આવે છે. રાવળ દરેક ગોત્રના જુદા જુદા હોય છે. કાચટામાં વાસ નાખનાર એક કુવારો છોકરો હોય છે. તે ત્રણ દિવસ પહેલાથી બેસે છે. તે ત્રણ દિવસ સુધી વાંસ નાખે છે. મકાઇની ઘુલી, ચોખા, દૂધ વગેરે ત્રીજા દિવસે રાવળ અને બધાં કુટુંબીઓ આખી રાત જાગે અને ધૂણે. મોટુ માણસ મરી ગયું હોય તો તેનું નાળિયેર અને નાનુ મરી ગયેલ હોય તો તેની સોપારી મૂકે છે. પછી રાત્રે કુટુંબના માણસોમાં પણ કોઇને પૂર્વજ આવે તો તે પણ ધૂણે છે. તે પછી રાંધેલ ઘુલી નાળિયેર વગેરે રાવળ લઇ જાય છે, રાવળને બે કપડાં આપવામાંઆવે છે.

'ગાટલા મુકવા ( [illegible])

મૃત્યુ બાદ મુકાતા પાળીયાને 'ગાટલા'કહેવામાં આવે છે. આ ગાટલા દરેક પુરુષના નથી મુકાતા પણ મરી ગયા બાદ વ્યકિત ખતરી થાય છે. આ ખતરી જયારે ઘરના કોઇ કુવારાને આવે એટલે એ ધૂણવા માંડે અને કહે કે મારા ગાટલા મૂકો મને દારુની ધાર દો, બકરુ ચડાવો, આમ ધૂણીને કહે છે. ત્યારે જ તે વ્યકિતના



ગાટલા મુકવામાં આવે છે. આ ગાટલા ૫ ફુટ જેટલાં ઉંચા અને ફુટ જેટલા પહોળા પથ્થર-ના હોય છે. જેમાં ઘોડો અને સ્વાર તેમજ રક્ષકો દોરેલ હોય છે. તે સિવાય કેટલાકમાં મરનારનું નામ, સાલ અને મૂકનારનું નામ પણ લખવામાં આવે છે.

આ ગાટલા જયા બનાવતા હોય ત્યાં ગાડુ લઇને બડવા સાથે લેવા જાય છે. બડવાને ધોતિયુ આપવામાં આવે છે. સાથે નાળિયેર પણ લઇ જાય છે. પછી ગાટલા ગાડામાં મુકી ગાડુ ચાલવા પહેલા ચીથરું ઓઢાડે અને નાળિયેર વધારે છે. પછીગાડુ ચાલે. એવી માન્યતા છે કે ગામની હદ પુરી થાય પછી ખતરી ગાડાને જમીન સાથે ચોંટાડી દે પછી નાળિયેર ફોડે એટલે ગાડુ ચાલે.

ગાટલા ખેતરમાં કે સીમાડે મુકવામાં આવે છે. આ વખતે સગાં-વહાલા કપડાં આપે છે. ગાટલા મુકી ત્યાં બકરુ વધેરી અને દારુની ધાર દે છે. સગાવહાલા અને ગામના લોકોને જમાડે છે. આ ગાટલાની પુજા દર દિવાળી ઉપર કરે છે. જેમાં એક વર્ષ બકરું અને બીજા વર્ષે મરઘુ એમ ચડાવે છે. અને દારુની ધાર દેવામાં આવે છે.

આ સિવાય કોઇ વ્યકિતનું મૃત્યુ અકસ્માતમાં થાય એટલે કે સાપ કરડવાથી, જંગલી જાનવરના ખાઇ જવાથી, પડી જવાથી કે સુવાવડમાં સ્ત્રીનું મૃત્યુ થાય તો તેવા સંજોગોમાં એમ માનવામાં આવે છે કે તે ભૂત થાય. અને ઘરની વ્યકિતઓને હેરાન કરે. એટલા માટે આવી વ્યકિતના મૃત્યુ બાદ જયારે તેને બાળવા કે દાટવા લઇ જાય ત્યારે લાંબા રસ્તેથી ફેરવીને લઇ જાય છે. અને સાથે બધા જ ધાન્યો ભેગા કરી રસ્તામાં વેરતા વેરતા જાય છે. જેમકે મકાઇ, બંટી, જુવાર, બાજરી, કોદરા વગેરે. આ અનાજ ભેગા કરી વેરવાનું કારણ એ છે કે . [illegible]

મરનાર ... થાય તેને પાછુ ઘેર આવવું હોય તો આ વેરેલા અનાજોને વ્યવસ્થિત રીતે જુદી જુદી ઢગલીઓ કરવી પડે છે. જેથી આ બધા ભેગા અનાજને કારણે દાણા ભેગાં કરવા મુશ્કેલ છે અને સમય વધારે લાગે જેથી તે પ્રેતને પાછા ફરતા વધુ સમય લાગે અને ઘરના વ્યકિતને હેરાન કરે નહિ.

મૃત્યુ બાદની સ્થિતિ પૂરતી હિન્દુ તત્ત્વજ્ઞાનનું કોઇદર્શન જોવા મળતું નથી. પણ ભૂત, થાય, ખતરી જાય, કે અમને શું ખબર એવા જવાબો આપે છે. છતાં અહીંના ભીલોમાં પુર્નજન્મની માન્યતા છે તે સ્પષ્ટ દેખાઇ આવે છે. કારણ કે જે દિવસે મૃત્યુ થાય તે રાત્રે લોટ જમીન ઉપર પાથરી તેના ઉપર સુંડલો ઢાંકી આખી રાત મુકે છે. અને સવારે જોવામાં આવે છે. તો આ મુકેલા લોટમાં પગલાં કે જે નિશાન દેખાય છે તેના પરથી નકકી થાય છે કે મરનારનો જન્મ કઇ યોનિમાં થયો છે. આ બતાવે છે કે તેમનામાં પુર્નજન્મની માન્યતા છે.



## પ્રકરણ - ૧૦

### ધાર્મિક જીવન

ભીલ સમાજમાં ધર્મને બીજા પાસાથી અલગ તારવવો મુશ્કેલ છે. કારણ કે ધર્મ સામાજિક, આર્થિક, રાજકીય વગેરે પાસાઓ સાથે જોડાયેલ છે. જીવનના દરેક પાસાઓ સાથે ધર્મ ઓતપ્રોત બની ગયો છે. ધાર્મિક જીવન એટલે દેવ-દેવીઓ, ભૂત, ડાકણ, ખતરી વગેરેની પુજા, બલિદાનો, ધુણવું, માનતા, બાધાઓના રંગે રંગાયેલ છે. કોઇપણ ધાર્મિક તહેવાર, ઉત્સવ કે કોઇની માનતા ઉપર ગામમાં બધા કુટુંબો એક બની ભાગ લે છે. આ લોકોના ધર્મમાં મુખ્યત્વે અલૌકિક શકિત છે જેના તરફ ભયપ્રેરિત રીતે જોવે છે. દેવ-દેવીઓ પૂર્વજોની પુજા, બલિદાનો વગેરે આપવામાં ન આવે તો કયારે નુકશાન પહોંચાડે તે કહેવાય નહિ. આ સતત ભય જીવનમાં પરંપરાગત રીતે વારસામાં ઉતરતો હોવાથી દેવ-દેવીઓ પૂર્વજો અને આ બધી ... કરાવનાર બડવા તરફ કોઇ અંશે ભયથી પ્રેરાઇ તેની ઇજ્જત રાખે છે. પૂજા બલિદાન વગેરે આપી દેવને કાયમ ખુશ રાખે છે. આ સિવાય નાની સરખી બિમારી કોઇ રોગ દેખાય તો તુરત ધાર્મિક વિધિ કરી બલિદાનમાં બકરુ કે મરઘુ દેવને ચડાવે છે. એટલે આ ધર્મમાં આત્મવાદનું તત્વ વિશેષ છે કે જેમાં જડ, ચેતન, ઝાડ પશુ વગેરેમાં એક શકિત છે. જે સારુ અને ખોટુ કરી શકે છે એવું માને છે.

અત્યારે ભીલોના ધર્મમાં હિન્દુઓના ધર્મની એવી અસર છે કે જેમના જીવન વ્યવહારમાં કેટલીકવાર હિન્દુ જીવન વ્યવહાર કે હિન્દુના જ દેવ-દેવીઓને પોતાના

માની તેની પુજા કરે છે. અહીંના ભીલોમાં મુખ્ય ચાર તત્ત્વો છે.

૧. ભીલ હિન્દુ દેવ-દેવીઓને માને છે.

૨. મુખ્ય માણસનું મૃત્યુ થાય પછી અસ્તિત્વ રહે છે.

૩. કુદરતી વસ્તુઓ ડુંગર, જંગલ, ઝાડ વગેરેને લોહી અને દારુ ધરવામાં આવે છે.

૪. ડાકણ અને જાદુમાં માને છે.

ભીલોના વિસ્તારમાં કેટલાક નાના મંદિરો છે. જે મંદિર હિન્દુઓના પાકા અને મોટા મંદિર જેવા નહીં નહીં પણ કાચા અને નાની દેહરી જેવા. જેની બડવો પુજા કરતો હોય છે. જેમાં હનુમાન, અને હિન્દુ દેવ-દેવીઓનો સમાવેશ થાય છે. રામ, સીતા, કાગડા, શીવ વગેરે. આ દેવો તેઓ નાળિયેર, અગરબત્તી અને ધજા ચડાવે છે.

અહીંના ભીલો દેવો પાસે માગણી કરે છે પણ તેમાં બડવો જે દેવની બાધા આપે છે તેની જ રાખવામાં આવે છે અને બડવાના કહેવા પ્રમાણે જ એની પુજા વિધિ કરવામાં આવે છે. ગામમાં રોગ ફેલાય અને ઢોર મરતા હોય કે માણસો મરતા હોય તો તે સમયે 'ગૂંદરું' નામની વિધિ કરે છે.

'ગૂંદરું'
-----

સૌથી પ્રથમ બડવાને બોલાવવામાં આવે છે. બડવો કહે તે દેવને સ્થાને રવિવારે યા મંગળવારે સૌ ભેગા થાય છે. ત્યાં બડવો ધૂણે છે, ત્યાં આખી રાત ગામના ભીલો ઢોલ અને ડાંગલા વગાડી દેવોની પ્રાર્થના કરે છે. પ્રાર્થના



ચાલતી હોય અને આ પ્રસંગ ઉજવાય તે દરમ્યાન ગામમાં કોઇ દળતું કે ખાંડતુ નથી તેમજ વાસીદું પણ કાઢતુ નથી. જ્યારે બડવો ધુણીને ભોગ ધરાવે ત્યાર બાદ જ કામકાજ કરવામાં આવે છે.

ભોગ ધરાવવા માટે એક બકરી અને એક બકરો દેવની જગ્યાએ લાવે છે. આમાં જે ખર્ચ થાય તે ગામના સર્વ સરખે હિસ્સે વહેંચી લે છે. પ્રથમ બકરીનું માથુ કાપી તેના ઉપર લાલ ચુંદડી ઓઢાડે છે. એવી માનતા છે કે આ બકરીનું માથુ કાપ્યા બાદ બીજા ગામની સરહદ સુધી ચાલતી જાય છે અને ત્યાં જઇને મરી જાય છે. પછી તેની સાથે પુ[illegible] અને બડવો ધૂણતો ધૂણતો જાય છે. સરહદ ઉપરથી બકરીને પાછી મંદિરે લાવે. ત્યારબાદ બકરો કાપવામાં આવે છે. પછી મંદિર પાસે જ રાંધી હાજર રહેલ પુરુષો ખાય છે. (અહીં સ્ત્રીઓ આવતી નથી.)

ઘરના માણસો પણ ઘરની બાજુમાં બહાર ખાવાનું બનાવીને ખાય, પાનીયા અને દાળ, ઘરના ઝાંપે તોરણ બાંધે, ગૂંદરુ ઉઠયા બાદ જ કામકાજ કરવામાં આવે છે.

જાતર
-----

ગામમાંથી કોઇએ 'જાતર' માની હોય તે કરાવે છે. ચોમાસામાં મકાઇના ડોડા થવા બાદ ગામના લોકો ભેગા થાય. રાત્રે બડવો ધુણે. આખી રાત ગીતો ગાય. ભેગા થઇને સવારે બડવો ધૂણે. ધૂણ્યા બાદ દેવે જાય અને ત્યાં જઇ દૂધમાં મકાઇના દાણા નાખી ખીર બનાવે તેમાંથી પ્રથમ ભાણેજ હોય તેને આપવામાં આવે

પછી તે નિવેદ તરીકે દેવની આગળ મુકે. ત્યાર બાદ બકરાને દારુની ધાર દે એટલે બકરા ઉપર દારુ નાખે. બકરો ધ્રુજે ત્યારે તેને કાપવામાં આવે છે. કાપ્યા બાદ જેની જાતર હોય તેના ઘેર લાવી રાંધે છે. અને બધાને ખવડાવે છે. બડવાને બકરાનું માથુ અને પાઘડી આપવામાં આવે છે.

ડાળાં
----

જે વ્યકિતએ માનતા માની હોય તે આ કરે છે. કળજના ડાળા ઝાડ ઉપર ચડીને કાપે, અને નીચે નાખે. નીચે ઉભેલાં માણસો તે ડાળા પકડી લે. જમીન ઉપર પડે તો ડાળુ લેવામાં આવતુ નથી. ખેતરમાં જ્યાં નાચવાની જગ્યા હોય ત્યાં એક હારમાં સાત મજબુત અને મોટા ડાળા રોપવામાં આવે છે પછી સાતે ડાળા નીચે ઘીના દીવા મુકે (રોપતી વખતે ડાળા માટે ખાડા કર્યા હોય તેમાં ડાળુ રોપતા તે માટીથી ખાડો પુરતા નથી પણ મકાઇથી પુરે છે) દરેક ઝાડ નીચે દારુનું બેડુ મુકે પછી ઢોલ [illegible] ગાય, પુરુષો ઢોલ સાથે નાચે, પછી બડવો ધુણતા ધુણતા એક ડાળા ઉપર ચડે અને ત્યાંથી બીજા ત્રીજા એમ સાત ડાળા ઉપર જઇ નીચે ઉતરે (એક બાજુથી ચડી બીજી બાજુ ઉતરે છે, પછી પાડા કે બકરાનો ભોગ આપવામાં આવે છે. ભોગ ધરાવ્યા બાદ ત્યાં રાંધી સાથે ખાય, તે પછી ડાળા નદીમાં નાંખી આવે છે.

ધાર્મિક ઉત્સવોમાં દશેરા, દિવાળી, હોળી, અખાત્રીજને ઉજવવામાં આવે છે. તે સિવાય તેમના પોતાના પણ ધાર્મિક કેટલાક ઉત્સવો છે તે પણ ઉજવે છે.



દ શે રા
------

દશેરાના આગલા દિવસે સાંજે ગીતો ગાય છે. સવારે બડવાને ભાર ચડે (ધુણે) અને વર્ષ કેવું આવશે તે વિશેની આગાહી કરે છે. માતાના દેરે એક પાડો (ગામના દરેક કુટુંબનો ફાળો પૈસામાં હોય છે) લાવી તેના ઉપર દારુ છાંટે (ધાર દે) અને પાડો છુટો મુકવામાં આવે છે. જયારે પાડો ધ્રુજે ત્યારે તેને કાપવામાં આવે છે. ન ધ્રુજે તો ન કાપે પણ પાડાને ખતરી ધ્રુજાવે છે એવી માન્યતા છે.

દારુ સામાન્ય રીતે પાડાના મો અને શરીર ઉપર છાટવામાં આવે ના સ્વાભાવિક રીતે જ તેને કમકમાટો આવે અને ધ્રુજે જ. જે વ્યકિતના હક હોય તે કાપે છે. પછી પાડાનું લોહી દેવને ચડાવે છે અને ત્યાર બાદ તે લોહીના દરેકને ચાલ્લા કરવામાં આવે છે. ત્યાં જ ભાગ પાડીને દરેકને ઘેર આપી દે છે. પછી પોત પોતાને ઘેર સૌ જાય છે.

દિવાળીનો ઝાંપો
------------

દિવાળીના બે દિવસ પહેલાં કરવામાં આવે છે. (આવો ઝાપો ફળીયાવાળા કરે છે. રાત્રે બડવાઓ ગાવા બેસે છે. એક બડવો ધુણે તે બુમો પાડી જાહેર કરે 'આજે બાબાદેવનો ઝાંપો બેસવાનો છે' આખી રાત બેસે, ગાય, જયાં ઘરનો કે ફળિયાનો ઝાંપો હોય ત્યાં બડવો ધુણે અને દોરો લઇ ઘરના ઝાંપે બાંધે. ગાયો હાંકી લાવે, જે ગાય પહેલી હોય તેને વધાવે. તે સમયે મરઘીની ડોક તોડી નાખી દે છે. ઢોરના ગોવાળને એક નૈવેધ આપે. (ચોખા, ઘી, ખાંડ, કુલડીમાં દારુ અને એક મરઘુ) આ ઝાંપે એક વર્ષે મરઘુ અને બીજા વર્ષે બકરું ચડાવવાનો

રીવાજ છે. રોટલા સાથે બકરાનું કે મરઘાનું માંસ રાંધી ફળિયાવાળા ખાય છે.

## ગાટલાની પુજા (ખતરીની પુજા)

દિવાળી પહેલા કાળી ચૌદસે પૂર્વજોને રાજી કરવા સાંજે ઘરના પુરુષો મરઘુ અને દારુ લઇને ગાટલા મુકવા હોય ત્યાં જાય અને ત્યાં દિવો કરી દારુની ધાર દઇને મરઘુ વધેરે છે. આ ગાટલા આગળ એક વર્ષ મરઘુ તો બીજા વર્ષે બકરું વધેરવામાં આવે છે. તેને ઘેર લાવી રાંધીને ખાય છે.

## દિવાળી

દિવાળીના આગલા દિવસે ગામના લોકો પોતપોતાના ઢોરને નવડાવી તેને લાલ રંગથી રંગે છે. અને દિવાળીને દિવસે મરઘુ કે બકરું રાંધીને ખાય છે. પછી દરેક પોતાની ગાય અને બળદો લઇને જ્યાં બડવાઓ ધુણતા હોય ત્યાં જાય. બડવા ધુણતા ધુણતા સુઇ જાય તેની ઉપરથી ગામના ઢોરો વારંવાર લઇ જવામાં આવે છે. નીચે બડવા મોં નીચું કરી સૂઇ રહે છે. તેમને કોઇ પણ જાતની ઇજા થતી નથી. પછી બડવાને ગામનો પટેલ પાઘડી બંધાવે છે. ત્યારબાદ એકત્ર થયેલ લોકો એક-બીજાને મળે છે.

## નવાજો (નિવેદ)

દરેક કુટુંબમાં આ ધાર્મિક ક્રિયા ઉજવવામાં આવે છે. જ્યારે મકાઇ થાય ત્યારે ઘરની એક વ્યકિત એવી હોય છે કે મકાઇને મોંમાં મુકતી નથી કે



ચાખતી નથી. પણ જ્યારે મકાઇ પાકયા બાદ સાત મકાઇના ડોડા, [illegible] દેવને ચડાવે છે. મકાઇની દુધમાં ખીર રાંધે છે તે બધુ દેવને ચડાવી આવે પછી ભાણેજને પ્રથમ ખવડાવવામાં આવે છે. પછી ઘરના ખાય છે. આ વિધિ પૂરી થયા પછી જ ઘરની વ્યકિત નવી મકાઇ ખાય છે.

## આમલી અગિયારસ (ફાગણ સુદ અગિયારસ)

આ દિવસે અગિયારસ આવે તેને આમલી અગિયારસ કહે છે. તે દિવસે આખો દિવસ ભૂખ્યા રહે છે. દારુ પી શકાય. સાંજના આમલીના ઝાડનું ડાળુ લાવી ઘર આગળ રોપી ગામમાં પાણીની લોટી અને સાત જાતના અનાજ હાથમાં લઇ ગળાની ચારે બાજુ સાતવાર ફરે છે. ફરતી વખતે અનાજ નાખે છે. અને પાણી રેડતા જાય છે. આ વિધિ પૂરી થયા બાદ ખાવાનું ખાય છે.

## હોળી

અહીંના ભીલોમાં બધા તહેવારોમાં હોળીના તહેવારનું વધારેમાં વધારે મહત્વ છે. હોળી પહેલા ૧૫ દિવસથી સાંજે હોળીનો ઢોલ વાગે. ગામના સ્ત્રી પુરુષો ભેગા થઇને મોડી રાત સુધી ગાય છે અને નાચે છે. (ઢોલ હોળીનો લગ્નનો અને લોકોને ભેગા કરવા જુદા જુદા હોય છે. હોળીનો ઢોલ મોટો હોય છે, લગ્નનો ઢોલ નાનો હોય છે.)

આ દિવસોમાં ગામના લોકો બહાર ગયા હોય તો, મજૂરીએ ગયા હોય તો પણ પોતાના ગામમાં પાછા આવી જાય છે. હોળીમાં દારુ પી નાચે છે. હોળીના

દિવસે સવારથી નાચ્યા કરે છે. સાંજે પટેલ હોળી સળગાવે છે. હોળીની ફરતા ઢોલ વગાડી સ્ત્રી-પુરુષો ગીત ગાય છે. અને નાચે છે.

## ગોળ ગધેડો

ભીલોમાં ઉજવાતા 'ગોળગધેડા'ને ઘણાં ખરા સમાજશાસ્ત્રના પુસ્તકોમાં 'પરીક્ષા લગ્ન' ના ઉદાહરણ તરીકે બતાવવામાં આવેલ છે. પણ આ ઉત્સવ દ્વારા આજે વર્તમાન સમયમાં લગ્ન કરવા માટે નહીં કે લગ્ન માટેની કોઇ પરીક્ષા પદ્ધતિ તરીકે નહીં. આ તો પરંપરા મુજબ ચાલતો આવતો રિવાજ છે જે મેળાના સ્વરૂપે ઉજવવામાં આવે છે. જે સમયે જુદા જુદા વિસ્તારમાંથી દૂર દૂરથી લોકો આવે છે, મળે છે અને આનંદ માણે છે. આ ઉત્સવમાં ભીલો જે વિધિ કરે છે તેમાં ભીલોની કન્યાઓ નહીં પણ પટેલીયા ભીલોની કન્યાઓ જ ચારે બાજુ ઉભી રહે છે. પણ તે દ્વારા લગ્ન થતુ નથી કે લગ્ન માટેની કસોટી કરવામાં આવતી નથી. કદાચ વર્ષો પહેલાં આવુ હોય તો તે વિશે કહી શકાય તેમ નથી. પણ આ વિધિ કરવા જતા પુરુષોમાં પરણિત પણ હોય છે અને તેઓ કેવળ બાધા કે માનતા રાખી હોય. તો જ આમાં ભાગ લઇ શકે છે.

આ ઉત્સવ હોળીના સાતમાં દિવસે ઉજવવામાં આવે છે. આ ઉત્સવ દરેક ગામમાં થતો નથી પણ કેટલાક વિસ્તારનાં કેટલાક ગામોમાં થાય છે. જેમ કે કઠવાડા બાજુ આવેલ કતવાર ગામમાં થાય છે. આ પ્રસંગે એક થાંભલો રોપી તેના ઉપર દોરી બાંધી લટકતી રાખે છે. આ થાંભલા ફરતી છોકરીઓ હાથમાં દંડા લઇને ઉભી રહે છે. ઢોલવાળા ઢોલ વગાડે. પુરુષો ચારે બાજુ હોય



આ થાંભલા ઉપર પરિણિત કે અપરિણિત કોઇપણ પુરુષ ચડી શકે છે. ગામનો કે બહારગામનો પુરુષ પણ આમાં ભાગ લઇ શકે છે. જેની ઇચ્છા થાય તે થાંભલા ઉપર ચડી શકે છે. કેટલાંકે માનતા રાખેલ હોય છે. જેને લીધે ચડે છે અને કેટલાક ચડી ગયા બાદ નીચેથી થેલીમાં ગોળ રાખી ઉપર ફેંકે તે થેલી પકડી ગોળ તે નીચે નાખે છે. જો થાંભલા ઉપર ચઢતા પડી જાય તો નીચે ઉભેલી છોકરીઓ તેને મારે છે. ચડતી વખતે પણ મારવામાં આવે છે. એટલે કે મારીને થાંભલા ઉપર ચડતો અટકાવવાનો પ્રયત્નો કરે છે. છતાં થાંભલા પર ચડી જાય છે. આ થાંભલાની ફરતે ઉભી રહેનાર છોકરીઓ જે થાંભલા ઉપર ચડનારને મારે છે તે મારવાનો હકક માત્ર તે જ ગામની સ્ત્રીઓને જ હોય છે. તેમાંય પટેલીયા ભીલ કે તડવી ભીલની છોકરીઓને હોય છે.

આ જ ગામની છોકરીઓને મારવાનો હકક હોવાને કારણે એમ લાગે છે કે જ્યારે આ વિધિ દ્વારા ખરેખર લગ્નો ભૂતકાળમાં થતા હોય તો અને આ વિધિ કસોટી લગ્ન માટે હોય તો આવી વિધિ કદાચ પહેલા દરેક ગામમાં અમુક વર્ષોને અંતરે થતી હશે. જેથી જે તે ગામની છોકરીઓ જ બહારના પુરુષો જે બહાદૂર હોય તેમની સાથે લગ્નથી જોડાતી હશે. પણ પછી ધીરે ધીરે સાંસ્કૃતિકરણની અસરને કારણે લગ્ન કસોટી લગ્નને બદલે માત્ર પરંપરાની બની ગઇ અને ધાર્મિક ઉત્સવ બની ગયો હોય અને અમૂક ગામોમાં તે ઉજવાય એવી પ્રથા પડી ગઇ હોય તેમ લાગે છે. આજે લગ્ન માટેની કોઇ કસોટી તરીકે આ ઉત્સવને માનવામાં આવતો નથી.

અખાત્રીજ

અખાત્રીજ એ જેમ બાનઆદિવાસી ખેડૂતો પોતાની ખેતીની શુભ શરૂઆત માટે ઉજવે છે તેમ અહીં ભીલો પણ અખાત્રીજને ઉજવે છે.

અખાત્રીજના આગલા દિવસે સાત છોકરા મળીને હળ હાંકે છે. તેમાં બે જણ હળને ખેંચે, એક જણ હળ પકડે, આ દરેક વ્યકિતના ખેતરમાં સાત કે પાંચ ચાસ પાડે. બીજા છોકરાઓ દરેક ઘેરથી ખાવાનું માગે છે, પછી હળને નદીમાં પધરાવી દેવામાં આવે છે.

અખાત્રીજના દિવસે ગામના છોકરા ખાખરીના ડાળા લઈને દરેક ઘરની આગળ જઈ ડાળાથી જમીન પર કુંડાળા કરે છે તે વખતે ઘરવાળા માણસો આ છોકરા પર કાદવ કીચડવાળું પાણી નાંખે છે, તે વખતે છોકરાઓનું ટોળુ બેસી જાય ઘરવાળા ખાવાનું આપે તે એક જણ ભેગુ કરતો જાય. પછી ડાળાને નદીમાં નાંખી દે છે. જેને રોટલા જ્યડવા હોય તેને રોટલામાં એક હોદીને રખીને ગમે તે રીતે ખવડાવી દેવામાં આવે છે.

આ ઉત્સવો ભીલો ઉજવે છે, ઘરમાં કોઈને શીતળા નીકળે તો પણ તેની વિધિ કરવામાં આવે છે. જેના ઘરમાં શીતળા નીકળે તેના ઘરના બારણા આગળની ભીંતે બે નાની નાની મૂર્તિઓ બનાવે છે.

ગોળ અને લોટનો ચોરસ બનાવી છોકરાને ખવડાવે છે. અને તે ઘેરથી બે માણસો ગામની સરહદ સુધી જાય છે. તેમાં એક માણસ પોતાના હાથમાં બે



ગાડવા તેની ઉપર સળગાવ્ય સિવાયનો દિવો, હાથમાં ધજા, તેની પાછળ બીજો માણસ હોય તેના હાથમાં સળગતો [illegible] લોબાન અને ધજા લઈ પાછળ ચાલે છે, અને સીમાડે મૂકી આવે છે.

આ રીતે ભીલો ધાર્મિક જીવનમાં હિન્દુ અને પોતાના તહેવારો અને દેવ - દેવીઓની પૂજા કરે છે. તેમ જ રોગચાળો કે ચેપી રોગ થાય તો તેના પ્રતિકાર રૂપે ધાર્મિક વિધિઓ કરે છે. જેથી દેવ કોપાયમાન થયા હોય તો ખુશ થાય અને રોગ દૂર કરે અને દુઃખમાંથી મુકત કરે.

આ સિવાય ભીલોનો ધર્મમાં જાદુ, મંત્ર, તંત્ર, ભુત-પ્રેત ડાકણની માન્યતાઓ એટલી ગુંથાઈ ગઈ છે કે તેને પણ ધર્મથી જુદી પાડવી મુશ્કેલ છે.

આવી શાકનઓ કુટુંબનો નાશ કરવા બાળક રૂપે અવતરે અને કુટુંબનો વિનાશ કરે એવી માન્યતા છે. આવા જન્મનાર બાળકને 'જામ' કહેવામાં આવે છે.

'જામ'

જયારે કોઈ સ્ત્રીને બાળક જન્મે તે કઢંગો કે ખોડખાપણવાળો હોય અથવા જન્મતાની સાથે હસવા માંડે, દાંત આવેલ હોય, આંખો ત્રાંસી હોય તો આવા બાળકને જામ કહે છે. આ અનિષ્ટ છે. ભૂત છે અને આ બાળક કુટુંબનો વિનાશ કરે છે તેમ તેઓ માને છે. આવું બાળક અવતરે ત્યારે તેની પ્રથમ જાણ દાયણને થાય છે. અને લાગે કે આ બાળક જામ છે તો એ બાળકના [illegible] વખાણ કરવા મંડી પડે છે અને બીજી બાજું કુટુંબીઓને જામની ખબર આપવામાં આવે છે.

આ સ્ત્રી, વખાણ કરતા કરતા એ ખુબ સુંદર છે, એ ખુબ રુપાળો છે, એના અંગો ખુબ સારા છે એવું કહયા કરે છે. જેથી તે જામને ખુશ કરવા માટે બીજી બાજુ સુવાવડી માતાની બાજુમાં બીજુ બાળક મળે તો એને લાવીને સૂવાડે છે અથવા નવરાવવાના બહાને બીજા ઘેર લઇ જાય છે અને તે વખતે કેટલાક પુરુષો આવે છે. તેમાં એક પુરુષ ખુલ્લી તલવાર સાથે હોય છે. સાથે એક ટોપલો લાવે છે. આ ટોપલામાં આ બાળકને મૂકી સ્મશાન તરફ જાય છે. સ્મશાને જાય તે પહેલા સ્મશાને પણ કેટલા વહેલા પહોંચી જાય છે અને સાત કે પાંચ ખાડા કરવામાં આવે છે. પછી આ ખાડાની નજીક આવતા ટોપલો ફેંકવામાં આવે છે. ટોપલો પડતાની સાથે જ તલવારવાળો પુરુષ બાળકના ચાર કકડા કરી જુદા જુદા ખાડામાં જુદા જુદા કકડા કરીને નાખે છે. આની પાછળના એવી માન્યતા છે કે જુદા જુદા ખાડામાં ન નાખે અને સાથે દાટવામાં આવે તો કકડા ભેગા થઇ ફરીથી માના ગર્ભમાં પાછા જતા રહે છે. ત્રણ દિવસ પછી તેને રિઝાવવાની વિધિ કરવામાં આવે છે.

આ બનાવ અત્યારે તો ભાગ્યે જ બને છે. કારણ કે કાનૂની રીતે ગુનો હોવાથી તેમજ હિન્દુ ધર્મની અસર, સંસ્કૃતિકરણ શિક્ષણ વગેરેને લીધે તેમજ માતા-પિતાને દુઃખ થતુ હોવાથી અટકાવે છે.

ડા ક ણ

ગુજરાતના દરેક આદિવાસીઓમાં ડાકણની માન્યતામાં માને છે. તેવી જ રીતે ભીલો પણ જીવતી સ્ત્રીને ડાકણ માને છે. આ સ્ત્રી મંત્ર-તંત્ર જાદુની જાણકાર હોય છે. ડાકણ જેને વળગે તે મરી જાય છે. એમ પણ માનવામાં આવે



છે કે ડાકણ રાત્રે ફરે અને માણસને ખાઇ જાય છે. ડાકણથી એકે એક સ્ત્રી પુરુષ ડરતા હોય છે. કોઇ સ્ત્રી ડાકણ હોય તો પણ કોઇ તેને ડાકણ કહેવાની હિંમત કરતા નથી. કારણ કે તે ખાઇ જાય. આ ડાકણ પોતાની વિદ્યા કુંવારી છોકરીઓને આપે છે. આ વિદ્યા લેનારે પોતાના પ્રિયત્તમનો ભોગ આપવો પડે છે. એ ભોગ આપે પછી જ તે ડાકણની વિદ્યા શીખી શકે છે.

આ ડાકણની જાણ બડવા દ્વારા કરવામાં આવે અને બધા ભેગા થઇ આ ડાકણને મારી નાખે છે. ડાકણને મારી નાખવી તે સામાજિક રીતે ભીલ સમાજમાં ગુનો બનતો નથી.

બ ડ વો (ભૂવો)

ભીલ સમાજમાં બડવાનું સ્થાન ધાર્મિક ક્ષેત્રે ખૂબ જ અગત્યનું છે. તે મંત્ર-તંત્રના જાણકાર અને લોકોના દુઃખ દૂર કરનાર છે. ગામમાં ગમે તે પ્રકારની મુશ્કેલી આવે વ્યકિતગત કે સામૂહિક, કોઇને તાવ આવે, રોગ થાય, ઢોર માંદુ પડે, દુધ ન આપે કે આખા ગામ પર રોગચાળો ફાટી નીકળે, લોકો મરવા માંડે તેવા સમયે આ બડવો બધાના દુઃખ દૂર કરવા દેવની માનતા કે બાધાઓ આપી લોકોને મદદ કરે છે. એટલે આ બડવાને સામાજિક ડૉકટર કહી શકાય. તેનું સ્થાન ગામમાં અગત્યનું હોય છે. ધાર્મિક વિધિ વિધાનો તેના સિવાય કોઇ કરી શકે નહીં. કોઇને ભૂત-પ્રેત ડાકણ વળગેલ હોય તો તેને પણ દૂર કરી માણસોને મુશ્કેલીમાંથી મુકત બનાવે છે. આમ ભીલ સમાજમાં બડવાનું સ્થાન અગત્યનું જોવા મળે છે.

## પ્રકરણ - ૧૧

## સારાંશ

આપણે અગાઉના પ્રકરણોમાં ઇટાવા અને મધાનીસર ગામની ૧૯૬૯ અને ૧૯૭૮ના વર્ષમાં તપાસ સમયે જે પરિસ્થિતિ હતી તેની વિગતવાર માહિતી જોઇ. ભીલ ગામોની તપાસમાંથી દાયકા દરમિયાન જે કાંઇ ફેરફાર થયા છે તે તપાસના નીચે પ્રમાણેની પરિસ્થિતિ જોવા મળી હતી. (તુલનાત્મક સ્થિતિ માટે જુઓ પરિશિષ્ટ - ૧ )

૧. ભીલોની આર્થિક સ્થિતિમાં કંઇ ખાસ ફેર પડયો નથી. તેમની આર્થિક દુર્દશા વધી છે. તેમની આવક અને વપરાશમાં વધારો નોંધાયો છે. પરંતુ આ વર્ષો દરમિયાન ઇટાવા ગામના લોકોની માથાદીઠ વાર્ષિક આવક ૧૯૬૯ માં રૂ.૧૨૧ હતી તે વધીને રૂ.૩૦૮ થઇ હતી, જ્યારે વપરાશ રૂ.૧૨૦ થી વધીને રૂ.૩૧૫ થઇ હતી. તેવી જ રીતે મધાનીસરના લોકોની આવક રૂ.૨૮૦ થી વધીને રૂ.૩૬૪ ની થઇ હતી અને વપરાશ રૂ.૨૪૮ થી વધીને રૂ.૩૫૮ થઇ હતી. ભાવ વધારાને ધ્યાનમાં લઇએ તો આવક અને વપરાશનો વધારો નજીવો ગણાવી શકાય. ૧૯૭૧-૭૨ ને આધારવર્ષ તરીકે લેતા બધી ચીજવસ્તુઓનો સામાન્ય ભાવાંક ૧૯૭૭-૭૮ માં રૂ.૧૮૨.૯ હતો. એ રીતે તેમની સ્થિતિમાં કશો ફેર થયો નથી. તેમનામાં ગરીબાઇનું પ્રમાણ વધેલું જોવા મળે છે.

૨. વસ્તી વધારાને લીધે જમીન પરનું ભારણ વધ્યું છે. ઇટાવા ગામનાં તપાસેલ કુટુંબો પાસે પહેલા કુટુંબદીઠ ૮.૦૭ એકર જમીન હતી. તે ઘટીને ૬.૦૬ એકર થઇ છે. એવી જ રીતે મધાનીસરમાં પણ કુટુંબદીઠ જમીનનું પ્રમાણ ૪.૦૬ એકરથી ઘટીને ૩.૦૮ એકર જેટલું થયું છે. આમ જમીનના પ્રમાણમાં ઘણો ઘટાડો થયો છે.

૩. પહેલાં કરતાં આ ગામમાં વધુમાં વધુ લોકો મજૂરી માટે બહારગામ જાય છે. બંને ગામમાં પહેલી તપાસ સમયે લગભગ ૪૦ ટકા લોકો મોસમી સ્થળાંતર કરતા હતાં. તેની જગ્યાએ આ પ્રમાણ વધીને ૭૦ ટકા થયું છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, તેમની પાસે જમીન; ઉપર બતાવ્યા પ્રમાણે હોવા છતાં ઉત્પાદકતા ઓછી હોવાથી આખુ વર્ષ જમીન પર આધાર રાખી શકતા નથી. આ સિવાય ગામમાં તેમજ આજુબાજુના વિસ્તારોમાં રોજગારીની તકો ઓછી છે. તેથી ગામ છોડી અન્ય વિસ્તારોમાં મજૂરી માટે જવાની ફરજ પડતી હોય છે.

૪. મધાનીસર ગામના લોકો તાજેતરમાં સદ્ગુરુ સેવા સંઘ દ્વારા ઉદ્વહન સિંચાઇની સવલત મળતા ખેતીમાં સુધારાઓ કર્યા છે. તેઓ ડીટ્સ તેમજ રાસાયણિક ખાતર વાપરતા થયા છે. સિંચાઇની સવલતને લીધે તેમની ખેતીમાં કંઇક અંશે પરિવર્તન આવ્યું છે. જયારે ઇટાવા ગામમાં સિંચાઇની સગવડના અભાવે ખેતી ક્ષેત્રે ખાસ કંઇ સુધારા જોવા મળતા નથી. આથી તેમને મોટે ભાગે મજૂરી પર જ વધુ આધાર રાખવો પડે છે. ગામમાં તેમજ આજુબાજુના ગામોમાં પણ પૂરતી મજૂરી ન મળતા ગામ બહાર



મજૂરી માટે જવું પડતુ હોય છે. પહેલી તપાસ સમયે ઇટાવા ગામ પાસેથી પસાર થતી કાળી નદી પર ઉદ્વહન સિંચાઇની યોજના હતી. પરંતુ હજી પણ આ યોજનાનો અમલ થયો નથી.

૫. ઇટાવામાં દાયકા દરમિયાન કુટુંબનું કદ વધ્યું છે. જયારે મધાનીસરમાં કુટુંબનું કદ ઘટયુ છે. પરંતુ બંને ગામોમાં સંયુકત કુટુંબોની સંખ્યા વધી છે.

૬. શિક્ષણની સ્થિતિ જોતાં જણાય છે કે તેમનામાં હજી પણ શિક્ષણ પ્રત્યેની રૂચિ જોવા મળતી નથી. ઘણી જ ઓછી સંખ્યામાં બાળકો ભણવા માટે જાય છે. અને જે કોઇ ભણવા જાય છે તેમાંથી ઘણાં જ ઓછા માંડ માંડ પ્રાથમિક શિક્ષણ પુરું કરે છે. ઇટાવા ગામમાં પહેલી તપાસ સમયે કુલ ૨ માણસો હતા તે વધીને ૧૦ થયા છે. જયારે મધાનીસરમાં આ સંખ્યા ૯ પરથી ૫૦ની થઇ છે. આમ મધાનીસરમાં શિક્ષણ ક્ષેત્રે સારો એવો ફેર-ફાર જોવા મળે છે. પરંતુ મોટે ભાગે શિક્ષણની બાબતમાં ભીલો પાછળ રહી ગયા છે. આજે પણ શિક્ષણની બાબતમાં ભીલને પૂછતા તે એમ જ કહે છે કે 'મારો છોકરો ભણશે તોયે ખાશે અને નહીં ભણે તોયે ખાશે.' ઇટાવા ગામની બાજુમાં કઠલા ગામમાં આશ્રમશાળા હોવા છતાં ગામના માત્ર બે જ બાળકો આશ્રમશાળામાં ભણે છે.

૭. ભીલોના આર્થિક માળખાને જોઇએ તો જણાય છે કે, પહેલાં પોતાની આવકનો થોડો ભાગ જંગલ પેદાશ અને જંગલ મજૂરીનો હતો. પરંતુ છેલ્લાં

કેટલાક વર્ષોથી જંગલો કાપવાનું કામ એટલું ઝડપથી વધ્યું છે કે જંગલ નીચે ગણાતા ઘણાં વિસ્તારોમાં ઝાડનું એક ઠુંઠું ખોળવું મુશ્કેલ થયું છે. આજે ગામના લોકોને બળતણ માટેના લાકડા મેળવવાની ઘણી મુશ્કેલી થઇ છે. આમ, બળતણના લાકડાનો પ્રશ્ન ઘણો જ જટીલ બન્યો છે. જંગલો કપાઇ જવાથી તેમનો આધાર ઘટતો જાય છે.

૮. દાયકા દરમ્યાન બંને ગામોમાં ગરિબાઇનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. પરંતુ મઘાનીસરની સ્થિતિ ઇટાવા કરતાં કંઇક અંશે ઠીક ગણાય. દાયકા પહેલાં અને આજે પણ ગરીબાઇના કારણે ભીલ લોકોમાં ગુનાઓનું પ્રમાણ વધ્યું છે. ગામમાંથી ઘણાં લોકો લૂંટફાટ અને અન્ય ... ની પ્રવૃત્તિઓમાં રોકાયેલા જોવા મળે છે. જ્યારે મઘાનીસર ગામમાં 'દસનામી' ધર્મનો પ્રચાર વધવાથી લોકો દસનામી પંથમાં જોડાયા છે અને તેને લીધે લોકોએ દારૂ અને માંસાહારનો ત્યાગ કર્યો છે. તેમની આર્થિક સ્થિતિ સુધરવા પાછળ આ એક અગત્યનું કારણ રહેલું છે. ૧૯૬૯ની તપાસ સમયે આ ગામમાં પણ ખૂબ જ પ્રમાણમાં દારૂ પીવાતો હતો. પરંતુ પુનઃતપાસના સમયે આ પ્રમાણ નજીવું છે. દારૂનું પ્રમાણ ઘટવાથી ખેતીમાં મૂડીરોકાણ વધ્યું છે. આમ આ એક સામાજિક પરિબળને લીધે પરિવર્તન આવેલું જોવા મળે છે.

૧૦. આર્થિક સ્થિતિ નબળી હોવાને લીધે આજે પણ તેમને નાણાં માટે વ્હોરાઓ અને વાંણિયાઓનો આશરો લેવો પડે છે. તેઓ દેવાદાર છે. પહેલાં મોટા ભાગનું દેવું શાહુકાર, વેપારીનું હતું. હવે દેવાના સાધનો અને હેતુઓના



માળખામાં મોટા ફેરફાર જોવા મળે છે. પંચમહાલ જિલ્લા સહકારી બેંકનું ધિરાણનું પ્રમાણ વધ્યું છે. સાથો સાથ સરકારની તગાવી અને લોનનું પ્રમાણ વધ્યું છે. હવે દેવું ઉત્પાદકીય હેતુઓ માટે પહેલા કરતાં વધુ થયેલું જોવા મળે છે. પરંતુ ઉત્પાદકીય હેતુઓ માટે લીધેલ રકમ સાચે જ ઉત્પાદકીય હેતુઓ માટે વપરાય છે કે બિનઉત્પાદકીય હેતુઓ પાછળ ખર્ચાઇ જાય છે તે કહેવું મુશ્કેલ છે. ઇટાવામાં દેવાનો મોટો હિસ્સો (૪૪ ટકા) ઘરખર્ચ માટેનો હતો. જ્યારે મઘાનીસર ગામમાં દેવાનો મોટો હિસ્સો (૬૭) ટકા) ચાલુ ખેતી ખર્ચ તેમજ ખેતીમાં મૂડીરોકાણ (કૂવા, પાળા બાંધવા કે ક્યારી બનાવવી) વગેરેનો હતો. હજુ આદિવાસી વિસ્તારમાં સહકારી માળખું વિકસ્યું નથી અને આદિવાસીઓ સહકારી મંડળી દ્વારા પોતાનો વ્યવહાર ઘણા ઓછા પ્રમાણમાં કરતા હોય છે.

૯. મઘાનીસર ગામમાં ઇટાવા ગામ કરતા નીચે જણાવેલ આર્થિક-સામાજિક પરિવર્તનને કારણે ગામ લોકોની આર્થિક સ્થિતિમાં ફેરફાર થયો છે.

૧) સિંચાઇની સગવડને લીધે પાકના માળખામાં પરિવર્તન આવ્યું. તેને પરિણામે ઉત્પાદકતા વધી અને આવક વધી.

૨) શિક્ષણનું પ્રમાણ વધ્યુ તેથી લોકોમાં જાગૃતિ આવી.

૩) 'દસનામી' પંથના પ્રચારને લીધે લોકોનું વ્યસન પાછળનું ખર્ચ ઘટયું અને ખેતી પાછળનું મૂડીરોકાણ વધ્યુ.

ઉપરની હકિકતો જોતા જણાય છે કે, છેલ્લા કેટલાક વર્ષોમાં તેમની આર્થિક સ્થિતિ સુધરી નથી.

પરંતુ આર્થિક કંગાલિયત વધી છે. જે કંઇ થોડો ઘણો લાભ થયો છે તે સમાજના અમૂક ગણ્યા ગાંઠયા માણસોને થયો છે. પરંતુ ગામમાં બેઠેલી છેલ્લી વ્યકિતના જીવન-ધોરણમાં કંઇ ખાસ ફેર પડ્યો નથી. આથી સૌ પ્રથમ તેની આર્થિક સ્થિતિ સુધારવા માટે થતી વિકાસ યોજનાઓનો લાભ તેમના સુધી પહોંચે તે માટે દરેક ક્ષેત્રે જરૂરી સુધારા થાય તે જોવાની જરૂર છે.

૦:૦:૦:૦:૦:૦:૦:૦



## પ રિ શિ ષ્ટ - ૧

### આર્થિક પરિસ્થિતિનો તુલનાત્મક કોઠો

| ક્રમ | વિગત | ઇટાવા (તા.દાહોદ) ૧૯૬૯ | ઇટાવા (તા.દાહોદ) ૧૯૭૯ | મઘાનીસર (તા.ઝાલોદ) ૧૯૬૯ | મઘાનીસર (તા.ઝાલોદ) ૧૯૭૯ |
|---|---|---|---|---|---|
| ૧. | કુલ કુટુંબો | ૨૯ | ૨૯ | ૩૪ | ૩૪ |
| ૨. | કુલ વસ્તી | ૨૩૦ | ૨૨૦ | ૧૮૨ | ૨૨૫ |
| ૩. | કુલ કામ કરનારાઓ | ૧૨૭ | ૧૪૭ | ૮૩ | ૧૪૨ |
| ૪. | કુટુંબદીઠ જમીન (એકરમાં) | ૮.૦૭ | ૬.૦૬ | ૪.૦૬ | ૩.૦૮ |
| ૫. | માથાદીઠ જમીન(એકરમાં) | ૧.૧૫ | ૧.૦૬ | ૧.૦૮ | ૧.૦૭ |
| ૬. | કુટુંબદીઠ કદ | ૭.૯ | ૭.૫ | ૫.૪ | ૬.૬ |
| ૭. | સંયુકત કુટુંબ | ૧૫ | ૨૨ | ૬ | ૨૦ |
| ૮. | વિભકત કુટુંબ | ૧૪ | ૭ | ૨૮ | ૧૪ |
| ૯. | કુલ વસ્તી શિક્ષિત | ૨ | ૧૦ | ૯ | ૫૦ |
| ૧૦. | કુટુંબદીઠ વાર્ષિક આવક | ૯૬૩ રૂ. | ૨૩૩૭ રૂ. | ૧૫૦૧ રૂ. | ૨૪૦૭ રૂ. |
| ૧૧. | માથાદીઠ આવક | રૂ. ૧૨૧ | ૩૦૮ | ૨૮૦ | ૩૬૪ |
| ૧૨. | કુટુંબદીઠ વાર્ષિક આવક | ૯૫૫ રૂ. | ૨૪૯૮ રૂ. | ૧૩૩૦ રૂ. | ૨૩૬૬ રૂ. |
| ૧૩. | માથાદીઠ વાર્ષિક આવક | ૧૨૦ રૂ. | ૩૧૫ રૂ. | ૨૪૮ રૂ. | ૩૫૮ રૂ. |
| ૧૪. | કુટુંબદીઠ અસ્કયામત | ૬૦૮૨ રૂ. | ૬૫૫૯ રૂ. | ૪૩૧૫ રૂ. | ૯૪૪૩ રૂ. |
| ૧૫. | કુલ દેવાદાર કુટુંબો | ૨૭ | ૨૪ | ૨૩ | ૨૫ |
| ૧૬. | કુટુંબદીઠ દેવું | ૨૫૫ રૂ. | ૩૬૦ રૂ. | ૫૪૬ રૂ. | ૪૬૩ રૂ. |
| ૧૭ | દેવાદાર કુટુંબદીઠ દેવું | ૨૭૩ રૂ. | ૪૩૫ રૂ. | ૮૦૭ રૂ. | ૬૨૯ રૂ. |

# ગુજરાત રાજ્યમાં ભીલની જિલ્લાવાર વસતિ (૧૯૭૧)

